
વર્ષઃ 03 અંકઃ 07

1-15 ઓક્ટોબર, 2022


નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## ભારતીયતાથી સમૃધ્ધ બનતું રાષ્ટ્રનું ગૌરવ

અમૃત યાત્રામાં પોતાનો સમૃધ્ધ વારસો અને વિકાસના નવા અધ્યાય સાથે સંસ્થાનવાદનાં પ્રતીકોને દૂર કરીને મન અને માનસની આઝાદીનું લક્ષ્ય.....


આઝાદીના નાયકોની
75 કહાનીઓ
स्वराज
આઝાદીનો અમૃત મહોત્સવ માત્ર નવ સંકલ્પ અને નવા વિચારોની સ્થાપનાનું જ પર્વ નથી, પણ એ નવી પેઢીને એવા નાયકો અંગે બતાવવાનો ઉત્સવ પણ છે, જેમણે આઝાદીની લડાઇમાં પોતાનું સર્વસ્વ ત્યજી દીધું. આઝાદીની લડાઇમાં પોતાનું પ્રદાન આપનારા 550થી વધુ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓનાં અદમ્ય સાહસની ગાથાઓને પુનઃજીવંત કરીને ગુમનામ નાયક-નાયિકાઓથી યુવા પેઢીને પરિચિત કરાવવાની પહેલ દૂરદર્શને "સ્વરાજઃ ભારત કે સ્વતંત્રતા સંગ્રામ કી સમગ્ર ગાથા" ધારાવાહિકનાં સ્વરૂપમાં કરી છે. અમૃત મહોત્સવના પરિપ્રેક્ષ્યમાં ધારાવાહિકનાં 75 એપિસોડ 75 હપ્તા સુધી પ્રસારિત કરવામાં આવી રહ્યા છે. 14 ઓગસ્ટથી તું પ્રસારણ શરૂ થયું છે.
नेशनल
પર
દર રવિવારે રાત્રે
9-10 કલાકે
આઝાદીનાં આંદોલનમાં ભાગ લેનારા નાયક-નાયિકાઓનાં પ્રયત્નોથી દેશની યુવા પેઢીને પરિચિત કરાવવાનો આ સુંદર પ્રયત્ન છે. મારો આગ્રહ છે કે તમે સમય કાઢીને જૂઓ અને બાળકોને પણ જરૂર બતાવો. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**

**વર્ષઃ 03 અંકઃ 07 | 1-15 ઓક્ટોબર, 2022**

**મુખ્ય સંપાદક**
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દુ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**



**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

# અંદરનાં પાને

## સંસ્થાનવાદના ઓછાયામાંથી બહાર આવતું ભારત



**કવર સ્ટોરી** | મન અને માનસની આઝાદીની આ અમૃત યાત્રા છે, જેમાં નવું ભારત હવે ગુલામીનાં પ્રતીકો-નીતિઓને ભૂંસીને નવી ઊર્જાનો સંચાર કરી રહ્યું છે. 14-25

**ભારત-બાંગલાદેશ વચ્ચેનાં મજબૂત સંબંધોનો વારસો**



**બાંગલાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાનો ભારત પ્રવાસ | 36-37**

**સ્વરાજ માટે જનમાનસમાં ક્રાંતિની મશાલ પ્રજ્વલિત કરનારા સ્વતંત્રતા સેનાની**



**આઝાદીના અમૃત મહોત્સવમાં રાષ્ટ્ર માટે સર્વસ્વ ત્યાગ કરનારા નાયકોની કહાની | 45-48**

**બાપુનાં સપનાને પૂરા કરવા માટે દેશ પ્રતિબધ્ધ**
ગાંધી જયંતી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિશેષ લેખ | 4-5

**સમાચાર સાર | 6-7**

**ભારતમાં ચિત્તાનું પુનર્વસન..**
જન્મદિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશને ભેટ | 8-10

**મિસાઈલ મેન**
વ્યક્તિત્વમાં વાંચો મિસાઈલ મેન ડો. અબ્દુલ કલામના કહાની | 11

**શિક્ષણ અને સુવિધાઓનો માર્ગ મોકળો..**
કેબિનેટની બેઠકમાં વિવિધ નિર્ણયો | 12-13

**ત્રીજાં મોટાં અર્થતંત્ર બનવાની દિશામાં ભારતની આગેકૂચ**
પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર ભારત | 26-30

**વિજ્ઞાન-ટેકનોલોજીથી ડેરી સેક્ટરનો ઝડપી વિકાસ**
વર્લ્ડ ડેરી સમિટમાં વડાપ્રધાનનું સંબોધન | 31

**સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશનઃ નવું ભારત, નવો પાયો**
કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન સંમેલનમાં વડાપ્રધાન મોદીનું સંબોધન | 32-33

**શિક્ષક જ સપના જોવાનું અને તેને સાકાર કરતાં શીખવાડે છે**
શિક્ષક દિવસ પર શિક્ષકો સાથે પીએમ મોદીનું સંબોધન | 34-35

**પીએમ મોદીએ કહ્યું- અનુભવ વહેંચવા માટે તૈયાર**
શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં પીએમનું સંબોધન | 38-39

**સ્વચ્છતા હવે દેશની જીવનશૈલીનો હિસ્સો**
સ્વચ્છ ભારત અભિયાને લોકોનો દ્રષ્ટિકોણ બદલ્યો | 40-42

**કોવિડ વિરુદ્ધ ભારતની લડાઈ વધુ મજબૂત**
કોવિડ સામેની લડાઈમાં ભારતની આગેકૂચ | 43-44

**પ્રકાશક અને મુદ્રકઃ** મનીષ દેસાઇ, મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** ઇન્ફિનિટી એડવર્ટાઇઝિંગ સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ, એફબીડી-વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી-ફરિદાબાદ બોર્ડર, એનએચ-1, ફરિદાબાદ-121003 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઈમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે..

**સાદર નમસ્કાર.!**

કર્તવ્ય પથ પર અડગ નવું ભારત સંસ્થાનવાદનાં ઓછાયામાંથી બહાર આવી રહ્યું છે. 15 ઓગસ્ટનાં રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પંચ પ્રણ'નું આહવાન કર્યું હતું. કેન્દ્ર સરકારની બદલાયેલી નીતિનાં પરિણામે જ વડાપ્રધાનનું દરેક આહવાન જન આંદોલન બની રહ્યું છે. ઇતિહાસ સાક્ષી છે કે ખાદીનો એક તાંતણો આઝાદીનાં આંદોલનની તાકાત બની ગયો હતો અને તેણે ગુલામીની બેડીઓને તોડી નાખી હતી. એ જ રીતે, અમૃત યાત્રામાં ભારત સંસ્થાનવાદનાં પ્રતીકો અને નીતિઓની ગુલામીમાંથી મુક્તિનાં માર્ગ પર નીકળી પડ્યું છે, જેની જરૂર છેલ્લાં સાત દાયકાથી અનુભવાતી હતી. હવે ખાદીનો એ જ તાંતણો ભારતની પ્રતિજ્ઞાને પૂરી કરવા, આત્મનિર્ભર ભારતનાં સપનાને પૂરું કરવાનો પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે. સાથે સાથે, ગુલામીનાં પ્રતીકોને દૂર કરીને નવું ભારત દેશની જનતાનાં મનમાં નવી ઊર્જાનો સંચાર કરીને નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે.

આમાંનું એક પ્રતીક છે કર્તવ્ય પથ. જે માત્ર ઇંટ-પથ્થરોનો રસ્તો નથી પણ ભારતની લોકશાહીનો ભૂતકાળ અને શાશ્વત આદર્શોનો જીવંત માર્ગ બની ગયો છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં વડાપ્રધાન મોદીએ પોતાની નીતિઓ અને કાર્યશૈલી દ્વારા ગુલામીનાં પ્રતીકોને મુક્ત કરવાનો જે પ્રયાસ શરૂ કર્યો હતો, તે હવે ગતિ પકડી રહ્યો છે. સત્તા હવે રાજ કરવાનું માધ્યમ નથી, પણ કર્તવ્ય બોધ સાથે સેવાનું સાધન બની ગયું છે, જે આ અંકની કવરસ્ટોરી બની છે. અમૃત યાત્રાના પ્રારંભિક વર્ષમાં જ ભારત માટે આનાથી મોટાં સકારાત્મક સમાચાર બીજાં કોઇ ન હોઇ શકે કે 200 વર્ષ સુધી જે બ્રિટિશરોએ ભારતે રાજ કર્યું તેને પાછળ છોડીને ભારત વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બની ગયું છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર અને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાનાં લક્ષ્યને સાકાર કરવાનો પ્રયાસ આ અંકનો સ્પેશયલ રિપોર્ટ છે. આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ એટલે કે બાપુની જન્મજયંતી પર વડાપ્રધાનનાં બ્લોગ પર આધારિત લેખ તથા સ્વચ્છતા હવે ભારતીયોની જીવનશૈલી બની છે તે આ અંકનું વિશેષ આકર્ષણ છે.

વ્યક્તિત્વ શ્રૃંખલામાં ડો. એપીજે અબ્દુલ કલામે આપેલી પ્રેરણા પર લેખ છે, તો અમૃત મહોત્સવની શ્રૃંખલામાં મહાનાયકોની પ્રેરક ગાથા સમાવવામાં આવી છે. વીતેલાં પખવાડિયામાં વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રને સમર્પિત વિકાસ યોજનાઓ અને દેશને પ્રગતિનો નવો માર્ગ દર્શાવતા કાર્યક્રમો પર આધારિત સમાચારો પણ આ અંકમાં સમાવવામાં આવ્યા છે.

આપના સૂચનો અમને મોકલતા રહેશો..

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

**સત્યેન્દ્ર પ્રકાશ**

# પ્રતિભાવ




## આગામી 25 વર્ષની અમૃત યાત્રાનો સાર રજૂ કરતી કવર સ્ટોરી

ભારતે આઝાદીનાં 75 વર્ષ પૂરાં કરી લીધાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 'પંચ પ્રણ'નો મંત્ર આપ્યો અને 2047 સુધી વિક્સિત ભારતનાં નિર્માણનો સંકલ્પ લીધો. આત્મનિર્ભર ભારતનાં સપનાને સાકાર કરવા માટે વડાપ્રધાન મોદીએ આગામી 25 વર્ષની અમૃત યાત્રાનાં વિઝન પર પ્રકાશ ફેંકતા મેગેઝીન ન્યૂ ઈન્ડિયા સમાચારના 1-15 સપ્ટેમ્બરની કવર સ્ટોરી સારી લાગી. વ્યક્તિત્વ શ્રૃંખલામાં ભારતીય સેનાના પરમવીર મેજર પરમેશ્વરનની વીર ગાથાને આ અંકમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' શ્રૃંખલામાં દેશભક્ત વી ઓ ચિદમ્બર પિલ્લાઈ, અર્જુનલાલ સેઠી, ભુપેન્દ્રનાથ દત્ત અને શરતચંદ્ર બોઝને વાંચવાનું ગમ્યું.

**ચન્દ્રકાન્ત પ્રધાન chandrakantapradhan2014@gmail.com**

## દેશનાં વિકાસ અને ઉત્થાનની જાણકારી

ન્યૂ ઈન્ડિયા સમાચાર અત્યંત માહિતીસભર પાક્ષિક છે. તેમાં દેશનાં વિકાસ અને ઉત્થાનના સમાચારોની સાથે સાથે યોજનાઓ અને વ્યવસ્થાઓ અંગે સુંદર માહિતી આપવામાં આવે છે. આ મેગેઝીનની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રફુલ જોષી**
**joshipraful62@gmail.com**

## ભારત અંગેની તમામ જાણકારી મળે છે

હું છેલ્લાં આઠ વર્ષથી અમેરિકામાં રહું છું. ન્યૂ ઈન્ડિયા સમાચારનાં માધ્યમથી ભારત, તેનાં સમૃધ્ધ વારસા અને સંસ્કૃતિ અંગે સતત સમાચાર મળતા રહે છે. શિક્ષક દિવસના પ્રસંગે આયુર્વેદ, પ્રાણાયમ, કર્મયોગથી માંડીને ભક્તિ યોગ સુધી, પ્રાચીન ભારતીય જ્ઞાન માર્ગમાં આપણું માર્ગદર્શન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર પ્રગટ કરવા માંગું છું.

**ડો. સગ્નિક બસુમલ્લિક**
**sagnik.basumallik@mail.wvu.edu**

## ખૂબ સરસ મેગેઝીન છે

હું નિયમિત રીતે ન્યૂ ઈન્ડિયા સમાચાર ડિજિટલ સ્વરૂપમાં વાંચું છું. તેમાં ભારતનાં વિકાસ, વર્તમાન પ્રવાહો, ઘટનાઓનું સચિત્ર અને સચોટ વર્ણન વાંચવા મળે છે. આ ખૂબ સરસ મેગેઝીન છે.

**-મદન બોરાણા**
**madanborana007@gmail.com**

## મેગેઝીનમાં સચોટ માહિતી વાંચવા મળે છે


મને ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક મારી ગ્રામ પંચાયત માટે જરૂરી માહિતી આપનારો લાગ્યો. આ મેગેઝીન લોકોને સરકારની યોજનાઓ અંગે સચોટ માહિતી આપે છે.

**સંદીપ થોરાત**
**thoratsandeep46@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઈમેલ: response-nis@pib.gov.in**

# “130 કરોડ ભારતીયો આજે એ સપનાઓને પૂરાં કરવા માટે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છે, જે બાપુએ દેશ માટે જોયા હતા”



**નરેન્દ્ર મોદી**
**વડાપ્રધાન**

> “બાપુએ ભવિષ્યનું આકલન કર્યું અને સ્થિતિઓને વ્યાપક સંદર્ભમાં સમજ્યા. તેઓ પોતાના સિધ્ધાંતો પ્રત્યે પોતાના અંતિમ શ્વાસ સુધી પ્રતિબદ્ધ રહ્યા.”

**અમૃત મહોત્સવનું વર્ષ 2022 એક બાજુ રાષ્ટ્ર માટે એવો પડાવ બનીને આવ્યું છે જે વારસા પર ગર્વ કરીને નવી પ્રેરણા આપી રહ્યું છે, જ્યાં ‘કર્તવ્ય બોધ’ની સાથે સાથે ‘કર્તવ્ય પથ’ પર આગળ વધવાનો સંદેશ પણ આપી રહ્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું જીવન નવા ભારતનાં સપનાને પૂરા કરવા માટે નવી ઊર્જા પ્રદાન કરે છે. ગાંધી જયંતી પ્રસંગે પ્રસ્તુત છે નમો એપનાં બ્લોગ સેક્શનમાં ગાંધીજી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વિચાર..**

બાપુ આજે પણ વિશ્વનાં એ લાખો કરોડો લોકો માટે આશાનું કિરણ છે જે સમાનતા, સન્માન, સમાવેશિતા અને સશક્તિકરણથી ભરપૂર જીવવા માંગે છે. એવા વિરલ લોકો હશે જેમણે માનવ સમાજ પર ગાંધીજી જેવી છાપ છોડી હોય. મહાત્મા ગાંધીએ ભારતને સાચા અર્થમાં સિધ્ધાંત અને વ્યવહારથી જોડ્યું હતું. સરદાર પટેલે સાચું જ કહ્યું હતું, ભારત વિવિધતાથી ભરેલો દેશ છે. આટલી વિવિધતા ધરાવતો કોઇ અન્ય દેશ ધરતી પર નથી. જો એવી કોઇ વ્યક્તિ હતી જેણે સંસ્થાનવાદ વિરુધ્ધ સંઘર્ષ માટે તમામ લોકોને ભેગાં કર્યા, જેણે લોકોને મતભેદોથી ઉપર ઉઠાવ્યા અને વિશ્વ મંચ પર ભારતનાં ગૌરવને પણ વધાર્યું તો તે માત્ર મહાત્મા ગાંધી જ હતા અને તેમણે તેની શરૂઆત ભારતથી નહીં પણ દક્ષિણ આફ્રિકાથી કરી હતી.

બાપુએ ભવિષ્યનું આકલન કર્યું અને સ્થિતિઓને વ્યાપક સંદર્ભમાં સમજ્યા. તેઓ પોતાના સિધ્ધાંતો પ્રત્યે પોતાના અંતિમ શ્વાસ સુધી પ્રતિબધ્ધ રહ્યા. 21મી સદીમાં પણ મહાત્મા ગાંધીના વિચાર એટલાં જ પ્રાસંગિક છે, જેટલાં એ સમયમાં હતા અને તેઓ એવી અનેક સમસ્યાઓનો ઉકેલ શોધી શકે છે જેનો સામનો આજે વિશ્વ કરી રહ્યો છે. એક એવા વિશ્વમાં જ્યાં આતંકવાદ, કટ્ટરપંથ, ઉગ્રવાદ અને વિચારહીન નફરત દેશ અને સમુદાયોને વિભાજીત કરતી હોય, ત્યાં શાંતિ અને અહિંસાનાં મહાત્મા ગાંધીના સ્પષ્ટ આહવાનમાં માનવતાએ એકજૂટ કરવાની શક્તિ છે. આવા યુગમાં જ્યાં અસમાનતા સ્વાભાવિક છે, બાપુનો સમાનતા અને સમાવેશી વિકાસનો સિધ્ધાંત વિકાસના અંતિમ છેડાં પર રહેતાં લાખો લોકો માટે સમૃધ્ધિનાં નવા યુગનો આરંભ કરે છે.

### કુદરતી સંસાધનો પર ગાંધીજીનો સંદેશ


તેમણે કુદરતી સંસાધનોનો ઉપયોગ કરતી વખતે સંયમ અને કરૂણા બંનેનું પાલન કરવાની સલાહ આપી હતી અને સ્વયં તેનું પાલન કરીને ઉદાહરણ પ્રસ્થાપિત કરતા નેતૃત્વ પ્રદાન કર્યું. તેઓ પોતાનું શૌચાલય જાતે જ સાફ કરતા હતા અને આસપાસના વાતાવરણની સ્વચ્છતા સુનિશ્ચિત કરતા હતા. તેઓ એ સુનિશ્ચિત કરતા હતા કે પાણીનો ઓછામાં ઓછો બગાડ થાય. અમદાવાદમાં તેમણે આ વાત પર ખાસ ભાર મૂક્યો કે સાબરમતીનાં પાણીમાં દૂષિત પાણી ન જાય.

### રચનાત્મક કાર્યક્રમ

મહાત્મા ગાંધી દ્વારા લિખિત નિષ્કર્ષ, સમગ્ર અને સંક્ષિપ્ત લેખે મારું ધ્યાન ખેંચ્યું હતું. 1941માં બાપુએ ‘રચનાત્મક કાર્યક્રમઃ ઉસકા અર્થ ઔર સ્થાન’ નામનો એક લેખ લખ્યો હતો, જેમાં

તેમણે 1945માં ફેરફાર પણ કર્યો હતો, જ્યારે સ્વતંત્રતા આંદોલન અંગે નવો ઉત્સાહ હતો. એ દસ્તાવેજમાં બાપુએ વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી જેમાં ગ્રામીણ વિકાસ, કૃષિ સશક્તિકરણ, સાફ સફાઈને પ્રોત્સાહન, ખાદીને પ્રોત્સાહન, મહિલાઓનું સશક્તિકરણ અને આર્થિક સમાનતા સહિત અનેક વિષય સામેલ હતા. હું મારા પ્રિય ભારતવાસીઓને અનુરોધ કરવા માંગું છું કે તેઓ ગાંધીજીના 'રચનાત્મક કાર્યક્રમ'ને વાંચે. તે ઓનલાઇન અને ઓફલાઇન ઉપલબ્ધ છે.

'રચનાત્મક કાર્યક્રમ'ના અનેક વિષયો આજે પણ પ્રાસંગિક છે અને ભારત સરકાર એવા અનેક મુદ્દાઓને પૂરા કરી રહી છે જેની ચર્ચા પુજ્ય બાપુએ સાત દાયકા પહેલાં કરી હતી, પણ હજુ સુધી



એ પૂરા નહોતા થયા. ગાંધીજીનાં વ્યક્તિત્વનાં સુંદર પરિમાણોમાં એક વાત એ હતી કે તેમણે દરેક ભારતીયને એ વાતની અનુભૂતિ કરાવી હતી કે તે ભારતની સ્વતંત્રતા માટે કામ કરી રહ્યા છે. તેમણે પ્રોફેસર, વકીલ, ચિકિત્સક, ખેડૂત, મજૂર, ઉદ્યોગ સાહસિક એમ તમામ લોકોમાં આત્મવિશ્વાસની ભાવના ભરી દીધી હતી, તેઓ જે પણ કરી રહ્યા છે તેનાંથી તેઓ ભારતનાં સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન આપી રહ્યા છે.

એ સંદર્ભમાં આવો, આજે આપણે એવા કામ કરીએ જેના અંગે આપણને લાગે છે કે ગાંધીજીનાં સપનાને પૂરાં કરવા માટે આપણે કરી શકીએ. અન્નનો બગાડ સંપૂર્ણ રીતે બંધ કરવા જેવી સાધારણ વાતથી માંડીને અહિંસા અને પોતીકાપણાની ભાવનાને અપનાવીને તેની શરૂઆત કરી શકાય તેમ છે. આવો, આપણે એ વાત પર વિચાર કરીએ કે કઈ રીતે આપણા કાર્યો ભાવિ પેઢીઓ માટે સ્વચ્છ અને હરિત વાતાવરણ બનાવવામાં યોગદાન આપી શકે છે. આશરે આઠ દાયકા પહેલાં જ્યારે પ્રદૂષણનું જોખમ એટલું નહોતું ત્યારે મહાત્મા ગાંધીએ સાઇકલ ચલાવવાનું શરૂ કર્યું હતું. જે લોકો એ સમયે અમદાવાદમાં હતા તેઓ એ વાતને યાદ કરે છે કે ગાંધીજી કઈ રીતે ગુજરાત વિદ્યાપીઠથી સાબરમતી આશ્રમ સાઇકલ પર જતા હતા.

વાસ્તવમાં, મેં વાંચ્યું છે કે ગાંધીજીનાં વિરોધ પ્રદર્શનોમાં એ ઘટનાનો પણ સમાવેશ થાય છે જ્યારે તેમણે દક્ષિણ આફ્રિકામાં એ કાયદાનો વિરોધ કર્યો જે લોકોનો સાઇકલનો ઉપયોગ કરતા રોકતો હતો. કાયદાનાં વ્યવસાયમાં સમૃધ્ધ ભાવિ હોવા છતાં જ્હોનિસબર્ગમાં આવવા જવા માટે ગાંધીજી સાઇકલનો ઉપયોગ કરતા હતા. એમ કહેવાય છે કે એક વાર જ્હોનિસબર્ગમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે ગાંધીજી સાઇકલ પર બેસીને સૌથી અસરગ્રસ્ત સ્થળે પહોંચ્યા અને રાહત કાર્યમાં જોડાઈ ગયા. શું આજે આપણે આ ભાવનાને અપનાવી શકીએ છીએ.? આ તહેવારોનો સમય છે અને સમગ્ર દેશમાં લોકો નવા કપડા, ભેટ, ખાવાની ચીજો અને અન્ય વસ્તુઓ ખરીદશે. આવું કરતી વખતે આપણે ગાંધીજીની એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ જે તેમણે આપણને તાવીજનાં રૂપમાં આપી હતી. આવો આપણે, એ વાત પર વિચાર કરીએ કે કઇ રીતે આપણાં કાર્યો અન્ય ભારતીયોનાં જીવનમાં સમૃધ્ધિનો દિવો પ્રજ્વલિત કરી શકે છે. પછી એ ખાદીની ચીજો હોય, કે ભેટ સોગાદની ચીજો હોય, ખાવા પીવાનો સામાન હોય. સ્વદેશી ચીજોને ખરીદીને આપણે આપણાં સાથી ભારતીયોને સારી જિંદગી જીવવામાં મદદ કરીશું. બની શકે કે આપણે તેમને ક્યારેય જોયા ન હોય અને બની શકે કે બાકીનાં જીવનમાં આપણે તેમને ક્યારેય ન મળી શકીએ. પણ બાપુને આપણાં પર ગર્વ હશે કે આપણે આપણા કાર્યોથી આપણાં સાથીઓને મદદ કરી રહ્યા છીએ.

### સ્વચ્છ ભારત અભિયાનથી બાપુને શ્રધ્ધાંજલિ


છેલ્લાં કેટલાંક વર્ષોમાં 'સ્વચ્છ ભારત અભિયાન' દ્વારા 130 કરોડ ભારતીયોએ મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલિ આપી છે. પ્રત્યેક ભારતીયની અથાગ મહેનતને કારણે આ અભિયાન આજે જીવંત જન આંદોલનમાં બદલાઈ ચૂક્યું છે, જેનાં પરિણામ પ્રશંસનીય છે. 'સ્વચ્છ ભારત અભિયાન' આત્મસન્માન અને સારા ભવિષ્ય સાથે સંકળાયેલું છે. આ એ કરોડો મહિલાઓનાં ભલાઈની વાત છે જેમને રોજ સવારે ખુલ્લામા શૌચ  કરતી વખતે મોં છુપાવવું પડતું હતું. આ સમસ્યા હવે ઇતિહાસની વાત બની ગઈ છે. સાફ-સફાઈનાં અભાવમાં જે બાળકો બિમારીઓનો ભોગ બનતા હતા તેમનાં માટે શૌચાલય વરદાન બન્યું છે.

આજે મોટાં ભાગનાં ભારતીયોને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળ્યું નહોતું. આપણને એ સમયે દેશ માટે જીવનનું બલિદાન આપવાની તક તો નહોતી મળી પણ આપણે હવે કોઇ પણ સંજોગોમાં દેશની સેવા કરવી જોઇએ અને એવાં ભારતનું નિર્માણ કરવા શક્ય એટલાં પ્રયત્નો કરવા જોઇએ જેનું સપનું આપણાં સ્વતંત્રતા સેનાનીઓએ જોયું હતું. આજે ગાંધીજીનાં સપનાને પૂરા કરવા માટેની ઉમદા તક આપણી પાસે છે. આપણે ઘણું બધું કર્યું છે અને મને પૂરો વિશ્વાસ છે કે આવનારા સમયમાં આપણે બીજું ઘણું બધું કરવામાં સફળ રહીશું. "વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે" એ બાપુનું સૌથી ગમતું ભજન હતું. તેનો અર્થ એ છે કે જેને બીજાના દુઃખોનો અહેસાસ હોય એ પવિત્ર આત્મા છે. આપણે 130 કરોડ ભારતીયો આજે એ સપનાને પૂરાં કરવા માટે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છીએ, જે બાપુએ દેશ માટે જોયાં અને જેનાં માટે તેમણે પોતાનાં જીવનનું બલિદાન આપ્યું હતું. ●

## સેમીકન્ડક્ટરના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા

# આઝાદ ભારતનાં ઈતિહાસમાં સૌથી મોટું કોર્પોરેટ રોકાણઃ અમદાવાદમાં સેમીકન્ડક્ટર ઉત્પાદનનું એકમ સ્થપાશે

સાત વર્ષ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ ઈન્ડિયાની પહેલ કરી ત્યારે લોકોને આશ્ચર્ય થતું હતું કે આ યાત્રા ક્યાં પહોંચશે, પણ સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયાથી શરૂ થયેલી આ યાત્રાનાં પરિણામે જ ભારતીય કંપનીઓ દર વર્ષે 80 અબજ એટલે કે આશરે 6 લાખ કરોડ રૂપિયાનાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ બનાવી રહી છે. હવે સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે 76,000 કરોડ રૂપિયાની મહત્વાકાંક્ષી ભારતીય સેમીકન્ડક્ટર મિશન (ISM)ની જાહેરાત કરી તો અનેક રાજ્યોએ આગળ વધીને તેમાં સહયોગી ભૂમિકા ભજવી છે. તેને કારણે દેશની ટોચની માઈનિંગ કંપની વેદાંતાએ તાઈવાનની કંપની ફોક્સકોન સાથે મળીને અમદાવાદમાં વિશાળ સેમીકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપી રહી છે. આ માટે બે કંપનીઓ અને ગુજરાત સરકારે કેન્દ્રીય માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં બે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત બંને કંપનીઓ ગુજરાતમાં સેમીકન્ડક્ટર પ્લાન્ટ લગાવવા રૂ.



1,54,000 કરોડનું રોકાણ કરશે. સ્વતંત્રતા પછીનું કદાચ આ સૌથી મોટું કોર્પોરેટ રોકાણ છે. સેમીકન્ડક્ટર પ્રોજેક્ટ સ્થાપિત કરીને અને ડિસ્પ્લે એફએબી મેન્યુફેક્ચરિંગ યુનિટ લગાવવાથી આશરે એક લાખ લોકોને રોજગારી મળવાની સંભાવના છે.

## યુવા સપનાને મળી પાંખો

# નવા યુનિકોર્ન બનાવવામાં ચીનથી આગળ ભારત



15 ઓગસ્ટ 2015નાં રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વાર સ્ટાર્ટઅપ ઈન્ડિયાનો ઉલ્લેખ કરીને ભારતના યુવાનોને સપનાની નવી મંઝીલ બતાવી હતી. 'સ્ટાર્ટઅપ' એવો શબ્દ હતો જે સામાન્ય ભારતીય માનસમાં પહેલાં ક્યારેય નહોતો. પણ ઈનોવેટિવ અભિગમ સાથે સારા ભવિષ્યનાં સપના જોઈ રહેલા યુવાનોને સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા નવી મંઝીલ મળી તો વિશ્વમાં ભારતને નવી ઓળખ મળી. સ્ટાર્ટઅપથી શરૂ થયેલી આ સફર હવે યુનિકોર્ન (એક અબજ ડોલરની કંપની) સુધી આગળ વધી રહી છે. તાજેતરમાં જ પ્રસિધ્ધ થયેલા હુરુન યુનિકોર્ન ગ્લોબલ ઈન્ડેક્સ 2022નાં અહેવાલ પ્રમાણે જાન્યુઆરીથી જુલાઈ 2022 દરમિયાન ભારતે વિશ્વનાં મેન્યુફેક્ચરિંગ પાવર હાઉસ ગણાતા ચીનને નવા યુનિકોર્ન બનાવવાનાં મુદ્દે પાછળ છોડી દીધું છે. આ છ માસમાં ભારતે 14 નવાં સ્ટાર્ટઅપ યુનિકોર્ન બનાવ્યા છે, તો ચીન માત્ર 11 યુનિકોર્ન જ બનાવી શક્યું છે. તો યુનિકોર્નની કુલ સંખ્યાનાં સંદર્ભમાં અમેરિકા અને ચીન બાદ ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે.

પૂર્વોત્તરમાં શાંતિ તરફ ડગ

## કેન્દ્ર-આસામ સરકાર સાથે 8 આદિવાસી જૂથો સાથે શાંતિ સમજૂતિ



ભારતના ઉપેક્ષિત રાજ્યો સાથે 'લુક એન્ડ એક્ટ ઈસ્ટ પોલિસી' સુધી છેલ્લાં આઠ વર્ષ પૂર્વોત્તર ભારત માટે પરિવર્તનકારી છે. કારણ કે આ આઠ વર્ષમાં પૂર્વોત્તર ભારતમાં શાંતિ સ્થપાઇ જેની વર્ષોથી રાહ જોવાતી હતી. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હોદ્દો સંભાળ્યા બાદ ફરી એક વાર અર્થતંત્ર, માળખાગત સુવિધાઓ, રોજગાર, ઉદ્યોગ અને સંસ્કૃતિ સાથે શાંતિ સ્થાપવામાં પૂર્વોત્તર ભારત તરફ નીતિ ઘડવૈયાઓનું ધ્યાન ગયું છે. 2019માં એનએલએફટી સમજૂતિ બાદ બોડો, બ્રૂ-રિયાંગ સમજૂતિ, કાર્બી વિવાદ ઉકેલ, આસામ-મેઘાલય સરહદ સમજૂતિ સાથે અફસ્પાનો દાયરો ઘટાડવાથી આ ક્ષેત્રમાં પુનઃ શાંતિ સર્જાઇ છે. આ શ્રૃંખલામાં આગળ વધતાં કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને આઠ આદિવાસી જૂથોએ 15 સપ્ટેમ્બરનાં રોજ ઐતિહાસિક સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને આસામના મુખ્યમંત્રી હિમંત વિસ્વા સરમાની હાજરીમાં થયેલી આ સમજૂતિ બાદ આસામમાં આદિવાસીઓ અને ચાના બગીચાઓનાં શ્રમિકોની દાયકા પુરાની સમસ્યાનો અંત આવશે. આ સમજૂતિ બાદ આસામનાં આદિવાસી જૂથોનાં 1182 કેડર શસ્ત્રો હેઠાં મૂકીને મુખ્ય પ્રવાહમાં જોડાઈ ગયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વોત્તરમાં શાંતિ અને સમૃધ્ધિ માટે ઉઠાવવામાં આવેલાં અનેક પગલાં પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કરતા 2014થી અત્યાર સુધી લગભગ 8,000 ઉગ્રવાદીઓ શસ્ત્રો હેઠાં મૂકીને સમાજનાં મુખ્ય પ્રવાહમાં સામેલ થયા છે.




'આઝાદી ક્વેસ્ટ' અને 'હીરોઝ ઓફ ભારત'

## ઓનલાઇન ગેમ રમીને જાણો ભારતના સ્વતંત્રતા સંગ્રામની કહાની

ઓનલાઈન ગેમિંગનાં સતત વધતા બજાર વચ્ચે બાળકો આઝાદીનાં નાયકો અંગે જાણી શકે, તેનાં માટે કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલયે આઝાદી ક્વેસ્ટ (Azadi Quest) મોબાઈલ ગેમ તરીકે નવી પહેલ કરી છે. આ અંતર્ગત 24 ઓગસ્ટનાં રોજ બે ઓનલાઇન ગેમ 'આઝાદી ક્વેસ્ટઃ મેચ 3 પઝલ' અને 'આઝાદી ક્વેસ્ટઃ હીરોઝ ઓફ ભારત' લોન્ચ કર્યા છે. તેનો હેતુ ભારતીય સ્વતંત્રતા સંગ્રામની કહાની લોકો સમક્ષ લાવવાનો છે. રમકડાં અને રમતનાં માધ્યમથી લોકોને પરસ્પર જોડવા, તેમનું મનોરંજન કરવા અને તેમને શિક્ષિત કરવા વડાપ્રધાન મોદીએ કરેલાં આહવાનથી પ્રેરિત આ પહેલ છે. 'આઝાદી ક્વેસ્ટ' અને 'હીરોઝ ઓફ ભારત' ગેમને ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. લોન્ચથી અત્યાર સુધી 20 સપ્ટેમ્બર સુધી તેને એક લાખથી વધુ ડાઉનલોડ કરવામાં આવી ચૂકી છે. આ ગેમ્સને ડાઉનલોડ કરવા માટે આઇઓએસ ફોન માટે https://apps.apple.com/us/ app/azadi-quest-match-3-puzzle/id1633367594 અને https:// apps.apple.com/us/app/heroes-of-bharat/id1634605427 પર જ્યારે એન્ડ્રોઇડ ફોન માટે https://play.google.com/store/apps/details?id=com.zynga.missionazaadi અને https://play.google. com/store/apps/details?id=com.zynga.heroes.of.bharat પર જાવ.

ઊર્જા સાથે હરિયાળીની ભેટ

## લોથલમાં નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે

અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ ઇ.સ. પૂર્વે 2400 વર્ષ જૂની સિંધુ ખીણ સંસ્કૃતિનાં મુખ્ય શહેરોમાંનું એક છે. પુરાતત્વ ખાતા દ્વારા ખોદકામ દરમિયાન અહીં 5000 વર્ષ પહેલાંનું માનવ નિર્મત ડોક-યાર્ડ મળી આવ્યું હતું. ભારતનાં સમૃધ્ધ અને વૈવિધ્યસભર દરિયાઇ વારસાને દર્શાવવા માટે કેન્દ્ર સરકાર લોથલમાં વિશ્વ સ્તરીય નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિક્સાવી રહી છે. તે પ્રાચીનથી માંડીને આધુનિક સમય સુધીની વિવિધ અને સમૃધ્ધ કળાકૃતિઓને એકત્ર કરવાનું કામ કરશે, જેથી લોકો આપણાં સમૃધ્ધ દરિયાઇ વારસાથી પરિચિત થાય અને તેમાંથી શીખે અને પ્રેરણા લે. એનએમએચસીમાં મેરિટાઇમ મ્યુઝીયમ, દરિયાઇ વારસા આધારિત થીમ પાર્ક, મેરિટાઇમ રિસર્ચ સંસ્થા, રિસોર્ટ અને હોટલ વગેરે હશે. રૂ. 3500 કરોડનાં ખર્ચે બનાવવામાં આવી રહેલા આ કોમ્પલેક્સનું શિલારોપણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત વિક્સાવવામાં આવી રહેલા આ કોમ્પલેક્સનાં પ્રથમ તબક્કાનું કામ માર્ચ 2024 સુધીમાં પૂરું કરવાની યોજના છે. ●



## સાત દાયકા બાદ જંગલમાં પ્રથમવાર ચિત્તા આવ્યા

# ભારતમાં ચિત્તાનું પુનર્વસન....

## પોતાનાં જન્મદિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશને ભેટ

**પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ સાથે ભારતનું ગૌરવ વધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક વૈશ્વિક મંચ પર પ્રતિબધ્ધતા દર્શાવી ચૂક્યા છે. વાઘની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય સમય પહેલાં હાંસલ કર્યા બાદ પીએમ મોદીએ આગામી પાંચ વર્ષ દરમિયાન દેશમાં 50 ચિત્તા સહિત મોટી બિલાડી (બીગ કેટ) પ્રજાતિઓનાં સંરક્ષણ અને સલામતીનું લક્ષ્ય સંબંધિત મંત્રાલય અને એજન્સીઓને આપ્યું છે. આ દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોને પગલે આશરે સાત દાયકા બાદ ભારતમાં પ્રથમ વાર એક સાથે આઠ ચિત્તા આવ્યા છે. માંસાહારી પ્રાણીનો આ વિશ્વનો પ્રથમ આંતર-ખંડીય સ્થળાંતર પ્રોજેક્ટ છે.....**

મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં 17 સપ્ટેમ્બરનાં રોજ નામીબિયાથી આઠ ચિત્તા આવતાં ભારત એક માત્ર એવો દેશ બન્યો છે જ્યાં હવે 'મોટી બિલાડી' (બિગ કેટ) પ્રજાતિનાં પાંચેય સભ્યો અસ્તિત્વમાં છે. નામીબિયાથી આ ચિત્તાઓને વિશેષ વિમાન દ્વારા ભારત લાવવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં જન્મદિવસે પાંજરાને ખોલીને તેમને છૂટ્ટા કર્યા. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, "માનવતા સામે આવા પ્રસંગો ખૂબ ઓછા આવે છે જ્યારે સમયનું ચક્ર આપણને ભૂતકાળને સુધારીને નવાં ભવિષ્યનું નિર્માણ કરવાની તક આપે છે. સદભાગ્યે આપણી સમક્ષ આજે આવી જ એક ક્ષણ છે. દાયકાઓ પહેલાં જૈવ

## આ રીતે ભારતમાં ચિત્તા વિલુપ્ત થયા

- ચિત્તા મોટી બિલાડી પ્રજાતિઓની સૌથી જૂની પ્રજાતિઓમાંની એક છે, જે ભારતમાં ઈસવિસન પૂર્વેથી હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે. ચિત્તાને પકડવાનો રેકોર્ડ 1550નાં દાયકાનો છે.
- પૂર્વજો દ્વારા ગાંધીસાગર અભયારણ્યના ચતુર્ભુજ નાળા અને રાયસેન જિલ્લાના ખરબઈમાં મળેલા શૈલ ચિત્રોમાં ચિત્તાના ચિત્ર જોવા મળ્યા છે.
- એવાં પણ લેખ વાંચવા મળ્યા છે જેમાં અંગ્રેજોએ વર્ષ 1871માં ચિત્તાને મારવા માટે ઇનામ જાહેર કર્યું હતું, જેને કારણે ચિત્તા સામેનું જોખમ વધી ગયું.
- ચિત્તા વિલુપ્ત થવાની અંતિમ સાબિતી છત્તીસગઢમાં 1947ની છે, જ્યારે અહીં બચેલા ત્રણ ચિત્તાનો શિકાર કરવામાં આવ્યો હતો.

### દરેક સ્તર પર વન્યજીવનનું સંરક્ષણ અને પુનર્વસન

- ભારતમાં વન્યજીવ (સંરક્ષણ) કાયદો, 1972માં વાઘ, હાથી, ગેંડા, સિંહ જેવા પ્રાણીને સંકટગ્રસ્ત પ્રજાતિઓ તરીકે નોટિફાય કરવામાં આવ્યા છે, જેમને સર્વોચ્ચ શ્રેણીની સલામતી પૂરી પાડવામાં આવી છે.
- વન્યજીવ ગુનેગારોને પકડવા અને તેમનાં પર કેસ કરવા માટે વન્યજીવ (સંરક્ષણ) કાયદો, 1972માં સીબીઆઇને અધિકાર આપવામાં આવ્યા છે.
- એક શીંગડાવાળા ગેંડાના ગેરકાયદેસર શિકારનાં જોખમ વિરુધ્ધ અને વસતિ દેખરેખ માટે રાઇનો ડીએનએ ઇન્ડેક્સિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. કાઝીરંગા નેશનલ પાર્કમાં સ્પેશ્યલ રાઇનો પ્રોટેક્શન ફોર્સ રચવામાં આવી છે.
- દેશમાં હમ્પબેક વ્હેલ, સ્નો લેપર્ડ, હંગુલ, સંગાઇ હરણ, દરિયાઇ કાચબો, બસ્ટાર્ડ, લાલ પાંડા, નિકોબાર મેગાપોડ, જેર્ડન કોરસર, કારાકલ અને ગીધ સહિત 22 ગંભીર રીતે વિલુપ્ત પ્રજાતિઓનાં સંરક્ષણ અને પુનર્વસનની યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર વિલુપ્ત થઈ રહેલી પ્રજાતિઓની પુનઃપ્રાપ્તિ માટે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને નાણાકીય મદદ કરે છે.
- ભારત વન્યજીવો અને વનસ્પતિઓની લુપ્ત થઈ રહેલી પ્રજાતિઓ અંગેનાં આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધિત કન્વેન્શન, દક્ષિણ એશિયન વન્યજીવ એન્ફોર્સમેન્ટ નેટવર્કનો હિસ્સો છે, જે વન્યજીવ ગુનાઓના નિયંત્રણ માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સંકલ કરે છે.
- કેન્દ્ર સરકાર રાજ્યોમાં વન્યજીવન પુનર્વસન અને સંરક્ષણ માટે સલામત વિસ્તારોના સંચાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટેકનોલોજીની મદદ અને નાણાકીય સહાય કરે છે.

> **“ એ કમનસીબી છે કે આપણે 1952માં દેશમાંથી ચિત્તાને વિલુપ્ત તો જાહેર કરી દીધા પણ તેમનાં પુનર્વસન માટે દાયકાઓ સુધી કોઇ પ્રયત્ન ન થયા. હવે કુનો નેશનલ પાર્કમાં જ્યારે ચિત્તા ફરીથી દોડશે ત્યારે અહીંની ઇકો-સિસ્ટમ પુનઃસ્થાપિત થશે, બાયો-ડાઇવર્સિટી વધશે. આગામી દિવસોમાં અહીં ઇકો-ટુરિઝ્મ પણ વધશે, અહીં વિકાસની નવી સંભાવનાઓ જન્મ લેશે, રોજગારીની તકો વધશે. ”**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વૈવિધ્યની જે સદીઓ જૂની કડી તૂટી ગઈ હતી, વિલુપ્ત થઈ ગઈ હતી, આજે તેને ફરીથી જોડવાની તક મળી છે. આજે ભારતની ધરતી પર ચિત્તા પાછા આવી ગયા છે. અને હું એમ પણ કહીશ કે આ ચિત્તાની સાથે જ ભારતની પ્રકૃતિ પ્રેમી ચેતના પણ સંપૂર્ણ તાકાતથી જાગૃત થઈ ઊઠી છે.” ઉલ્લેખનીય છે કે ભારતમાં ચિત્તા છેલ્લી વાર છત્તીસગઢમાં મૃત જોવા મળ્યા હતા અને 1952માં તેને સત્તાવાર રીતે વિલુપ્ત જાહેર કરવામાં આવ્યા હતા.

ચિત્તાનું પુનરાગમન ભારતનાં વન્ય જીવન અને વન્ય જીવોનાં આવાસને પુનર્જીવિત કરવા અને તેમાં વિવિધતા લાવવા અંગે વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવી રહેલા પ્રયત્નોનો હિસ્સો છે. નામીબિયા સાથે આ વર્ષનાં પ્રારંભમાં કરવામાં આવેલી સમજૂતિનાં ભાગ રૂપે આ આઠ ચિત્તાને ભારત લાવવામાં આવ્યા હતા. પ્રોજેક્ટ ચિત્તા અંતર્ગત ચિત્તાનું પુનર્વસન કરવામાં આવી રહ્યું છે. તેમને પ્રારંભમાં ક્વોરન્ટાઇન રાખવામાં આવશે અને પછી તેમની અવરજવર માટેનો વિસ્તાર વધારવામાં આવશે.

ચિત્તા ભારતમાં ખુલ્લા જંગલ અને ઘાસના મેદાનની ઈકોસિસ્ટમને સુધારવામાં મદદ કરશે. આ કાર્યક્રમ જૈવ વિવિધતાનાં સંરક્ષણમાં મદદ કરશે. તેનાંથી જળ સલામતી, કાર્બન એબ્સોર્પ્શન અને માટીનાં ભેજનું સંરક્ષણ જેવી ઈકોસિસ્ટમ પ્રક્રિયાને સારી બનાવવામાં મદદ મળશે. સમાજને તેનો મોટા પાયે લાભ મળશે. પર્યાવરણ વિકાસ



# કુનો નેશનલ પાર્ક

કુનો નેશનલ પાર્ક 748 સ્કવેર કિલોમીટરમાં ફેલાયેલું છે, જેનો બફર એરિયા 1235 સ્કવેર કિલોમીટર છે. વચ્ચે કુનો નદી વહે છે. અહીં ટેકરીઓ છે, જેમાં ઝડપી ઢાળ નથી. દક્ષિણ-પૂર્વ વિસ્તારની સરહદ પન્ના ટાઇગર રિઝર્વ સાથે સંકળાયેલી છે. બાજુમાં શિવપુરીનાં જંગલ છે. ચિત્તા પાસે કુલ 6800 સ્કવેર કિલોમીટરનો વિસ્તાર રહેશે. અહીંનું વાતાવરણ પણ ચિત્તાને અનુકુળ છે. અહીં ચિંકારા, જંગલી સુવર, ચિતળ, નીલ ગાય અને સાંબર જેવા વન્યજીવ રહે છે. અહીંથી અંતિમ વાઘને રણથંભોર મોકલી દીધા બાદ મોટા માંસાહારી પ્રાણીઓમાં દિપડા અને ઝરખ જ જોવા મળે છે.

## વિશ્વનાં 75 ટકા વાઘ ભારતમાં છે

| | | |
|---|---|---|
| **એશિયન સિંહ** | **2020** | **674** |
| **વાઘ** | **2018** | **2967** |
| **હાથી** | **2017** | **29,964** |

**ભારત વિશ્વમાં વાઘની સૌથી મોટી રેન્જ ધરાવે છે. અહીં તેની કુલ વૈશ્વિક વસતિનાં 75 ટકા વાઘ છે. વાઘ પ્રોજેક્ટમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન રૂ. 715 કરોડ ફાળવવામાં આવ્યા છે.**



**ગ્વાલિયર એરપોર્ટ પર વિશેષ વિમાનમાં ચિત્તા આવ્યા**



**એરફોર્સનાં ચિનુક હેલિકોપ્ટર દ્વારા તેમને કુનો નેશનલ પાર્ક લાવવામાં આવ્યા**




**સવારે આશરે 11 વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8માંથી ત્રણ ચિત્તાને વિશેષ વાડામાં છૂટા કર્યા**

અને પર્યાવરણ પર્યટન પ્રવૃત્તિઓ દ્વારા સ્થાનિક સમુદાય માટે આજીવિકાની તકોમાં વધારો થશે. આ ચિત્તા આવ્યા બાદ ભારત વિશ્વનો એક માત્ર દેશ બની ગયો છે, જ્યાં 'મોટી બિલાડી' પ્રજાતિના પાંચ સભ્યો-વાઘ, સિંહ, દીપડા, સ્નો લેપર્ડ અને ચિત્તાની હાજરી છે. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળની 19મી બેઠકમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે ભારતમાં ચિત્તાનાં પુનર્વસન માટેનાં એક્શન પ્લાનનું અનાવરણ કર્યું હતું.

### ભારતમાં ચિત્તાનાં પુનર્વસનનો પ્રયત્ન

ભારતીય વન્યજીવ સંસ્થાએ ભારતમાં ચિત્તાના પુનર્વસનની યોજના બનાવી હતી. સંસ્થાએ સાત વર્ષ પહેલાં ચિત્તાના સંરક્ષણનો કાર્યક્રમ બનાવ્યો, જેનાં માટે 260 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. ભારતમાં ચિત્તાને ફરીથી લાવવા માટે પર્યાવરણ મંત્રાલયે રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળની 19મી બેઠકમાં સંતુલિત કાર્યયોજના જારી કરી હતી, જેનાં અંતર્ગત આ ચિત્તાને ભારતમાં લાવવાની યોજના બનાવવામાં આવી હતી. 28 જાન્યુઆરી, 2020નાં રોજ સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ બાદ આફ્રિકી ચિત્તાનાં પુનર્વસન અંગે વાઇલ્ડલાઇફ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના ભૂતપુર્વ ડિરેક્ટર સહિત ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી, જેણે તેનાં અહેવાલમાં પ્રાયોગિક ધોરણે ચિત્તાના વસવાટ સ્થળોની માહિતી આપી હતી.

મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક, નૌરાદેહી વન્યજીવ અભયારણ્ય અને ગાંધી સાગર અભયારણ્ય અને રાજસ્થાનમાં ભૈંસોરગઢ વન્યજીવ પરિસર અને શાહગઢમાં કરવામાં આવેલા વૈજ્ઞાનિક પૃથક્કરણનાં આધારે પ્રારંભમાં કુનો નેશનલ પાર્કમાં ચિત્તાને છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળની બેઠકમાં આગામી પાંચ વર્ષમાં નામીબિયા અને દક્ષિણ આફ્રિકામાંથી 50 ચિત્તા લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. ●



# મિસાઇલ મેન

જન્મ: 15 ઓક્ટોબર, 1931 મૃત્યુ: 27 જુલાઇ, 2015

**તેઓ કહેતા હતા, નાનું લક્ષ્ય ગુનો છે, મોટું લક્ષ્ય હોવું જોઇએ. દેશમાં શાંતિની સ્થિતિ હોવી જરૂરી છે અને શાંતિની સ્થાપના શક્તિથી થાય છે. રામેશ્વરમના સાધારણ પરિવારમાં જન્મેલા ડો.અબ્દુલ કલામ પોતાના કર્મોથી દેવતા બની ગયા. તેમણે સપના જોયા અને બતાવ્યા પણ. સપના પૂરા કર્યા અને આપણને પ્રેરણા આપી કે આપણે પણ કરી શકીએ છીએ. તેમનાં જન્મદિવસે સમગ્ર દેશ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે.**

તામિલનાડુના ધનુષકોડીમાં 15 ઓક્ટોબર, 1931નાં રોજ મધ્યમવર્ગીય મુસ્લિમ પરિવારમાં એપીજે અબ્દુલ કલામનો જન્મ થયો. પિતા ઝૈનુલાબ્દીન વધુ ભણેલા ગણેલા નહોતા, કે નહોતા પૈસાદાર. અબ્દુલ કલામના પિતા માછીમારોને ભાડેથી હોડી આપતા હતા. પાંચ વર્ષની ઉંમરમાં રામેશ્વરમ પંચાયતની પ્રાથમિક શાળામાં તેમનો દીક્ષા-સંસ્કાર થયો હતો. તેમનાં શિક્ષક ઇયાદુરાઇ સોલોમને તેમને કહ્યું હતું કે જીવનમાં સફળતા તથા અનુકુળ પરિણામ પ્રાપ્ત કરવા માટે તીવ્ર ઇચ્છા, આસ્થા, અપેક્ષા એ ત્રણ શક્તિઓને સારી રીતે સમજી લેજે. પાંચમાં ધોરણમાં ભણતી વખતે તેમના શિક્ષક વિદ્યાર્થીઓને પક્ષી કઈ રીતે ઉડે છે તેનું વિજ્ઞાન સમજાવતા હતા. પણ વિદ્યાર્થીઓને કંઇ ન સમજાતાં તેઓ તેમને દરિયાકિનારે લઈ ગયા, જ્યાં ઉડતા પક્ષીઓને બતાવીને સમજાવ્યું. આ પક્ષીઓને જોઇને કલામે નક્કી કર્યું કે ભવિષ્યમાં એવિએશન સાયન્સનો જ અભ્યાસ કરવો છે. 1972માં તેઓ ઇસરો સાથે જોડાયા. ભારતના પ્રથમ સ્વદેશી ઉપગ્રહ એસએલવીના પ્રોજેક્ટ ડિરેક્ટર જનરલ તરીકે અબ્દુલ કલામે ત્રીજી મિસાઇલ બનાવી. 1980માં તેમણે રોહિણી ઉપગ્રહને પૃથ્વીની ભ્રમણકક્ષા નજીક સ્થાપિત કર્યો. આ રીતે ભારત પણ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ ક્લબનું સભ્ય બની ગયું. તેમણે સ્વદેશી ટેકનોલોજીથી અગ્નિ અને પૃથ્વી જેવી મિસાઇલો બનાવી. કલામ જુલાઇ, 1992થી ડિસેમ્બર 1999 સુધી સંરક્ષણ મંત્રીના સલાહકાર અને ડીઆરડીઓના સચિવ હતા. તેમની દેખરેખ હેઠળ 1998માં પોખરણમાં ભારતે બીજું પરમાણુ પરીક્ષણ કર્યું હતું.

વર્ષ 2020માં તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઇ આવ્યા. તેમની આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર' ભારતીય યુવાનોને માર્ગદર્શન પૂરૂં પાડે છે. કાર્યકાળ પૂરો થયા બાદ તેઓ આઇઆઇએમ શિલોંગ, અમદાવાદ, ઇન્દોર, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગલોરમાં માનદ ફેલો અને વિઝિટિંગ પ્રોફેસર રહ્યા. તેઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ સાયન્સ એન્ટ ટેકનોલોજી, તિરુવનંતપુરમના કુલાધિપતિ, અન્ના યુનિવર્સિટીમાં એરોસ્પેસ એન્જિનિયરિંગના પ્રોફેસર અને ભારતભરમાં અનેક શૈક્ષણિક અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ્સમાં સહાયક બની ગયા.

## ભારત માટે તેમનાં ત્રણ સ્વપ્ન

**સ્વતંત્રતાઃ** આપણા ઇતિહાસનાં 3,000 વર્ષમાં સમગ્ર વિશ્વમાંથી લોકો અહીં આવ્યા, આપણી પર આક્રમણ કર્યું, આપણને લૂંટ્યા અને જે કંઇ આપણું હતું તેનાં પર કબ્જો કરી લીધો પણ આપણે અન્ય કોઇ રાષ્ટ્ર સાથે એવું ન કર્યું. આપણે કોઇને જીતીને ગુલામ નથી બનાવ્યા, નથી કબ્જો કર્યો, નથી તેમની સંસ્કૃતિ અને ઇતિહાસને નષ્ટ કર્યો. કારણ કે આપણે બીજાઓની સ્વતંત્રતાનું સન્માન કરીએ છીએ એટલાં માટે મારું પ્રથમ સ્વપ્ન સ્વતંત્રતાનું છે. મારું માનવું છે કે ભારતે સ્વતંત્રતાનું પ્રથમ સ્વપ્ન 1857માં જોયું હતું.

**વિક્સિત રાષ્ટ્રઃ** મારું બીજું સ્વપ્ન વિકાસનું છે. આપણે 50 વર્ષ સુધી વિકાસશીલ રાષ્ટ્ર રહ્યા છીએ. હવે ખુદને વિક્સિત રાષ્ટ્ર તરીકે જોવાનો સમય આવી ગયો છે. આપણાં મોટાં ભાગનાં ક્ષેત્રોમાં 10 ટકાનો વૃધ્ધિ દર છે. આપણી ગરીબીનું સ્તર ગબડી રહ્યું છે. આજે વિશ્વમાં આપણી ઉપલબ્ધિઓને માન્યતા મળી રહી છે. તેમ છતાં આપણે આત્મવિશ્વાસનાં અભાવને કારણે ખુદને વિક્સિત, આત્મનિર્ભર અને આત્મ-આશ્વસ્ત રાષ્ટ્ર તરીકે નથી જોતાં.

**ભારત વિશ્વની બરાબરીમાં ઊભું રહી શકેઃ** મારું માનવું છે કે જ્યાં સુધી ભારત વિશ્વની બરાબરીમાં નહીં ઊભું રહે, કોઇ આપણું સન્માન નહીં કરે. માત્ર શક્તિ જ શક્તિનું સન્માન કરે છે. આપણે સૈન્ય શક્તિની સાથે સાથે આર્થિક શક્તિ પણ બનવું પડશે. મને ત્રણ મહાન વ્યક્તિઓ-ડો. વિક્રમ સારાભાઇ, તેમનાં ઉત્તરાધિકારી પ્રો. સતીશ ધવન અને પરમાણુ પદાર્થોના જનક ડો. બ્રહ્મપ્રકાશ સાથે કામ કરવાની તક મળી. હું તેને જીવનની મહાન તક માનું છું.●

# શિક્ષણ, પરિવહન અને સ્પોર્ટસ અંગે મહત્વનાં નિર્ણયો...

**શિક્ષણ હોય કે નાગરિકોનાં પ્રવાસને સગવડદાયક બનાવતી રેલવેની પાયાની સુવિધાઓ આપવાની હોય કે પછી મેટ્રોની મુસાફરીને આરામદાયક બનાવવાની નવી પહેલ હોય, નવા ભારતનો અભિગમ સમાવેશી વિકાસ છે. શિક્ષણનાં ક્ષેત્રમાં પીએમ-શ્રી યોજનામાં પસંદગીની શાળાઓમાં બાળકોનાં સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરીને ધબકતી શાળાઓ તરીકે વિક્સાવવામાં આવશે, તો વૈશ્વિક સ્તરે શિક્ષણનાં મેનેજમેન્ટ માટે  અન્ય દેશો સાથે સમજૂતિ થઈ અને મેટ્રોનાં વિસ્તરણ પર કેન્દ્રીય મંત્રીમંડળમાં મહત્વનાં નિર્ણય લેવાયા..**

- **નિર્ણયઃ નવા ભારતને નવી શાળાઓથી સજ્જ કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજના પીએમ-શ્રી સ્કુલ (પીએમ સ્કુલ ફોર રાઈઝિંગ ઈન્ડિયા) ને મંજૂરી આપી.**
- **અસરઃ** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નાં તમામ પાસાઓને સમાવતી હોય તેવી 14,500થી વધુ શાળાઓને પીએમ શ્રી સ્કુલ તરીકે વિક્સાવવામાં આવશે. આ યોજનાથી 18 લાખથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ થવાની આશા છે. આ ઉપરાંત, પીએમ શ્રી સ્કુલની આસપાસની શાળાઓ પર પણ માર્ગદર્શન અને સહયોગનાં માધ્યમથી અસર પડશે.
- પીએમ શ્રી  સ્કુલ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીન શિક્ષણ પ્રણાલિ અને ટેકનલોજીથી સજ્જ હશે. પીએમ શ્રી સ્કુલ 21મી સદીનાં મહત્વપૂર્ણ કૌશલ્યથી સજ્જ સંપૂર્ણ અને વ્યક્તિઓનું નિર્માણ અને સંવર્ધન કરશે. પીએમ શ્રી સ્કુલ તેની નજીકની અન્ય શાળાઓને સહયોગ, માર્ગદર્શન અને લીડરશીપ પણ પૂરી પાડશે. પીએમ શ્રી સ્કુલ યોજના 27,360 કરોડનાં કુલ પ્રોજેક્ટ સાથે વર્ષ 2022-23થી વર્ષ 2026 સુધી પાંચ વર્ષની મુદતમાં લાગુ કરવામાં આવશે.

- **નિર્ણયઃ ભારતનાં લોજિસ્ટિક સેક્ટરનું મજબૂતીકરણ કરતાં પીએમ ગતિશક્તિ ફ્રેમવર્ક માટે રેલવેની જમીનને લાંબી મુદત માટે લીઝ પર આપવાની નીતિને મંજૂરી.**
- **અસરઃ** રેલવેનું સંગઠન અને નેટવર્ક સમગ્ર દેશમાં ફેલાયેલું છે. જો કે, રેલવે તેની વર્તમાન જમીન નીતિઓ અને માળખાકીય સુવિધાઓ સાથે અન્ય માધ્યમો સાથે સારી રીતે એકીકૃત નથી થઈ શકી. 300 પીએમ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ પાંચ વર્ષમાં વિક્સિત કરવામાં આવશે. 1.25 લાખ નવી નોકરીઓનું સર્જન થશે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે. ભારતીય રેલવેની આવકમાં વધારો થશે.



- **નિર્ણયઃ કેરળમાં પ્રવાસને આરામદાયક બનાવવાની પહેલ કરતા કોચી મેટ્રો રેલ પ્રોજેક્ટનાં બીજા તબક્કાને મંજૂરી**
- **અસરઃ** મેટ્રોનાં 11.7 કિલોમીટર લાંબા તબક્કામાં 11 સ્ટેશન હશે. જેએલએન સ્ટેડિયમથી કક્કનાડ થઈને ઈન્ફોપાર્ક સુધી ટ્રેન દોડશે. 1957 કરોડ રૂપિયાનાં ખર્ચે આ તબક્કાનું નિર્માણ થશે.





- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ટ્વિટમાં કહ્યું કે, કોચી મેટ્રો અંગે મંત્રીમંડળે લીધેલો નિર્ણય શહેરોમાં જીવનને સરળ બનાવવા માટે લોકોને ગુણવત્તાપૂર્ણ જાહેર પરિવહન સેવા પૂરી પાડવાનાં સરકારનાં દ્રષ્ટિકોણને અનુરુપ છે.
- **નિર્ણયઃ વૈશ્વિક સ્તર પર શિક્ષણ અને મેનેજમેન્ટ ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર.**
- **અસરઃ** બ્રિટન, નધર્ન આયર્લેન્ડ અને ભારત વચ્ચે શૈક્ષણિક યોગ્યતાઓને પરસ્પર માન્યતા. શિક્ષણનાં ક્ષેત્રમાં ભારત અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે સમજૂતિ. ભારત અને માલદીવની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી વચ્ચે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રમાં સહયોગ.
- **નિર્ણયઃ અનુસૂચિત જનજાતિની યાદીમાં કેટલીક જાતિઓને સામેલ કરવા મંત્રીમંડળે મંજૂરી આપી. વિવિધ જાતિઓની વર્ષોથી પેન્ડિંગ માંગણી પૂરી.**
- **અસરઃ** અનુસૂચિત જનજાતિઓની યાદીમાં છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશની અનેક જાતિઓને સામેલ કરવાને મંજૂરી આપવામાં આવી છે. આ પગલાંથી આ જાતિઓને વિવિધ લોકકલ્યાણ યોજનાઓનો લાભ મેળવવામાં મદદ મળશે.
- **ઉત્તરપ્રદેશ**-13 જિલ્લામાં ગોંડને અનુસૂચિત જનજાતિમાં સામેલ કરવામાં આવી. ગોંડની પાંચ પેટાજાતિ (ધુરિયા, નાયક, ઓઝા, પઠારી, રાજગોંડ) અનુસૂચિત જનજાતિમાં સામેલ. **હિમાચલ પ્રદેશ**-હટ્ટી સમુદાય અનુસૂચિત જનજાતિની યાદીમાં સામેલ. આનાંથી લગભગ 1.60 લાખ લોકો આ યાદીમાં સામેલ થશે. **છત્તીસગઢ**- 12 જાતિઓમાંથી 11ને પર્યાયવાચી શબ્દ તરીકે જોડ્યા છે. બિંઝિયા જાતિને પણ આ યાદીમાં જોડવામાં આવી. 15 વર્ષથી આ મુદ્દો પેન્ડિંગ હતો. નારિકોરવનનાં પર્યાય તરીકે કુરુવિક્કરનને જોડવામાં આવી. **કર્ણાટક**-કાડુ કુરુબાનાં પર્યાય તરીકે બેટ્ટા-કરુબાને જોડવામાં આવી.




- **નિર્ણયઃ મંત્રીમંડળે ભારતમાં ફિફા અન્ડર-17 મહિલા વિશ્વકપ 2022ની યજમાની માટે ગેરન્ટી પર હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી.**
- **અસરઃ** આનાથી યુવાનોને મોટી સંખ્યામાં ભાગ લેવાનું પ્રોત્સાહન મળશે અને તેનાંથી ભારતમાં ફુટબોલની રમતને વિક્સિત કરવામાં મદદ મળશે. આ આયોજન ભારતીય છોકરીઓમાં પસંદગીની રમત તરીકે ફુટબોલને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં પણ દેશમાં છોકરીઓ અને મહિલાઓ દ્વારા ફુટબોલ અને અન્ય રમતને અપનાવવામાં સરળતા રહેશે. ●

# સંસ્થાનવાદના ઓછાયામાંથી બહાર આવી રહેલું ભારત





લાલ કિલ્લા પરથી 'પંચ પ્રણ'નો ઉદઘોષ આટલી જલ્દી જનમાનસનો હિસ્સો બની જશે એવું ભાગ્યે જ કોઈએ વિચાર્યું હશે. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2047નાં ભારત માટે જે 'પંચ પ્રણ'ની પ્રતિજ્ઞા લીધી હતી તેમાં ગુલામીનાં દરેક નિશાનને ભૂંસી નાખવાની અને આ વિચારમાંથી બહાર આવવાની યાત્રા શરૂ થઈ ગઈ છે. નવું ભારત હવે ગુલામીનાં દરેક પ્રતીક-નીતિઓને દૂર કરવા નવી ઊર્જાનો સંચાર કરી રહ્યું છે. ગુલામીનાં સૌથી મોટાં પ્રતીક 'રાજપથ'ને તાજેતરમાં જ 'કર્તવ્ય પથ' બનાવવાનો નિર્ણય અમૃત કાળનું પ્રતિબિંબ છે, તો વીતેલાં કેટલાંક વર્ષોમાં કેન્દ્ર સરકારે ગુલામીનાં પ્રતીકો અને તેની સાથે સંકળાયેલી નીતિઓને દૂર કરવા માટે અનેક પગલાં લીધાં છે. પણ આ નથી શરૂઆત કે નથી અંત. આ તો મન અને માનસની આઝાદીનું લક્ષ્ય હાંસલ કરવા સુધીની સતત ચાલનારી સંકલ્પ યાત્રા બની ગઈ છે....

ઘણી વાર એવાં પરિવર્તન આવતાં હોય છે જે જીવનનો હિસ્સો બની જાય છે. એક એવો હિસ્સો જે ભલે જોવા સાંભળવામાં મોટો ન લાગતો હોય પણ આપણાં વિચારમાં મોટું પરિવર્તન લાવી દે છે. બરાબર એ જ રીતે જે રીતે આઝાદીના આંદોલનનાં સમયે ચરખો અને એક ચપટી મીઠા જેવા નાના પ્રતીકાત્મક પ્રયાસે અંગ્રેજી શાસનનો પાયો હચમચાવી દીધો હતો. ઈતિહાસ સાક્ષી છે કે ખાદીનો એક તાંતણો, આઝાદીના આંદોલનની તાકાત બની ગયો. તેણે ગુલામીની બેડીઓને તોડી નાખી. બરાબર એ જ રીતે, જ્યારે એક રાષ્ટ્રનાં રૂપમાં ભારત ખુદને નવેસરથી વ્યાખ્યાયિત કરી રહ્યું છે ત્યારે ગુલામીના પ્રતીકોને દૂર કરવાનું પણ રાષ્ટ્રનું કર્તવ્ય બની જાય છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ કંઈક આવા જ વિચારો આપ્યા હતા. તેમનું માનવું હતું કે, માત્ર અંગ્રેજો અને તેમનાં શાસનને હટાવવા માત્રથી સ્વરાજની પ્રાપ્તિ શક્ય નથી. તેમનાં ગયા પછી પણ તેમની જ સભ્યતા અને તેમનાં આદર્શ જળવાઈ રહે તો વ્યાવહારિક રીતે આપણે પહેલાં જેવાં જ બન્યા રહીશું. આ વિચારને સાકાર કરવા માટે નવું ભારત સંસ્થાનવાદના ઓછાયામાંથી બહાર આવી રહ્યું છે. તાજેતરમાં જ, 'રાજપથ'નું 'કર્તવ્યપથ' બનવું રાષ્ટ્ર માટે ઉત્સાહથી ઓછું નથી. હવે કર્તવ્ય પથ પર મક્કમતાથી ચાલી રહેલું ભારત સેંકડો વર્ષોની ગુલામીનાં પ્રતીકોને દૂર કરીને દરેક વ્યક્તિમાં નવી ઊર્જા, નવાં વિચારનો સંચાર કરી રહ્યું છે. પણ વીતેલાં આઠ વર્ષમાં વડાપ્રધાન મોદીએ પોતાની કાર્યશૈલી અને નીતિઓથી ગુલામીનાં પ્રતીકો હટાવવા માટે અનેક પગલાં ભર્યા છે.


### બજેટથી માંડીને કર્તવ્ય પથ સુધી

1947માં જ્યારે ભારત આઝાદ થયું ત્યારે અંગ્રેજોએ તેને સત્તાનું હસ્તાંતરણ કહ્યું હતું. સંસ્થાનવાદના શાસનમાંથી આપણે આઝાદ તો થઈ ગયા પણ અનેક પ્રતીક, વ્યવસ્થા આપણી સાથે જ રહી.


આઝાદીનાં આશરે છ દાયકા સુધી આ તમામ માન્યતાઓ, ધારણાઓ અને વહીવટી વ્યવસ્થાઓ પૂર્વવત ચાલતી રહી, જેનો પાયો અંગ્રેજોએ નાખ્યો હતો અને સંસ્થાનવાદનાં શાસનમાંથી મુક્ત થયા બાદ ભારતને પોતાની પ્રતિભા સાથે વિશ્વમાં પોતાની ભૂમિકા નિભાવવા માટે જે આત્મવિશ્વાસથી ઊભું રહેવું જોઈતું હતું તેવું થઈ ન શક્યું. એ ભારત જે પોતાની સામાજિક મૂડી અને સાંસ્કૃતિક પરંપરાનાં જોરે ચાલતું હતું, ત્યાં યુરોપિયન માન્યતાઓ હાવી રહી. એટલે કે આપણે સંસ્થાનવાદી સામ્રાજ્યમાંથી તો મુક્ત થયા પણ સંસ્થાનવાદી માનસિકતામાંથી પીછો ન છૂટ્યો.



આ પ્રતીકોને બદલવાની પહેલની શરૂઆત થઈ સામાન્ય બજેટથી. દેશમાં વર્ષ 2000 સુધી સામાન્ય બજેટ સાંજે પાંચ વાગે રજૂ કરવામાં આવતું હતું. અંગ્રેજી શાસન કાળની આ પરંપરા આઝાદીનાં પાંચ દાયકાથી વધુ સમય સુધી જળવાઈ રહી. અંગ્રેજોનાં સમયે આ પરંપરા એટલાં માટે બની કે લંડનમાં બેઠેલા શાસકો સવારે 11 વાગે ભારતનાં



બજેટને સાંભળી શકે. પ્રથમ વાર અટલબિહારી વાજપેયીની સરકારે આ સમયને બદલ્યો અને 2001થી સવારે 11 વાગે બજેટ પ્રસ્તુત કરવાનું શરૂ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે ડગલાં આગળ વધતાં બજેટની તારીખને 28 ફેબ્રુઆરીને બદલે 1 ફેબ્રુઆરી કરી અને 92 વર્ષની પરંપરાને તોડીને રેલ બજેટને સામાન્ય બજેટમાં વિલીન કરી દીધું. આ પગલાંથી
















દેશની બજેટ પ્રક્રિયા સંપૂર્ણપણે ગુલામીમાંથી મુક્ત થઈ ગઈ.

2016 સુધી વડાપ્રધાનનાં નિવાસસ્થાનવાળા રોડને રેસ કોર્સ રોડ કહેવામાં આવતો હતો. પણ તેનું નામ લોક કલ્યાણ માર્ગ કરવામાં આવ્યું. રેસ કોર્સ નામ અંગ્રેજોએ આપ્યું હતું જેને હટાવવા માટે આઝાદી પછીના લાંબા સમયગાળા સુધી કોઈએ ધ્યાન નહોતું આપ્યું. તમે કહી શકો કે સંસ્થાનવાદી માનસિકતા જ જીવનનો હિસ્સો બની ગઈ. એટલું જ નહીં, પ્રજાસત્તાક દિવસનાં સમારોહ બાદ યોજાતી 'બીટિંગ ધ રીટ્રીટ' સેરેમનીમાંથી પ્રાર્થના ગીત-'એબાઈડ વીથ મી'ને હટાવી દેવામાં આવ્યું. તેની જગ્યાએ કવિ પ્રદીપનાં પ્રસિધ્ધ ગીત-'એ મેરે વતનકે લોગો'ને સામેલ કરવામાં આવ્યું. અમર જવાન જ્યોતિની મશાલને નેશનલ વોર મેમોરિયલ (રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક)માં વિલિન કરી દેવામાં આવી.

આવી જ બ્રિટિશ વ્યવસ્થા આપણી શિક્ષણ પધ્ધતિમાં હતી. મૈકોલેએ આપેલી શિક્ષણ પધ્ધતિ પર તો અનેક મંચ અને ભાષણોમાં સવાલ ઉઠાવવામાં આવતો હતો પણ તેને બદલવાનું સાહસ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું. દેશમાં 34 વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી, જે સંપૂર્ણપણે વ્યાવહારિકતા અને કૌશલ્ય આધારિત છે. નવી શિક્ષણ નીતિમાં માતૃભાષા અને સ્થાનિક ભાષામાં શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવી છે. અંગ્રેજીએ આપણી સમગ્ર વ્યવસ્થાને જકડી લીધી છે ત્યારે સરકારે માતૃભાષા અને સ્થાનિક ભાષામાં શિક્ષણને મહત્વ આપ્યું છે. આજે હિન્દીને આંતરરાષ્ટ્રીય મંચો પર સ્થાન મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેટલાંક આર્થિક મંચોને બાદ કરતાં મોટાં ભાગનાં વૈશ્વિક મંચો પર માતૃભાષામાં જ બોલવા પર પ્રાથમિકતા આપે છે. અંગ્રેજોનાં વખતની લાલબત્તી સંસ્કૃતિને સંપુર્ણ રીતે નાબૂદ કરવામાં આવી છે. આ જ રીતે ભારતીય નૌકા સેનાનાં ધ્વજ પરથી ગુલામીનાં એ પ્રતીકને હટાવવામાં આવ્યું જેમાં સંસ્થાનવાદનાં સમયની છાપ દેખાતી હતી. નવા ધ્વજમાં લાલ રંગના સેન્ટ જ્યોર્જ ક્રોસને હટાવી દેવામાં આવ્યો છે. તેની જગ્યાએ છત્રપતિ શિવાજીના શાહી મહોરથી પ્રેરિત ચિહ્ન લગાવવામાં આવ્યું છે.

કર્તવ્ય પથ અગાઉ રાજપથ નામે જાણીતો હતો. સૌ પહેલાં તેનું નામ કિંગ્સવે હતું. આ નામ 1911માં રાખવામાં આવ્યું હતું. એ વખતે દિલ્હી દરબારમાં સામેલ થવા માટે કિંગ જ્યોર્જ પાંચમા ભારત આવ્યા હતા. આ એ સમય હતો જ્યારે કોલકાતાની જગ્યાએ દિલ્હીને ભારત (બ્રિટિશ શાસનમાં)ની રાજધાની બનાવવાની જાહેરાત થઈ હતી. એટલે અંગ્રેજોએ કિંગ જ્યોજ પાંચમાના સન્માનમાં આ જગ્યાનું નામ કિંગ્સવે રાખ્યું હતું. 1955માં તેનું નામ બદલીને રાજપથ કરવામાં આવ્યું. જે એક રીતે કિંગ્સવેનો હિન્દુ અનુવાદ જ હતો. હવે તે કર્તવ્ય પથ નામ થવાથી સંસ્થાનવાદનાં સમયની ગુલામીનાં પ્રતીકથી મુક્તિ કહી શકાય. આઝાદીના અમૃત મહોત્સવમાં

**"**

**કર્તવ્ય પથ માત્ર ઇંટ-પથ્થરોનો રસ્તો જ નથી. તે ભારતની લોકશાહીનો ભૂતકાળ અને શાશ્વત આદર્શોનો જીવંત માર્ગ છે. આ જ જગ્યાએ દેશની સરકાર કામ કરી રહી છે. તમે કલ્પના કરો, દેશે જેને જનતાની સેવા કરવાની જવાબદારી સોંપી હોય તેને રાજપથ, જનતાનાં સેવક હોવાની અનુભૂતિ કરી રીતે કરાવે? જો પથ જ રાજપથ હોય તો યાત્રા લોકમુખી કઈ રીતે હોઇ શકે? રાજપથ બ્રિટિશ રાજ માટે હતો, જેનાં માટે ભારતનાં લોકો ગુલામ હતા. રાજપથની ભાવના પણ ગુલામીનું પ્રતીક હતી. તેની સંરચના પણ ગુલામીની પ્રતીક હતી. આજે તેનું આર્કિટેક્ચર પણ બદલાયું છે અને તેની આત્મા પણ બદલાઇ છે. નેશનલ વોર મેમોરિયલથી માંડીને કર્તવ્ય પથ થઇને રાષ્ટ્રપતિ ભવનનો આ સમગ્ર વિસ્તાર નેશન ફર્સ્ટ (રાષ્ટ્ર પ્રથમ)ની ભાવનાનો સંચાર કરશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

દેશને નવી પ્રેરણા મળી છે, નવી ઊર્જા મળી છે. વીતેલાં સમયને પાછળ છોડીને આવનારા સમયની તસવીરમાં નવા રંગ ભરવામાં આવી રહ્યા છે. આજે જે દરેક દિશામાં નવી આભા દેખાઈ રહી છે તે નવા ભારતનાં આત્મવિશ્વાસની આભા છે. ગુલામીનું પ્રતીક કિંગ્સવે એટલે રાજપથ હવે ઇતિહાસની વાત બની ગઈ છે. કર્તવ્યપ પથનાં રૂપમાં નવા ઈતિહાસનું સર્જન થયું છે. આઝાદીનાં આ અમૃતકાળમાં ગુલામીની વધુ એક ઓળખમાંથી મુક્તિ દેશ માટે ગૌરવ ગાન છે. આ જ રીતે ઇન્ડિયા ગેટ પાસે રાષ્ટ્રનાયક નેતાજી સુભાષચંદ્ર બોઝની વિશાળ પ્રતિમા સ્થપાઇ છે. ગુલામીના સમયમાં અહીં બ્રિટિશ રાજસત્તાના પ્રતિનિધિ જ્યોર્જ પંચમની પ્રતિમા લગાવવામાં આવી હતી. દેશે એ જ જગ્યાએ નેતાજીની મૂર્તિની સ્થાપના કરીને આધુનિક અને સશક્ત ભારતની પ્રાણ પ્રતિષ્ઠા કરી દીધી છે. આ પ્રસંગ ઐતિહાસિક છે, અભૂતપુર્વ છે. કર્તવ્યપથ પર નેતાજીની પ્રતિમા પ્રેરણાસ્ત્રોત બનશે. આજે રાજપથનું અસ્તિત્વ સમાપ્ત કરીને કર્તવ્ય પથ બન્યો છે, જ્યોર્જ પંચમની મૂર્તિનાં નિશાનને હટાવીને નેતાજીની મૂર્તિ લગાવાઇ છે, તો આ ગુલામીની માનસિકતાનાં ત્યાગનું પ્રથમ ઉદાહરણ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શબ્દોમાં કહીએ તો, "આ નથી શરૂઆત, કે નથી અંત. આ મન અને માનસથી આઝાદીનો



દિલ્હીનાં ઇન્ડિયા ગેટ પર 28 ફુટ ઊંચી, છ ફુટ પહોળી નેતાજી સુભાષચંદ્ર બોઝની ભવ્ય પ્રતિમા રાષ્ટ્રની ગૌરવ ગાથા બની છે.

આ સ્થાન જે વર્ષોથી ખાલી પડ્યું હતું, આજે આઝાદીનો સંદેશ આપી રહ્યું છે. તેલંગણાથી 1665 કિલોમીટરનું અંતર કાપીને 280 મેટ્રિક ટન ગ્રેનાઇટનાં સ્લેબ દિલ્હી પહોંચ્યા, જેને લાવવા સરળ નહોતું.

આનાં માટે 140 પૈડાવાળી 100 ફુટ લાંબી ગાડી બનાવવામાં આવી. જાણીતા મૂર્તિકાર અરૂણ યોગીરાજે તેને આકાર આપ્યો.

શિલ્પકારોની ટીમે 26,000 કલાક મહેનત કરીને મૂર્તિ બનાવી, જેણે આપણને નેતાજીને નમન કરવાની તક આપી.

લક્ષ્ય હાંસલ કરવા સુધી સતત ચાલતી સંકલ્પ યાત્રા છે." સેન્ટ્રલ વિસ્ટા એવન્યુ નવા રૂપમાં જનતાનાં સ્વાગત માટે તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ડ્રીમ પ્રોજેક્ટનો મુખ્ય હિસ્સો સેન્ટ્રા વિસ્ટા એવન્યુનાં નવા વિસ્તારમાં તમામ રાજ્યોનાં ફુડ સ્ટોલ હશે. આ સમગ્ર પ્રોજેક્ટની જાહેરાત સપ્ટેમ્બર 2019માં થઈ હતી. 10 ડિસેમ્બર, 2020નાં રોજ વડાપ્રધાન મોદીએ આ પ્રોજેક્ટનું શિલારોપણ કર્યું હતું. સેન્ટ્રલ વિસ્ટા એવન્યુ અને આ સમગ્ર પ્રોજેક્ટ નવા અને આત્મનિર્ભર ભારતની આકાંક્ષાઓને પૂરી કરવાની દિશામાં મજબૂત પ્રયત્ન છે.

ચોક્કસપણે, રાષ્ટ્ર હવે ગુલામીનાં પ્રતીકોમાંથી બહાર આવીને પોતાની અલગ ઓળખ બનાવવા આતુર છે.

**वह शक्ति हमें दो दयानिधे, कर्तव्य मार्ग पर डट जाएं पर सेवा पर उपकार में हम, जग जीवन सफल बना जाएं।**

વડાપ્રધાન મોદીએ પ્રધાનસેવક તરીકે સત્તાને શાસન માટે નહીં પણ સેવા અને કર્તવ્યનું માધ્યમ બનાવી દીધું છે અને ગુલામીનાં પ્રતીક હવે ઇતિહાસની વાત બની રહ્યાં છે.

### બ્રિટિશ રાજસત્તાની જગ્યાએ હવે 'નેતાજી બોઝ' બન્યા ઓળખ

ભારતની આઝાદીના 75 વર્ષને આપણે ઉત્સવનાં રૂપમાં મનાવીએ છીએ. આ અમૂલ્ય આઝાદીને મેળવવામાં લાખો સેનાનીઓને પ્રેરિત કરનારા વ્યક્તિ હતા નેતાજી સુભાષચંદ્ર બોઝ. ધનિક હોય કે ગરીબ હોય, દરેક ભારતીયનાં હૃદયમાં નેતાજીએ એવી આગ પ્રજ્વલિત કરી હતી જેણે ભારતને ન માત્ર સ્વતંત્રતા અપાવી પણ બ્રિટિશ સામ્રાજ્યનાં પાયાને હચમચાવી દીધો. નેતાજીએ આઝાદ હિન્દ ફોજને વિશ્વની સૌથી શક્તિશાળી ફોજ સામે લડવાનું સાહસ આપ્યું, ભારતની પ્રથમ વચગાળાની સરકારની સ્થાપના કરી અને 21 ઓક્ટોબર, 1943નાં રોજ પ્રથમ વાર ભારતની ધરતી પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો. નેતાજીનાં અસાધારણ યોગદાન અને તેમનાં અદમ્ય સાહસપૂર્ણ પ્રેરક જીવનને સમયની સાથે એ રીતે યાદ ન કરવામાં આવ્યું જેનાં તેઓ હકદાર હતા. દિલ્હીમાં નેતાજીનું સ્મારક બને તેનો વિરોધ આઝાદી પછીનાં વર્ષોમાં ટોચનાં સ્તરેથી થયો. પણ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશનાં વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે નેતાજીનાં જીવન અને સંદેશને નવી પેઢી સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે સંકલ્પબધ્ધ પ્રયત્ન કર્યો. તેમનાં વડપણમાં ભારત સરકારે નેતાજીનાં પરિવારનાં સભ્યોને સન્માનિત કર્યા. નેતાજીની આંદામાન નિકોબાર ટાપુની ઐતિહાસિક યાત્રાનાં 75 વર્ષ પૂરાં થવાનાં

## ગુલામીના પ્રતીક અને નીતિઓ

## હવે થઈ રહી છે ગુમનામ




**ભારત સંપૂર્ણ રીતે સ્વતંત્ર વિચારો ધરાવે છે. સ્વતંત્ર પાંખો સાથે પોતાની સ્વતંત્ર ઉડાન ભરવા માંગે છે. બંધનોથી સ્વતંત્ર વિરાટ લક્ષ્ય લઈને આગળ વધવા આતુર છે, કારણ કે ભારતનો યુવાન આકાંક્ષી છે, ઈચ્છાશક્તિ ધરાવે છે અને તેનામાં રાષ્ટ્ર માટે કંઈક નવું કરવાનો જુસ્સો છે. દેશનું વર્તમાન નેતૃત્વ ગુલામીનાં પ્રતીકો અને નીતિઓને દૂર કરીને રાષ્ટ્રમાં નવી ઊર્જાનો સંચાર કરવામાં લાગ્યું છે. પીએમ નરેન્દ્ર મોદી એવા પહેલાં વડાપ્રધાન છે જેમનો જન્મ સ્વતંત્રતા પછી થયો છે. દેશ એ જ વખતે એક નવા યુગમાં પ્રવેશી ગયો હતો જ્યારે લોકોએ સ્વતંત્ર ભારતમાં જન્મેલા એવા વ્યક્તિત્વને વડાપ્રધાન પદે પસંદ કર્યા, જે હંમેશા કર્તવ્ય અને સેવાને સમર્પિત રહ્યા. એટલાં માટે જ હવે ગુલામીનાં પ્રતીક અને નીતિઓ હટાવવામાં આવી રહી છે.**

## કર્તવ્ય પથ

આઝાદી પહેલાં અંગ્રેજી શાસક માટે બનેલો કિંગ્સવે આઝાદી પછી રાજપથ બન્યો પણ વડાપ્રધાન મોદીએ તેને કર્તવ્ય પથ બનાવ્યો.

## નૌકાસેનાનો ધ્વજ

ભારતીય સેનાનાં ધ્વજમાંથી ગુલામીનું પ્રતીક દૂર કર્યું, જેમાં સંસ્થાનવાદનાં સમયની છાપ દેખાતી હતી. નવા ધ્વજમાં લાલ રંગના સેન્ટ જ્યોર્જ ક્રોસને હટાવવામાં આવ્યો. તેની જગ્યાએ છત્રપતિ શિવાજીની શાહી મોહરથી પ્રેરિત ચિહ્ન લગાવવામાં આવ્યું છે.







## બીટિંગ ધ રિટ્રીટ પર હવે 'એ મેરે વતનકે લોગોં'

પ્રજાસત્તાક દિવસ સમારોહ બાદ યોજાતી બીટીંગ ધ રિટ્રીટ સેરેમનીમાંથી પ્રાર્થના ગીત 'અબાઇડ વીથ મી'ને હટાવી દેવામાં આવ્યું છે. તેની જગ્યાએ કવિ પ્રદીપના જાણીતા ગીત- 'એ મેરે વતન કે લોગોં'ને સામેલ કરવામાં આવ્યું છે.

## લોક કલ્યાણ માર્ગ

વડાપ્રધાન નિવાસને રેસકોર્સ રોડ કહેવામાં આવતો હતો, પણ 2016માં પંડિત દીનદયાળ ઉપાધ્યાયનાં જન્મશતાબ્દિ વર્ષ પર તેનું નામ બદલીને લોક કલ્યાણ માર્ગ કરી દેવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક

લાંબા સમયથી શહીદો માટે વિશિષ્ટ સ્મારકની માંગ હતી, પણ તેને રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક તરીકે વડાપ્રધાન મોદીએ સાકાર કર્યું. જવાન જ્યોતિની મશાલને પણ અહીં વિલીન કરી દેવામાં આવી.

## સ્વતંત્રતા દિવસ સમારોહમાં ફેરફાર

સ્વતંત્રતા દિવસ 15 ઓગસ્ટનાં રોજ લાલ કિલ્લા પર 21 તોપોની સલામી આપવામાં આવી છે. આ વર્ષે પ્રથમ વાર ડીઆરડીઓ દ્વારા નિર્મિત સ્વદેશી તોપોનો ઉપયોગ કરવાની શરૂઆત થઈ છે.

## લાલ બત્તી કલ્ચર ખતમ

સેન્ટ્રલ મોટર વ્હિકલ એક્ટ, 1889માં સુધારો કરીને કેન્દ્ર સરકારે દેશમાં લાલ બત્તી સંસ્કૃતિને ખતમ કરી દીધી છે. માત્ર જરૂરી સેવાઓની બત્તી લગાવવાની જ મંજૂરી આપવામાં આવી છે.




## સામાન્ય બજેટ અંગ્રેજોનાં ઓછાયામાંથી મુક્ત

દેશમાં અગાઉ ફેબ્રુઆરીની અંતિમ તારીખે સાંજે પાંચ વાગે સામાન્ય બજેટ રજૂ થતું હતું, જેથી લંડનમાં બેઠેલા અંગ્રેજ શાસકો સવારે 11 વાગે ભારતનાં બજેટને સાંભળી શકે. પ્રથમ વાર અટલબિહારી વાજપેયીની સરકારે આ સમયને બદલ્યો અને 2001થી સવારે 11 વાગે બજેટ પ્રસ્તુત કરવાનું શરૂ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટની તારીખને 1 ફેબ્રુઆરી કરી અને 92 વર્ષની પરંપરાને તોડીને રેલ બજેટને સામાન્ય બજેટમાં વિલીન કરી દીધું.

# વારસાનો પુનરોધ્ધાર

**વિદેશી આક્રમણખોરોનાં અનેક હૂમલાઓ સહન કરનાર કાશી વિશ્વનાથ ધામનો પુનરોધ્ધાર કરીને માર્ચ, 2019માં કાશી-વિશ્વનાથ કોરિડોરનો પાયો નાખવામાં આવ્યો. 13 ડિસેમ્બર, 2021નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ તબક્કા અંતર્ગત નવા, ભવ્ય અને તમામ સુવિધાઓથી સજ્જ ધામનું ઉદઘાટન કર્યું. આ અગાઉ 244 વર્ષ પહેલાં લોકમાતા અહિલ્યાબાઇ હોળકરે તેનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.**

## સંસદ ભવનની ભવ્યતામાં આત્મનિર્ભર ભારત



- વર્તમાન સંસદ ભવનની ડિઝાઇન, શિલાન્યાસ અને ઉદઘાટન એ સમયનાં બ્રિટિશ શાસન સાથે સંકળાયેલા વાસ્તુકાર અને અધિકારીઓએ કર્યું હતું.
- નવા સંસદ ભવનની ડિઝાઇન ગુજરાતના આર્કિટેક્ટ બિમલ પટેલે તૈયાર કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિસેમ્બર 2020માં તેનો શિલાન્યાસ કર્યો હતો, જે ડિસેમ્બર 2022માં પૂરું થવાની સંભાવના છે.
- નવી સંસદ જૂની સંસદથી આશરે 17,000 સ્કવેર કિલોમીટર મોટી હશે. તે 64,500 સ્કવેર મીટરમાં ફેલાયેલી છે.
- લોકસભામાં 888 સભ્યો માટે સીટ હશે અને રાજ્યસભામાં 326 સીટ હશે. સંયુક્ત સત્ર દરમિયાન 1224 સભ્યો એક સાથે બેસી શકશે. જૂનાં ભવનમાં લોકસભામાં 550 અને રાજ્યસભામાં 250 સભ્યોને બેસવાની જગ્યા છે.

## તીન મૂર્તિ ખાતે લોકશાહીનો વારસો-પીએમ સંગ્રહાલય

- તીન મૂર્તિ ભવનનું નિર્માણ 1930માં થયું હતું. આ ભવન પહેલાં ભારતમાં બ્રિટિશ સેનાના કમાન્ડર-ઇન-ચીફનું ઘર હતું, જેને એ વખતે ફ્લેગ હાઉસ કહેવામાં આવતું હતું.
- સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ આ ભવનને પોતાનું ઘર બનાવ્યું. તેમનાં અવસાન બાદ 1964માં તેને સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવ્યું.
- તીન મૂર્તિ ભવનને ભારતીય લોકશાહીનાં વારસા તરીકે સાચવવા માટે પ્રધાનમંત્રી સંગ્રહાલય બનાવી દેવામાં આવ્યું. તેની 43 ગેલેરીમાં દરેક વડાપ્રધાનનાં યોગદાનને રજૂ કરવામાં આવ્યું છે. સ્વતંત્રતા પહેલાંની ઘટનાઓ, 18મી શતાબ્દિમાં દેશની સમૃધ્ધિ અને તેનાં પછીનો બ્રિટિશ વારસો, બંધારણનું ઘડતર અને તમામ 14 વડાપ્રધાનોનાં કાર્યકાળમાં આવેલા પડકારો, તેમની કામગીરી અને સફળતાને રજૂ કરવામાં આવી છે.



ઉપલક્ષ્યમાં આંદામાન સ્થિત હેવલોક દ્વીપને સ્વરાજ, નીલ દ્વીપને શહીદ દ્વીપ અને રોસ દ્વીપને નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ નામ આપવામાં આવ્યું. લાલ કિલ્લામાં નેતાજીને સમર્પિત ક્રાંતિ મંદિર નામથી સંગ્રહાલય, કોલકાતાનાં વિક્ટોરિયા મેમોરિયલમાં બિપ્લોવી ભારત ગેલેરી બનાવવામાં આવી. નેતાજીનાં શૌર્ય અને પરાક્રમભરી જીવનગાથાથી લોકોને

# જમ્મુ-કાશ્મીર દરબાર પ્રથાનો અંત



- જમ્મુ-કાશ્મીરમાં ટ્વિન કેપિટલ શ્રીનગર અને જમ્મુ વચ્ચે 149 વર્ષથી ચાલી આવતી 'દરબાર મુવ' પ્રથા જૂન, 2021માં નાબૂદ કરી દેવામાં આવી. આ જટિલ પ્રક્રિયા હતી, જેમાં ફાઇલથી ફર્નિચર સુધીની વસ્તુ એક રાજધાનીથી બીજી રાજધાની લઈ જવામાં આવતી હતી.
- આ પ્રથાને કારણે શિયાળામાં જમ્મુ અને ઉનાળામાં શ્રીનગર ખાતે રાજભવન, સિવિલ સચિવાલય, વિભાગીય વડાઓના કાર્યાલય ટ્રાન્સફર કરવામાં આવતા હતા. તે નાબૂદ થવાથી વર્ષે આશરે 200 કરોડ રૂપિયાની બચત શક્ય બની.
- રાજધાની બદલવાની આ પરંપરા ડોગરા શાસક ગુલાબસિંહે શરૂ કરી હતી. ગુલાબસિંહ મહારાજા હરિસિંહને પૂર્વજ હતા. હરિસિંહનાં શાસનમાં જ જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બન્યું હતું.



### હવે નેતાજીનાં નામે આંદામાન-નિકાબોરનાં ત્રણ ટાપુ

30 ડિસેમ્બર, 2018નાં રોજ આંદામાન નિકોબાર ટાપુ સમૂહની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંદામાન નિકોબારમાં ત્રણ ટાપુનાં નામ બદલ્યા, જેમાં હેવલોક દ્વીપને સ્વરાજ, નીલ દ્વીપને શહીદ દ્વીપ અને રોસ દ્વીપને નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ નામ આપવામાં આવ્યું. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ડિસેમ્બર, 1943માં નેતાજી સુભાષચંદ્ર બોઝે ત્યાં રાષ્ટ્રીય તિરંગો ફરકાવ્યો હતો.

## ખાદી બની ફેશન અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક

- આજે ભારતની ટોચની ફેશન બ્રાન્ડ ખાદી સાથે જોડાવા માટે આગળ આવી રહી છે. આજે ભારતમાં ખાદીનું વિક્રમ ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે.
- છેલ્લાં આઠ વર્ષમાં ખાદીનાં વેચાણમાં ચાર ગણાથી વધુ વધારો થયો છે. આજે પ્રથમ વાર ભારતનાં ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડનું ટર્નઓવર એક લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.
- ખાદીનું વેચાણ વધવાને કારણે ગામોમાં વધુ પૈસા આવ્યા છે. મહિલાઓનું સશક્તિકરણ થયું છે. છેલ્લાં આઠ વર્ષમાં માત્ર ખાદી અને ગ્રામોદ્યોગમાં પોણા બે કરોડ નવાં રોજગારનું સર્જન થયું છે.
- ગુજરાતમાં તો હવે ગ્રીન ખાદીનું અભિયાન ચાલે છે. અહીં હવે સોલર ચરખાથી ખાદી બનાવવામાં આવી રહી છે, કારીગરોને સોલર ચરખા આપવામાં આવી રહ્યા છે.

## નવું ભારત, નવી શિક્ષણ નીતિ

- સ્વતંત્ર ભારતમાં ગુલામ ભારતની ભાવના ધરાવતું શિક્ષણ ત્યજીને યુવાનોમાં ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ, ઇનોવેશનઅને રિસર્ચની તક આપવા અને નવા ભવિષ્યનું નિર્માણ કરવામાં મદદ કરવા નવી શિક્ષણ નીતિ 2020 લાગુ કરવામાં આવી છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં આ પ્રથમ પરિવર્તન છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારતીય મૂલ્યો સમાવતી શિક્ષણ પ્રણાલિની કલ્પના કરવામાં આવી છે, જે ભારતનું પરિવર્તન કરવામાં સીધું યોગદાન આપશે.
- તે વિદ્યાર્થીઓને જરૂરી જ્ઞાન અને કૌશલ્યથી સજ્જ કરીને ભારતને વૈશ્વિક જ્ઞાન મહાશક્તિ બનાવશે અને સમાજમાં જ્ઞાનનું અજવાળું પાથરશે.

---

જોડવાં માટે તેમનાં જન્મદિવસ 23 જાન્યુઆરીને પરાક્રમ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ શ્રૃંખલામાં નેતાજીની 125મી જયંતી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઇન્ડિયા ગેટ પર નેતાજીની હોલોગ્રામ પ્રતીમાની સ્થાપના કરવામાં આવી. 8 સપ્ટેમ્બરનાં રોજ એ જ સ્થળે ગ્રેનાઇટમાંથી બનેલી નેતાજી બોઝની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

## 'પંચ પ્રણ'

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા આ 'પંચ પ્રણ'નું પાલન કરવા રાષ્ટ્ર સજ્જ છે, જેથી 2047ના સ્વર્ણિમ ભારતનું સપનું સાકાર થાય**



**પ્રથમ** દેશ સમક્ષ વિકસિત ભારત બનાવવાનું વિરાટ લક્ષ્ય છે.

**બીજું** હવે ગુલામીની માનસિકતા સંપૂર્ણપણે ત્યાગવાની છે.

**ત્રીજું** પોતાનાં વારસા પર ગર્વ કરવો.

**ચોથું** રાષ્ટ્રની એકતા વધારવા પર પૂરા જોરથી પ્રયાસ કરવો.

**પાંચમું** દરેક નાગરિક પોતાનાં કર્તવ્યનું પાલન કરે.

આઝાદ હિન્દ સરકારનાં 75 વર્ષ પૂરા થવા પ્રસંગને યાદ કરતા વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવ્યો. હવે ગુલામીનાં પ્રતીકને હટાવીને સ્થાપવામાં આવેલી નેતાજીની પ્રતિમા દેશ માટે જીવવા-મરવાની પ્રેરણા આપતી રહેશે.

### અમૃત કાળનું પ્રતિબિંબ બન્યું કર્તવ્ય પથ

આઝાદીનાં 75 વર્ષ બાદ ગુલામીની યાદ અપાવતા રાજપથ જેવા નામોમાંથી દેશ હવે મુક્ત થયો છે. કર્તવ્ય પથ આધુનિક ભારત-આત્મનિર્ભર ભારતનું પ્રતીક બની ગયો છે. ઇન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન અને નવા સંસદ ભવન તરફ આ કર્તવ્ય પથ વૈશ્વિક સ્તરે નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહેલા, ઝડપથી વિકાસ કરી રહેલા નવા ભારતનું પ્રતિબિંબ છે. આઝાદીનાં અમૃત કાળમાં દેશને સમર્પિત આ અતુલનીય ભેટ છે. સૂર્યોદય તેની ભવ્યતાને બતાવે છે અને સાંજ પડતાં જ કર્તવ્ય પથ પર વિશેષ પ્રકાશથી ચમકી ઉઠે છે. ઇતિહાસની અમૂલ્ય પળોને સમેટી લેતો કર્તવ્ય પથ હવે નવા ભારતની નવી ઓળખ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ વિઝન ભારતનાં અમૃત કાળનું પ્રતિબિંબ છે. કર્તવ્ય પથ પર શૌચાલય, અંડરપાસ, પાર્કિંગ જેવી

# રાષ્ટ્રીય પોલિસ સ્મારક બન્યું શૌર્ય અને સર્વોચ્ચ બલિદાનનું પ્રતીક...

- 21 ઓક્ટોબર, 2021નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને રાષ્ટ્રીય પોલિસ સ્મારક સમર્પિત કર્યું. The wall of valour પર એ 34,844 પોલિસકર્મીનાં નામ છે, જેમણે દેશનાં અલગ અલગ રાજ્યોમાં, અલગ-અલગ પડકારોનો સામનો કરતાં પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું.
- સ્મારક બનાવવા માટે પ્રથમ પગલું અટલબિહારી વાજપેયી સરકારે ભર્યું હતું અને 2002માં તત્કાલીન ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણીએ તેનો શિલાન્યાસ કર્યો હતો. 2014માં પુનઃ એનડીએની સરકાર બની ત્યારે બજેટ ફાળવવામાં આવ્યું.



## ભારતીય પ્રતીકોને ગૌરવ અપાવ્યું

- આઝાદીના આંદોલનમાં જે રીતે ચરખા અને મીઠું પ્રતીક બન્યાં, એ રીતે પ્રતીકોનો ઉપયોગ કરીને જન સમૂહને જોડવાની નવી શરૂઆત થઈ.
- વિશેષ પ્રસંગ અને મહાપુરુષોની જન્મજયંતીને જનસહભાગિતાનો પ્રસંગ બનાવવામાં આવ્યો. મહાત્મા ગાંધીની 150મી જયંતીને સ્વચ્છતા અભિયાન સાથે જોડીને જન આંદોલન ઊભું કરવામાં આવ્યું.
- સુભાષચંદ્ર બોઝથી માંડીને બિરસા મુંડા, મહારાજા સુહૈલદેવ, રાજા મહેન્દ્રપ્રતાપ જેવા મહાનાયકોને યોગ્ય સન્માન સાથે જનસંકલ્પ તરીકે લોકોને જોડવામાં આવ્યા.

# રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક બન્યાં સ્મારક



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહીદી દિવસ પ્રસંગે 23 માર્ચ, 2022નાં રોજ કોલકાતા સ્થિતિ વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં બિપ્લોવી ભારત ગેલેરીનું ઉદઘાટન કર્યું.
- ગેલેરીમાં સ્વતંત્રતા સંગ્રામમાં ક્રાંતિકારીઓનાં યોગદાન અને બ્રિટિશ સંસ્થાનવાદ રાજ વિરુધ્ધ સશસ્ત્ર વિરોધને દર્શાવવામાં આવ્યો છે. આ નવી ગેલેરીનો હેતુ સારી ઘટનાઓનું સમગ્રલક્ષી ચિત્રણ રજૂ કરવાનો છે, જેને પગલે 1947માં સ્વતંત્રતા મળી હતી. આ ઉપરાંત, ક્રાંતિકારીઓ દ્વારા નિભાવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાઓને પણ રજૂ કરવામાં આવી છે.
- બિપ્લોવી ભારત ગેલેરીમાં રાજકીય અને બૌધ્ધિક પૃષ્ઠભૂમિ પ્રસ્તુત કરવામાં આવી છે, જેણે ક્રાંતિકારી આંદોલનને પ્રેરણા આપી. ગેલેરીમાં ક્રાંતિકારી આંદોલનનો જન્મ, ક્રાંતિકારીઓ દ્વારા મહત્વપૂર્ણ સંગઠનોની રચના, આંદોલનનું વિસ્તરણ, ઈન્ડિયન નેશનલ આર્મીની રચના, નોકાસેના બળવાનું યોગદાન વગેરેને રજૂ કરવામાં આવ્યા છે.
- 1940નાં દાયકાનાં મધ્યમાં લાલ કિલ્લામાં ઈન્ડિયન નેશનલ આર્મી (આઈએનએ)નાં ખટલાએ રાષ્ટ્રને હચમચાવી દીધું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 જાન્યુઆરી, 2019નાં રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની 122મી જન્મજયંતી પ્રસંગે લાલ કિલ્લામાં નેતાજી સુભાષ સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું અને તેને આઈએનએને સમર્પિત કર્યું.
- આ સંગ્રહાલયનાં ચાર ભાગ છે, જેને સામૂહિક રીતે 'ક્રાંતિ મંદિર' તરીકે ઓળખવામાં આવે છે. 1857નો વિપ્લવ અને જલિયાંવાલા બાગ હત્યાકાંડને સમર્પિત સંગ્રહાલય પણ આ પરિસરનો હિસ્સો છે.

## આધુનિક ડિફેન્સ એન્ક્લેવનાં નિર્માણની દિશામાં મોટું અને મહત્વનું પગલું

- સપ્ટેમ્બર 2021માં નવાં સંરક્ષણ કાર્યાલય પરિસરોનું ઉદઘાટન વડાપ્રધાન મોદીએ ખુદ કર્યું. તેમાં ત્રણ સશસ્ત્ર સેનાઓનાં લગભગ 7,000 અધિકારીઓ માટે કામ કરવાની જગ્યા ઉપલબ્ધ છે.
- આ પહેલાં સુધી ડિફેન્સ સાથે સંકળાયેલું આપણું કામકાજ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બનાવવામાં આવેલા હટમેન્ટ્સમાંથી જ થતુ હતું. આવા હટમેન્ટ્સ એ સમયે ઘોડાનાં તબેલાં અને બેરેક સંબંધિત જરૂરિયાતો પ્રમાણે બનાવવામાં આવ્યાં હતાં.

## રસ્તાઓનાં નામ બદલ્યાં




- 2015માં દિલ્હીનાં ઔરંગઝેબ રોડનું નામ બદલીને એપીજે અબ્દુલ કલામ રોડ કરવામાં આવ્યું.
- 2017માં ડેલહાઉસી રોડનું નામ બદલીને દારા શિકોહ રોડ કરવામાં આવ્યું.
- 2018માં તીન મૂર્તિ ચોકનું નામ બદલીને તીન મૂર્તિ હાઈફા ચોક કરવામાં આવ્યું.

સુવિધાઓ, દિવ્યાંગો માટે વિશેષ રેમ્પ આ પથને સુગમ અને સમાવેશી બનાવે છે. ઇન્ડિયા ગેટ અને કર્તવ્ય પથ પર પર્યટકો માટે 101 એકરની હરિત લોન તેની સુંદરતા વધારે છે. કર્તવ્ય પથ અને નહેરનાં કિનારે નવો 16.5 કિલોમીટરનો ગ્રેનાઈટ વોક-વે બનાવવામાં આવ્યો છે. અગાઉની જૂની વ્યવસ્થાને સુધારીને લીલાંછમ વૃક્ષો સાથે એવન્યુનો કાયાકલ્પ અહીં આવનારા પર્યટકો માટે અદભૂત અનુભવ છે. કર્તવ્ય પથની ભવ્યતાને 1,000થી વધુ બોલાર્ડસ, 900થી વધુ આધુનિક લાઈટ પોલ અને 650થી વધુ સ્માર્ટ દિશાસૂચકોએ દિવ્યતા બક્ષી છે. કર્તવ્ય પથ પર જોડાયેલાં રોડ પર ચાર નવા અન્ડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનાંથી ચાલવામાં વધુ સુવિધા અને સલામતી થઈ છે.

# વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર ભારત

**અમૃત યાત્રાનાં પ્રારંભમાં જ એનાંથી મોટાં સારા સમાચાર બીજાં કોઈ ના હોઈ શકે કે બ્રિટનને પાછળ છોડીને ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. ઉત્પાદન, એમએસએમઈ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને કારણે અર્થતંત્રને મજબૂતી મળવાની સાથે સાથે રોજગારની તકો વધી છે. આ પ્રયત્નોને કારણે કોવિડની અસરમાંથી બહાર આવીને ભારતીય અર્થતંત્ર પાછું પાટા પર આવી ગયું છે. અત્યંત ઝડપથી મજબૂત અર્થતંત્રની દિશામાં આગળ વધતું ભારત વિશ્વનું ત્રીજું અને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાના સંકલ્પને સાકાર કરવા અગ્રેસર છે.....**



અર્થતંત્રનાં મોરચે ભારતને આગામી તહેવારોની મોસમ પૂર્વે સારા સમાચાર મળ્યા છે. ઝડપથી વૃદ્ધિ કરી રહેલા ભારતના અર્થતંત્રએ એક-બે નહીં પણ વિશ્વનાં મોટાં અર્થતંત્રોને પાછળ છોડી દીધા છે. વધુ એક ખુશખબર એ પણ છે કે દેશનાં અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર આઠ કોર ઉદ્યોગ-કોલસો, ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ, પેટ્રોલિયમ રિફાઈનરી, ખાતર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનાં ઉત્પાદનમાં 4.5 ટકા વધારો નોંધાયો છે. તેનો સીધો અર્થ એ થયો કે હવે ભારતીય અર્થતંત્ર પાછું પાટા પર આવી ગયું છે અને હવે નવી મંઝિલ તરફ આગળ વધી રહ્યું છે. ભારત હવે વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બની ગયું છે. 2014માં ભારત 11મા નંબર પર હતું. દેશ પર 200 વર્ષ રાજ કરનાર બ્રિટનને પણ ભારતે પાછળ છોડી દીધું છે. નવા ભારત અને તેની તાકાતનું આ જીવંત ઉદાહરણ છે. આ સફળતા એવા સમયે આવી છે જ્યારે ભારત એક વિરાટ લક્ષ્યની સાથે અમૃત યાત્રા શરૂ કરી ચૂક્યું છે, જેથી 2047 સુધી ભારતને વિક્સિત અને આત્મનિર્ભર બનાવી શકાય. આને સરળ શબ્દોમાં કહીએ તો વિશ્વનાં અર્થતંત્રનાં સુસ્ત વિકાસ વચ્ચે ભારતે વિકાસની મશાલ પકડી છે અને વૈશ્વિક વિકાસનાં માર્ગદર્શક તરીકે ઉપસી આવ્યું છે.

ભારતનું અર્થતંત્ર મહામારીમાંથી બહાર આવ્યા બાદ ફરી એક વાર પાટા પર આવી ગયું છે. ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ-જૂન)માં જીડીપીમાં 13.5 ટકાનાં દરે વધારો થયો છે. નાણાકીય વર્ષ 2021-22નાં પ્રથમ ક્વાર્ટરમાં સ્થિર મૂલ્ય

# નવા ભારત-એશિયાની મહાશક્તિ

- એસબીઆઇનાં અહેવાલ પ્રમાણે ભારત 2029 સુધી વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર છે. તાજેતરમાં જ ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે, જે 2014 બાદ પાંચ ક્રમ ઉપર આવ્યું છે. વિકાસનાં વર્તમાન દર સાથે ભારત હવે જર્મની અને જાપાન કરતાં પણ આગળ નીકળી જશે.
- યુવાનોની તાકાત પર વિશ્વાસ મૂકતી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિક્સી રહી છે, તો એમએસએમઇને પણ વિવિધ ક્ષેત્રોમાં મોકળું મેદાન પૂરું પાડવામાં આવ્યું છે. તેમને અનકે પહેલ દ્વારા સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે.
- અમૃત કાળમાં વિક્તિત ભારતનું સપનું સાકાર કરવામાં એમએસએમઇ મોટું માધ્યમ છે. ઉદ્યમ પોર્ટલ પર એક કરોડથી વધુ એમએસએમઇ છે.
- દેશની નવી પેઢી હવે ઇનોવેશનનું જોખમ પણ લઈ રહી છે અને ભૂલોમાંથી શીખીને નવી ઊર્જા સાથે જોડાઇ જાય છે. એમએસએમઇ દ્વારા રોજગારમાં 2019-20ની સરખામણીમાં 116 ટકા વધારો થયો છે. વધતી યુવા શક્તિની મહેનતને પરિણામે જ ભારતમાં લઘુ ઉદ્યોગ એટલે કે એમએસએમઇ અને સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ વિશ્વમાં સૌથી ઝડપથી વિક્સી રહી છે.
- યુવા ઉદ્યોગ સાહસિકોને નવી તકો પૂરી પાડવા માટે સંરક્ષણ, રિસર્ચ ક્ષેત્રને પણ એમએસએમઇ અને સ્ટાર્ટઅપ માટે ખોલી દેવામાં આવ્યા છે. સાથે સાથે, ડ્રોન શક્તિને સુવિધાજનક બનાવવામાં આવી રહી છે. એમએસએમઇની સુવિધા માટે ઉદ્યમ, ઈ-શ્રમ, નેશનલ કેરિયર સર્વિસ (એનસીએસ) અને અસીમ (આત્મનિર્ભર કૌશલ એમ્પ્લોયી-એમ્પ્લોયર મેપિંગ પોર્ટલ)ને ઇન્ટરલિન્ક કરીને તેનું વર્તુળ વધારવામાં આવી રહ્યું છે.
- યુવાનો હવે પોતાના જ એમએસએમઇ અને સ્ટાર્ટઅપનો ગ્રોથ નથી કરી રહ્યા પણ તેની સાથે સાથે પોતાના સાથીઓને રોજગારીની નવી તકો પૂરી પાડી રહ્યા છે. યુવાનોનાં જોશથી એમએસએમઇ-સ્ટાર્ટઅપને ઉત્તેજન મળી રહ્યું છે અને દેશ આત્મનિર્ભર બની રહ્યો છે.

## ઝડપી પ્રગતિ

**નવા ભારતની નોંધપાત્ર સફળતા**

**બ્રિટનને પાછળ મૂકીને વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બન્યું ભારત**

**આઇએમએફનો**

**અંદાજ છે કે ભારત 2026 સુધી પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે**

**બ્લૂમબર્ગનો**

**અંદાજ છે કે બ્રિટનનું અર્થતંત્ર ઊંચો ફુગાવો અને સંભવિત મંદીનો સામનો કરી રહ્યું છે. અંદાજ એવો પણ છે કે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતનો વાસ્તવિક વૃદ્ધિ દર 13.5 ટકા રહ્યો છે, જ્યારે બ્રિટનનો માત્ર 0.1 ટકા.**

- જર્મનીને પાછળ છોડીને ભારત વિશ્વનું ચોથા ક્રમનું મોટું વાહન બજાર બન્યું. ભારતે 2021માં 37.6 લાખ વાહન વેચ્યા, જ્યારે જર્મનીમાં 29.7 લાખ વાહનોનું વેચાણ થયું. ઓગસ્ટ સતત પાંચમો મહિનો છે, જ્યારે ભારતમાં ત્રણ લાખથી વધુ કારનું વેચાણ થયું હોય.
- વૈશ્વિક બજારમાં હવે ભારતીય પ્રોડક્ટ્સ પ્રથમ પસંદગી તરીકે ઊભરી રહી છે. ઇલેક્ટ્રોનિક્સ, પેટ્રોલિયમ અને એન્જિનિયરીંગ ચીજોની નિકાસમાં ભારત અગ્રણી. આ ચીજોની નિકાસમાં એપ્રિલ-ઓગસ્ટ 2021ની સરખામણીમાં આ સમયગાળામાં આ વર્ષે 17 ટકાની વૃદ્ધિ થઇ છે.
- મેક ઇન ઇન્ડિયા-ઇલેક્ટ્રોનિક્સની દુનિયામાં ભારે માંગ છે. 2026 સુધી 300 અબજ ડોલરનાં મૂલ્યનાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન તરફ ભારત અગ્રેસર છે. 120 અબજ ડોલરની નિકાસનું લક્ષ્ય, તબક્કાવાર ઉત્પાદનથી મોબાઇલ ઉદ્યોગ 36 અબજ ડોલરનો થયો. પીએલઆઇ યોજનાથી આ ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહ્યું છે.
- એપ્રિલ-જુલાઇ 2013-14ની સરખામણીમાં એપ્રિલ-જૂન 2022-23માં ખાંડની નિકાસમાં 906 ટકાનો વધારો થયો છે.

પર દેશની જીડીપી 32.46 લાખ કરોડ રૂપિયાનાં સ્તરે હતી, જ્યારે વર્તમાન નાણાકીય વર્ષનાં પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીમાં 13.5 ટકાનાં વધારા સાથે 36.85 લાખ કરોડ રૂપિયાનાં ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. તો દેશનાં અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર આઠ કોર ઉદ્યોગો સૂચકાંકમાં જુલાઇ 2021ની સરખામણીમાં 4.5 ટકાનો વધારો નોંધાયો છે. એપ્રિલ 2022માં આઠ કોર ઉદ્યોગોનો અંતિમ વૃદ્ધિ દર 8.4 ટકાનાં અનુમાનમાં સુધારો કરીને 9.5 ટકા કરવામાં આવ્યો છે. અર્થતંત્રને વધુ મજબૂતી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત પ્રયત્નોનાં પરિણામ હવે સામે આવી રહ્યા છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ભારતીય અર્થતંત્ર મહામારીનાં દુષ્પ્રભાવમાંથી બહાર નીકળીને ગતિ પકડી ચૂક્યું છે. દેશ હવે ઝડપથી આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ

વધી રહ્યો છે.

## મજબૂત નિર્ણયોથી અર્થતંત્રને ગતિ મળી

જ્યારે કોવિડની શરૂઆત થઈ તો કેન્દ્ર સરકારે એક આરોગ્યની સાથે સાથે અર્થતંત્ર પર પડનારી અસરનું પણ આકલન કર્યું હતું. આ મહામારીને કારણે અર્થતંત્ર પર પડનારી અસર જૂની મહામારીની અસરથી અલગ છે એવું સરકારે અનુભવ્યું. કારણ કે કોવિડ મહામારી માંગ પર નકારાત્મક અસર પાડે તેમ હતી. એટલે સરકારની ચિંતા હતી કે આ મહામારી દેશનાં અર્થતંત્ર પર લાંબા સમય સુધી અસર પાડશે. પણ સરકારનું મજબૂત તંત્ર એ દિશામાં કામ કરતું હતું કે આવી સ્થિતિ લાંબા સમય સુધી ન રહે. આ સ્થિતિમાં, સુધારની અનેક પહેલ થઈ. જેમ કે શ્રમ સુધાર, કૃષિ સુધાર, એમએસએમઈની વ્યાખ્યામાં પરિવર્તન, પીએલઆઇ સ્કીમ લાવવી વગેરે. આ સુધારાથી દેશનાં અર્થતંત્રને ઘણાં અંશે ઔપચારિક બનાવવાનો પ્રયત્ન થયો. શેલ કંપનીઓની ઓળખ કરવી, આઈબીસી, જીએસટી જેવાં તમામ પગલાંએ અર્થતંત્રને નિયમના માળખામાં ઢાળવાની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો. તેનો લાભ એ થયો કે અર્થતંત્રને સંગઠિત રીતે આકાર, પ્રકાર, વ્યવહારમાં ઢાળવાનો પ્રયત્ન થયો. સાથે સાથે, રોજગાર આધારિત ક્ષેત્રો પર ફોકસ કરવાનો પણ હેતુ હતો. કેન્દ્ર સરકારનો સ્પષ્ટ અભિગમ હતો કે દેશે માત્ર ટૂંકા ગાળાના પડકારોનો સામનો કરવાની સાથે સાથે અર્થતંત્રને પુનઃ મજબૂત કરવાની સ્થિતિમાં પાછા લાવવાની તાકાત અને માળખાકીય વિકાસને પણ સુનિશ્ચિત કરવાનું છે, જે આ બેવડા હેતુઓને હાંસલ કરવાની ચાવી છે.

## 21મી સદીનાં અર્થતંત્રનો અભિગમ

ભારત એવો દેશ છે જ્યાં 50 ટકા વસતિ 25 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોની છે. એક એવો દેશ જે યુવા જોશ અને વિચારોથી ભરેલો છે અને સતત આગળ વધી રહ્યો છે. પણ સામાન્ય બજેટ જે દેશના અર્થતંત્રને આગળ લઇ જવા માટે કેન્દ્ર સરકાર પાસે ઉપલબ્ધ એક માત્ર સાધન હોય છે તેને માત્ર આવક ખર્ચની પ્રવૃત્તિ પૂરતું મર્યાદિત કરી દેવામાં આવ્યું હતું. પણ વડાપ્રધાન મોદીએ તેમાં નવો ઉમંગ ભર્યો જેથી યુવાનો તેમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરી શકે. વિકાસમાં સમગ્ર દેશ ભાગીદાર બને તે માટે પ્રથમ વાર કોઇ કેન્દ્ર સરકારે 112 પછાત જિલ્લાને આકાંક્ષી નામ આપ્યું અને એ બતાવ્યું કે હવે માત્ર દિલ્હી-મુંબઇની જરૂરિયાતોને પૂરી કરવી એ જ અર્થતંત્રનો વિકાસ નથી પણ અંતિમ વ્યક્તિ સુધી સુવિધાઓની પહોંચ સુનિશ્ચિત કરીને ઔપચારિક અર્થતંત્રમાં બધાંને ભાગીદાર બનાવવાના છે. વાસ્તવમાં જોઇએ તો વર્કિંગ એજ ગ્રૂપમાં કામ કરવામાં સક્ષમ લોકો સ્વેચ્છાએ ગરીબ નથી હોતા. તેઓ ગરીબ એટલાં માટે હોય છે કે અનેક સુવિધાઓ અને તકો તેમનાં સુધી

**વિશ્વ માનવતાને સમર્પિત ભારતીય દવા ઉદ્યોગનાં સફળ પ્રયત્નોથી એપ્રિલ-જુલાઇ 2022માં 2013નાં સમાન સમયગાળાની સરખામણીમાં ભારતીય દવાઓની નિકાસમાં 146 ટકાનો વધારો નોંધાવવામાં આવ્યો છે.**


**દવા ઉદ્યોગની નિકાસ**

| 20,596 | 50,714 |
|---|---|
| કરોડ રૂપિયા | કરોડ રૂપિયા |
| 2013-14 એપ્રિલ-જુલાઇ | 2022-23 એપ્રિલ-જુલાઇ |

> **"જ્યારે કોરોના મહામારી શરૂ થઈ હતી ત્યારે મેં આપત્તિને અવસરમાં બદલવાની વાત કહી હતી. આજે દેશે આ આપત્તિને અવસરમાં બદલીને દર્શાવી આપ્યું છે. કેટલાંક દિવસો પહેલાં જીડીપીનાં જે આંકડા આવ્યા છે, તે દર્શાવે છે કે ભારતે કોરોના કાળમાં જે નીતિઓ બનાવી હતી, જે નિર્ણય લીધા હતા તે કેટલાં મહત્વપૂર્ણ હતા. ગયા વર્ષે આટલાં વૈશ્વિક વિક્ષેપો છતાં ભારતે 670 અબજ ડોલર એટલે કે 50 લાખ કરોડ રૂપિયાની કુલ નિકાસ કરી. દરેક પડકારને પાર કરતા ભારતે 418 અબજ ડોલર એટલે કે 31 લાખ કરોડ રૂપિયાની મર્ચેન્ડાઇઝ નિકાસનો નવો રેકોર્ડ બનાવ્યો."**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન




## 1961થી 2021 સુધી વિશ્વમાં કયા સ્થાન પર રહી ભારતની જીડીપી




### કોવિડ પૂર્વેનાં સ્તરે આવી જીડીપી

| વર્ષ (પ્રથમ ક્વાર્ટર) | જીડીપી (લાખ કરોડ રૂપિયામાં) |
|---|---|
| 2018-19 | 33.84 |
| 2019-20 | 35.49 |
| 2020-21 | 27.07(*કોવિડ લોકડાઉન) |
| 2021-22 | 32.46 |
| 2022-23 | 36.85 |






### જુલાઇમાં 8માંથી છ સેક્ટરમાં ઊંચું ઉત્પાદન


| સેક્ટર | ઉત્પાદન |
|---|---|
| કોલસો | 11.4% |
| વીજળી | 2.2% |
| રિફાઇનરી | 6.2% |
| ફર્ટિલાઇઝર | 6.2% |
| સિમેન્ટ | 2.1% |
| સ્ટીલ | 5.7% |
| ક્રુડ ઓઇલ | -3.8% |
| નેચરલ ગેસ | 0.3% |

પહોંચી શકતી નથી. ભારતમાં ગમે ત્યાં રહેતા નાગરિકો, પછી એ પુરુષ હોય કે મહિલાઓ, બધાંને લઘુતમ વ્યક્તિગત અને સામૂહિક સુવિધાઓનો લાભ મળવો જોઇએ. તેનાંથી 'ઇઝ ઓફ લિવિંગ' વધે છે. આ દિશામાં કેન્દ્ર સરકારે નોંધપાત્ર કામ કર્યા છે. કોવિડ કાળનું સામાન્ય બજેટ એ લાંબા ગાળાનાં અભિગમ પર આધારિત છે.

### ભારતીય અર્થતંત્રમાં વ્યવહારલક્ષી પરિવર્તન

વર્ષ 2013માં એવો સમય પણ હતો જ્યારે ભારતીય અર્થતંત્ર

# રોજગાર મુદ્દે આગળ વધતો દેશ





- ભારતીય અર્થતંત્ર હવે કોરાના મહામારીમાંથી બહાર આવી રહ્યું છે અને કંપનીઓ પણ તેમનાં વેપારનું વિસ્તરણ કરી રહી છે. આનાં માટે ભર્તી પણ સતત વધી રહી છે.
- મહિલાઓનાં બેકારી દરમાં પણ તીવ્ર ઘટાડો નોંધાયો છે. આ વર્ષે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં મહિલાઓનો બેકારી દર 9.5 ટકા રહ્યો, જે ગયા વર્ષે 14.3 ટકા હતો.
- શહેરી ક્ષેત્રનાં પુરુષોનો બેકારી દર એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ઘટીને 7.1 ટકા રહ્યો, જે એક વર્ષ પહેલાંનાં સમાન ક્વાર્ટરમાં 12.2 ટકા અને જાન્યુઆરી-માર્ચમાં 7.7 ટકા હતો.

- દેશની જીડીપીમાં 50 ટકા પ્રદાન આપનાર સર્વિસ સેક્ટર ઝડપી સુધારાનાં માર્ગે છે. ઓગસ્ટ મહિનામાં સર્વિસ સેક્ટરમાં પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ એટલે કે પીએમઆઈ 57.2 રહ્યો. જુલાઈમાં તે 55 હતો.
- મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઓગસ્ટ મહિના માટે પીએમઆઈ ઈન્ડેક્સ ઘટીને 56.2 રહ્યો. જુલાઈનાં મહિનામાં તે 56.4 હતો. 50ની ઉપરનો આંક વિસ્તરણ અને તેનાંથી નીચે સંકોચન દર્શાવે છે.
- એનએસઓએ રોજગાર અંગે કરાયેલા ત્રિમાસિક સર્વે પ્રમાણે શહેરી વિસ્તારોમાં એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં બેકારીનો દર 7.6 ટકા થયો. આ સતત ચોથું ક્વાર્ટર છે જેમાં બેકારીનો દર સિંગલ ડિજિટમાં આવ્યો છે.
- બેકારી દર એટલે લેબર ફોર્સમાં એવા લોકોની સંખ્યા જે રોજગાર વિનાના છે. 2021માં તેમાં વધારો થવાનું કારણ કોવિડ-19 મહામારી બાદ આર્થિક પ્રવૃત્તિમાં થયેલો ઘટાડો છે.

'ફ્રેઝાઈલ ફાઈવ' જૂથનું સભ્ય માનવામાં આવતું હતું. પણ વીતેલાં આઠ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત હવે વિશ્વનું સૌથી ઝડપથી વિકાસ પામી રહેલું અર્થતંત્ર બની ગયું છે. તેનાં માટે આર્થિક સ્તર પર અનેક સુધારા કરવામાં આવ્યા. સૌ પ્રથમ તો ફુગાવાને નિયંત્રણમાં લેવામાં આવ્યો, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવામાં આવ્યું અને પછી રાજકોષીય ખાધને ઘટાડવાની પહેલ કરવામાં આવી. કર જાળને દૂર કરીને એક વ્યવસ્થા લાગુ કરવામાં આવી. એનપીએને ઘટાડવાની દિશામાં બેન્કિંગ સુધારા પર ભાર મૂકવામાં આવ્યો. ઘર ખરીદવા માટે બેન્કોમાંથી મળનારાં ધિરાણ પરનાં વ્યાજ દરમાં ઘટાડો થવાથી કરોડો લોકોનાં ઘર ખરીદવાનાં સપના પૂરા થયા. આ એવી હકીકત છે જે ભારતીય અર્થતંત્રની સકારાત્મક તસવીરને બતાવે છે. એ બતાવે છે કે ભારત અગ્રણી આર્થિક શક્તિ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ચોકક્સપણે, ભારતનાં અર્થતંત્ર અંગે વિશ્વની તમામ એજન્સીઓએ જે અનુમાન લગાવ્યું હતું, ભારત તેનાંથી ઘણો સારો દેખાવ કરી રહ્યો છે. કારણ કે કેન્દ્ર સરકાર માત્ર ત્રિમાસિકથી ત્રિમાસિક ધોરણે નથી વિચારતી પણ લાંબું વિચારે છે. ભારતીય અર્થતંત્ર દૂરદર્શિતા સાથે આગામી 25 વર્ષનાં સંકલ્પ સાથે અમૃત કાળની યાત્રા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ●

# વિજ્ઞાન-ટેકનોલોજીથી ડેરી સેક્ટરનો ઝડપી વિકાસ




**વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં 23 ટકા ભાગીદારી અને સૌથી મોટા દૂધ ઉત્પાદક ભારતમાં ડેરી સેક્ટરને વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડીને સરકાર આ સેક્ટરની તાકાતને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરી રહી છે. ભારતમાં આશરે 50 વર્ષ બાદ 12થી 15 સપ્ટેમ્બર સુધી આયોજિત IDF WDS2022નાં ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "પશુઓનાં મોનિટરીંગ માટે 'પશુ આધાર', 2025 સુધી 100 ટકા પશુઓને રસીકરણ, ટેકનોલોજી અને વિજ્ઞાનની પહેલોથી ખેડૂતોને આર્થિક મજબૂતી મળી રહી છે."**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ IDF WDSમાં ભારતનાં ડેરી સેક્ટરને મજબૂત કરવા માટેનાં અભિયાનમાં સામેલ થવા માટે સેક્ટરનાં વૈશ્વિક લીડર્સને આમંત્રિત કર્ય હતા. ભારતમાં આ સેક્ટરની વિશેષતાઓ એ છે કે તેમાં 'મોટા પાયે ઉત્પાદન'ને બદલે 'વધુ લોકો દ્વારા ઉત્પાદન' થાય છે એટલે કે નાના ખેડૂતો અને ડેરી સહકારિતાની શક્તિ છે. દેશી ઓલાદોની શક્તિ છે અને આ સેક્ટરની કર્ણધાર 70 ટકા વર્કફોર્સ તરીકે મહિલાઓ છે. ભારતમાં ડેરી સેક્ટર સાડા આઠ લાખ કરોડ રૂપિયાનું છે, જેનું મૂલ્ય ચોખા અને ઘઉંનાં કુલ ઉત્પાદન કરતાં પણ વધુ છે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લમ્પિ વાયરસ અંગે કહ્યું, "ભારતનાં અનેક રાજ્યોમાં લમ્પિ નામનાં વાયરસથી પશુધનને નુકસાન થયું છે. તેને કન્ટ્રોલ કરવાનાં ભરપૂર પ્રયાસ થઈ રહ્યાં છે. સ્વદેશી રસી પણ તૈયાર કરી દેવામાં આવી છે. રસીકરણ ઉપરાંત તપાસમાં ઝડપ લાવીને , પશુઓની અવરજવર પર નિયંત્રણ લાવીને બિમારીને કાબુમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે."

ભારતમાં 2014 બાદ સરકારે ભારતનાં ડેરી સેક્ટરને વેગ આપવાનું જે કામ કર્યું છે, તેનાંથી દૂધનું ઉત્પાદન વધ્યું છે એટલું જ નહીં પણ ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે. પશુધન માટે ભારત એવી ડિજિટલ સિસ્ટમ પર કામ કરી રહ્યું છે જેનાંથી સુધારા માટે જરૂરી ચોક્કસ માહિતી મળી શકશે. ●

- ભારતમાં ડેરી સેક્ટરમાં આઠ કરોડથી વધુ પરિવારોને રોજગારી મળે છે.
- 2014માં ભારતમાં 146 મિલિયન ટન દૂધનું ઉત્પાદન થતું હતું જે આજે 44 ટકા વધીને આશરે 210 મિલિયન ટન થઈ ગયું છે.
- ભારતમાં પ્રતિ વ્યક્તિ દૂધની ઉપલબ્ધતા 427 ગ્રામ પ્રતિ દિવસ છે.
- વૈશ્વિક દૂધ ઉત્પાદન બે ટકાનાં દરે વધી રહ્યું છે, જ્યારે ભારતમાં આ ઝડપ ત્રણ ગણ અથવા તો છ ટકા છે.
- ભારતમાં ગાય અને ભેંસની ઉમદા ઓલાદો છે. આશરે 19.3 કરોડ ગાય અને આશરે 11 કરોડ ભેંસ છે.

**"ભારત ડેરી અને પશુઓનો સૌથી મોટો ડેટા બેઝ તૈયાર કરી રહ્યું છે. ડેરી સેક્ટર સાથે સંકળાયેલા દરેક પશુનું ટેગિંગ થઈ રહ્યું છે. આધુનિક ટેકનોલોજીની મદદથી આપણે પશુઓની બાયોમેટ્રિક ઓળખ કરી રહા છીએ. અમે તેનું નામ આપ્યું છે-પશુ આધાર. પશુઓની ડિજિટલ ઓળખથી તેનાં આરોગ્ય પર નજર રાખવાની સાથે સાથે ડેરી પ્રોડક્ટ્સ સાથે સંકળાયેલા માર્કેટનું વિસ્તરણ કરવામાં પણ મદદ મળશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



## સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન

# નવું ભારત નવો આધાર

***પ્રચારકથી માંડીને રાજકારણ અને પછી મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની યાત્રામાં નરેન્દ્ર મોદીની છબી એક એવી વ્યક્તિ તરીકે સ્થાપિત થઈ છે જે ટેકનોલોજીનો ઉપયોગ માત્ર સંવાદ માટે જ નહીં પણ શાસનનાં સ્તર પર સુશાસન માટે પણ કરે છે. એટલાં માટે જ 2014માં દેશનું સુકાન સંભાળતા જ તેમણે સામાન્ય માણસના જીવનમાં સુગમતા માટે ટેકનોલોજી દ્વારા નવાં માર્ગ ખોલવાની શરૂઆત કરી. લાલ બહાદુર શાસ્ત્રીજીના 'જય જવાન, જય કિસાન'નાં સૂત્ર સાથે અટલજીએ જય વિજ્ઞાનને જોડ્યું. તો વડાપ્રધાન મોદીએ તેને આગળ વધારીને સંશોધન દ્વારા ભારતની પ્રગતિની નવી યાત્રાની શરૂઆત કરી. આ યાત્રાનાં ભાગ રૂપે 10 સપ્ટેમ્બરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં આયોજિત પ્રથમ 'કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન સંમેલન'માં ઉદઘાટન ભાષણમાં સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન પર આધારિત વિકાસની વાત કરી...***

21મી સદીનાં ભારતનાં વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા જેવું છે જેમાં દરેક ક્ષેત્રમાં વિકાસ થાય. દરેક રાજ્યનાં વિકાસને વેગ આપવાનું સામર્થ્ય છે. આજે જ્યારે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નેતૃત્વ કરવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે તેમાં ભારતનાં વિજ્ઞાન અને તેની સાથે સંકળાયેલા લોકોની ભૂમિકા ઘણી મહત્વની છે. આ સ્થિતિમાં નીતિ ઘડનારાઓની જવાબદારી વધી જાય છે. તેમાં કેન્દ્રીય શાસનની મહત્વની ભૂમિકા છે, તો રાજ્યોની પણ મહત્વની જવાબદારી છે. આ વાતને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વિઝન પ્રમાણે પ્રથમવાર અમદાવાદમાં બે દિવસનાં 'કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું. તેનો હેતુ વિઝન 2047ની સાથે સાથે રાજ્યોમાં સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન દ્વારા, આરોગ્ય ક્ષેત્રમાં ડિજિટલાઇઝેશન, રિસર્ચ અને ડેવલપમેન્ટમાં ખાનગી ક્ષેત્રનાં રોકાણને બમણું કરવું, કૃષિ, ઊર્જા, સ્વચ્છ ઊર્જા, પાણી જેવા ક્ષેત્રોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા પર મંથન કરવાનો હતો.

ઉદઘાટન સત્રને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇતિહાસનું ઉદાહરણ આપ્યું તો વીતેલાં આઠ વર્ષમાં ઈનોવેશનની દિશામાં ભારતનાં બદલાતા અભિગમનો પણ ઉલ્લેખ કર્યો. પ્રસ્તુત છે વડાપ્રધાન મોદીના સંબોધનનાં મુખ્ય અંશઃ

### પ્રેરણા જરૂરી છે

# શાસ્ત્રો અને ગ્રંથોનું વારંવાર વાંચન કરો



વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેઓ અભ્યાસ ક્ષેત્રમાં નવી પહેલ કરતા હતા. ગુજરાતના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટે તેમણે 'ગુણોત્સવ'નો પ્રારંભ કર્યો. આ એક એવી પહેલ હતી જેનાં દ્વારા એવો જાણવાનો પ્રયાસ કરવામાં આવતો હતો કે બાળકો કેટલું અને શું શીખી રહ્યા છે. એટલું જ નહીં, સમગ્ર વિશ્વ જ્યારે યુવા પેઢીમાં ભણવાની આદતને કઇ રીતે કેળવવી એ અંગે ચિંતા કરતું હતું ત્યારે ગુજરાતમાં તેમણે યુવા પેઢીને પુસ્તકો વાંચતા કરવા માટે 'વાંચે ગુજરાત'નો પ્રારંભ કરાવ્યો હતો. એટલું જ નહીં, સરકારી કાર્યક્રમોમાં 'બુકે નહીં પણ બુક આપો' એવાં તેમનાં આગ્રહને લોકોએ સ્વીકારી લીધો. દેશનું ભાવિ જેમનાં હાથમાં છે તેવા બાળકો અને યુવાનો પુસ્તકોથી દૂર થઈ રહ્યા છે ત્યારે આ પહેલ સીમાચિહ્ન સાબિત થઈ છે. 8 સપ્ટેમ્બરનાં રોજ અમદાવાદમાં નવભારત સાહિત્ય મંદિર દ્વારા 'કલમનો કાર્નિવલ' નામથી આયોજિત પુસ્તક મેળાનુ ઉદઘાટન કરતા વડાપ્રધાને જણાવ્યું, "શાસ્ત્રો, ગ્રંથો અને પુસ્તકોનો વારંવાર અભ્યાસ કરતા રહેવું જોઇએ, તો જ તે અસરકારક અને ઉપયોગી રહે છે. આ વાત એટલા માટે વધુ મહત્વની બની જાય છે કારણ કે આજના ઇન્ટરનેટના યુગમાં એ વિચારસરણી હાવી થઇ રહી છે કે જ્યારે જરૂર પડશે ત્યારે આપણે ઇન્ટરનેટની મદદ લઇશું. ટેકનોલોજી નિઃશંકપણે આપણા માટે માહિતીનો મહત્ત્વનો સ્ત્રોત છે, પરંતુ તે પુસ્તકોને, પુસ્તકોનો અભ્યાસને બદલવાનો માર્ગ નથી. જ્યારે માહિતી આપણા મગજમાં હોય છે, ત્યારે મગજ તે માહિતીને ઊંડાણપૂર્વક પ્રોસેસ કરે છે, તેની સાથે સંકળાયેલા નવાં પરિમાણો આપણા મગજમાં આવે છે."

વડાપ્રધાન મોદીએ જણાવ્યું, "ગઈ શતાબ્દિનાં પ્રારંભિક વર્ષોમાં જ્યારે વિશ્વ મહામારીનો સામનો કરી રહ્યું હતું ત્યારે પશ્ચિમ અને પૂર્વ બંને વૈજ્ઞાનિક સંશોધનમાં વ્યસ્ત હતા. પશ્ચિમના આઇન્સ્ટાઇન, ફર્મી, નીલ્સ બોર, ટેસ્લા જેવા વૈજ્ઞાનિક વિશ્વને ચોંકાવી રહ્યા હતા, તો એ જ સમયમાં સી વી રમન, જે સી બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, મેઘનાદ સાહા અને એસ ચંદ્રશેખર જેવા વૈજ્ઞાનિક નવી નવી શોધ સામે લાવી રહ્યા હતા. પણ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો ફર્ક એ રહ્યો કે આપણે આપણા વૈજ્ઞાનિકોનાં કામની પ્રશંસા ન કરી. પરિણામ એ આવ્યું કે આવનારી પેઢીઓને જે પ્રેરણા મળવી જોઈતી હતી તે ન મળી શકી."

કોવિડ સમયનું ઉદાહરણ આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "ભારત કોરોનોની રસી વિક્સાવી શક્યું અને 200 કરોડથી વધુ વેક્સિન ડોઝ લગાવવામાં આવ્યા છે તો તેની પાછળ આપણા વૈજ્ઞાનિકોની મોટી તાકાત છે."

## વિજ્ઞાન આધારિત વિકાસનો અભિગમ

સરકારનાં બદલાયેલા અભિગમને પરિણામે ઇનોવેશનનાં મુદ્દે ભારત આજે વિશ્વનાં ટોચનાં 20 દેશોમાં સામેલ છે. વડાપ્રધાન મોદીએ તેનો ઉલ્લેખ કરતા કહ્યું, ""મને ખુશી છે કે અમારી સરકાર વિજ્ઞાન આધારિત વિકાસનાં અભિગમ સાથે આગળ વધી રહી છે. આજે ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં 46મા સ્થાન પર છે, જ્યારે 2015માં ભારત 81મા ક્રમે હતું."

## સાયન્સ અને ઇનોવેશન પર આધારિત મિશન

આજની યુવાન પેઢી  અત્યંત ઝડપથી નવી ટેકનોલોજીને અપનાવી લેતી હોય છે. ભારતનો વિચાર પણ આ દિશામાં નવાં માર્ગ ખોલી રહ્યો છે. વડાપ્રધાને જણાવ્યું, સ્પેસ મિશન હોય, ડીપ સમૂદ્ર મિશન હોય, નેશનલ સુપર કમ્પ્યુટિંગ મિશન હોય, સેમિકન્ડક્ટર મિશન હોય, મિશન હાઇડ્રોજન હોય, ડ્રોન ટેકનોલોજી હોય, આવા અનેક અભિયાનો પર ઝડપથી કામ થઈ રહ્યું છે.

## કેન્દ્ર અને રાજ્યોની મહત્વની ભૂમિકા

આ અમૃતકાળમાં આપણે આગામી 25 વર્ષમાં વિક્સિત ભારતનું લક્ષ્ય લઇને ચાલી રહ્યા છે ત્યારે ભારતને રિસર્ચ અને ઇનોવેશનનું વૈશ્વિક કેન્દ્ર બનવવા માટે જરૂરી છે કે કેન્દ્ર અને રાજ્ય બંને મળીને આ દિશામાં કામ કરે. એટલાં માટે વડાપ્રધાન મોદીએ રાજ્યોને આહવાન કરતા જણાવ્યું કે, દરેક રાજ્ય સાયન્સ, ઇનોવેશન અને ટેકનોલોજી સંલગ્ન આધુનિક પોલિસીનું નિર્માણ કરે, તેનાં પર અમલ કરે. સરકાર તરીકે આપણે આપણા વૈજ્ઞાનિકોની સાથે વધુને વધુ સહયોગ અને સમન્વય સ્થાપિત કરવો પડશે. તેનાંથી દેશમાં માહોલ વધશે. રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ છે, તેમાં ઇનોવેશન લેબની સંખ્યા પણ વધારવી જોઇએ. શાળાઓમાં સાયન્સની આધુનિક લેબની સાથે સાથે અટલ ટિંકરિંગ લેબ્સનું નિર્માણના અભિયાનને પણ આપણે વેગીલું બનાવવાનું છે. ●



# શિક્ષક જ સપના જોવાનું અને તેને સંકલ્પમાં બદલવાનું શીખવાડે છે

**શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સંબંધ જીવનભરનો હોય છે. એટલાં માટે નવા ભારતને ઘડવામાં શિક્ષકોની ભૂમિકા મહત્વની હોય છે. આપણા શિક્ષક પોતાનાં કામને માત્ર એક વ્યવસાય નથી માનતા પણ તેમનાં માટે ભણાવવું એ પવિત્ર અને નૈતિક ફરજ છે. સંસ્કારો સાથે નવા ભારતનાં સર્જનમાં જોડાયેલાં આવા રાષ્ટ્ર નિર્માતા 45 શિક્ષકોની પસંદગી રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર, 2022 માટે કરવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ 5 સપ્ટેમ્બરનાં રોજ શિક્ષક દિવસે તેમની સાથે વાતચીત કરી.. અને એ જ દિવસે નવી શરૂઆત થઈ-પીએમ શ્રી સ્કુલોની, જે ભારતનાં ભવિષ્યને વધુ સારુ બનાવશે....**

વિશ્વમાં પ્રગતિ એમની જ થાય છે જેઓ મોટાં સપના જૂએ છે, મોટા સંકલ્પ લે છે. સાચો શિક્ષક વિદ્યાર્થીઓને સપના જોવા માટે અને તેને સાકાર કરવા માટે પ્રેરિત કરે છે. રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર વિજેતાઓ સાથે વાતચીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિક્ષકોનાં જ્ઞાન અને સમર્પણ અંગે ચર્ચા કરતા જણાવ્યું કે, તેમની સૌથી મોટી ગુણવત્તા સકારાત્મક દ્રષ્ટિકોણ છે, જે વિદ્યાર્થીઓને સુધારા માટે સતત કામ કરવા સક્ષમ બનાવે છે. વડાપ્રધાને કહ્યું, "શિક્ષકની ભૂમિકા કોઇ પણ વ્યક્તિને સાચો માર્ગ બતાવવાની છે. શિક્ષક જ સપના જોવાનું અને તે સપનાને સંકલ્પમાં બદલવાનું શીખવાડે છે." તેમણે કહ્યું, "2047નાં ભારતની સ્થિતિ અને નિયતિ આજનાં વિદ્યાર્થીઓ પર આધારિત છે. તેમનાં ભવિષ્યને આજનાં શિક્ષકો દ્વારા આકાર આપવામાં આવી રહ્યો છે. એટલાં માટે તમે વિદ્યાર્થીઓને તેમનાં જીવનનો આકાર આપવામાં મદદ કરી રહ્યા છો અને દેશની રૂપરેખા પણ નિર્ધારિત કરી રહ્યા છો." વડાપ્રધાને કહ્યું, "જ્યારે એક શિક્ષક વિદ્યાર્થીના સપના સાથે જોડાઈ જાય છે ત્યારે તેને સન્માન અને સ્નેહ મેળવવામાં સફળતા મળી જાય છે." પોતાના સંબોધનમાં વડાપ્રધાને દેશનાં શિક્ષકોને ભારતનાં ભવિષ્યમાં એક સમાન ઉત્સાહને જાગૃત કરવાનો આગ્રહ કર્યો જેથી તેની તાકાત અનેક ગણી વધે.

### આપણે બાળકો સાથે જોડાણ સ્થાપવું પડશે

વડાપ્રધાને વિદ્યાર્થીઓનાં જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સંઘર્ષ અને વિરોધાભાસને દૂર કરવાનાં મહત્વ અંગે પણ ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે, એ મહત્વનું છે કે એક વિદ્યાર્થી શાળા, સમાજ અને ઘરમાં જે અનુભવ કરે છે તેમાં કોઇ વિરોધાભાસ ન હોય. તેમણે વિદ્યાર્થીઓને વિકાસ માટે વિદ્યાર્થીઓનાં પરિવારો સાથે શિક્ષકો અને સહભાગીઓ દ્વારા એક સંકલિત દ્રષ્ટિકોણની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે વિદ્યાર્થીઓ માટે પસંદ-નાપસંદ ન રાખવાની અને દરેક વિદ્યાર્થી સાથે સમાન વ્યવહાર કરવાની પણ સલાહ આપી.

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં શિક્ષકોની મોટી ભૂમિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની થઇ રહેલી પ્રશંસા પર પ્રકાશ ફેંકતા જણાવ્યું કે, આ સાચી દિશામાં લેવાયેલું પગલું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિને એકથી

## રાષ્ટ્રીય પુરસ્કારનો હેતુ શિક્ષકોનું સન્માન કરવાનો છે

શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવાનો હેતુ દેશનાં કેટલાંક ઉત્તમ શિક્ષકોનાં અદ્વિતીય યોગદાનનો ઉત્સવ મનાવવાનો અને તેમનું સન્માન કરવાનો છે, જેમણે પોતાની પ્રતિબધ્ધતા અને આકરી મહેનતથી શાળાકીય શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો એટલું જ નહીં પણ પોતાનાં વિદ્યાર્થીઓનાં જીવનને પણ સમૃધ્ધ કર્યા છે. રાષ્ટ્રીય પુરસ્કારનાં માધ્યમથી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ભણતા મેધાવી શિક્ષકોને જાહેર માન્યતા આપવામાં આવે છે. આ વર્ષે પુરસ્કાર માટે ત્રણ તબક્કામાં કડક અને પારદર્શક ઓનલાઈન પ્રક્રિયા દ્વારા દેશભરમાંથી 45 શિક્ષકોની પસંદગી કરવામાં આવી.

વધુ વાર વાંચવાની જરૂરિયાત પર ભાર મૂકતા વડાપ્રધાને મહાત્મા ગાંધીનો સંદર્ભ ટાંક્યો, જેમાં તેમણે વારંવાર ભગવદ્ ગીતાને વાંચી અને દર વખતે નવો અર્થ મળ્યો. વડાપ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને એ રીતે આત્મસાત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો કે આ સરકારી દસ્તાવેજ વિદ્યાર્થીના જીવનનો આધાર બની જાય. તેમણે જણાવ્યું, “રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બનાવવામાં આપણા શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.” તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં અમલમાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

### શાળામાં ‘પંચ પ્રણ’ પર નિયમિત રીતે ચર્ચા

વડાપ્રધાને તેમણે સ્વતંત્રતા દિવસે પંચ પ્રણ’ની કરેલી જાહેરાત યાદ કરતા સૂચન કર્યું કે આ પાંચ પ્રણ (પ્રતિજ્ઞા) પર શાળામાં નિયમિત રીતે ચર્ચા કરી શકાય તેમ છે જેથી વિદ્યાર્થીઓ માટે તેમની ભાવના સ્પષ્ટ થાય. તેમણે જણાવ્યું કે, આ પ્રસ્તાવોની પ્રશંસા રાષ્ટ્રની પ્રગતિ માટેનાં માર્ગ તરીકે થઈ રહી છે અને આપણે આ બાળકો અને વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનો રસ્તો શોધવાની જરૂર છે. વડાપ્રધાને જણાવ્યું કે, “સમગ્ર દેશમાં એવો કોઈ વિદ્યાર્થી ન હોવો જોઈએ જેની પાસે 2047 માટે સપનું ન હોય.”

### 250 વર્ષ સુધી જેમણે રાજ કર્યું, તેઓ પાછળ રહી ગયા

યુનાઈટેડ કિંગડમને પાછળ છોડીને વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બનવાની ભારતની ઉપલબ્ધિ અંગે પણ વડાપ્રધાન મોદીએ ચર્ચા કરી. તેમણે તિરંગા પ્રત્યે ઉત્સાહથી જણાવ્યું, જેને કારણે ભારત આજે વિશ્વમાં નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. વડાપ્રધાને જણાવ્યું, આ ઉત્સાહ આજે જરૂરી છે. વડાપ્રધાને બધાંને દેશ માટે જીવવાનો, મહેનત કરવાનો અને મરવાનો એ ઉત્સાહ જગાવવાનો આગ્રહ કર્યો, જે 1930થી 1942 દરમિયાન જોવા મળ્યો હતો, જ્યારે દરેક ભારતીય સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે લડી રહ્યો હતો. વડાપ્રધાને જણાવ્યું, “હું મારા દેશને પાછળ નહીં રહેવા દઉં. આપણે હજારો વર્ષોની ગુલામીની બેડીઓને તોડી છે, અને હવે આપણે નહીં રોકાઈએ. આપણે માત્ર આગળ જ વધીશું.” ●

# શિક્ષણની સ્થિતિ બદલશે 14,500 પીએમ-શ્રી સ્કુલ

બદલાતા સમયની સાથે યુવાનોનું ભવિષ્ય તૈયાર કરવા માટે ટેકનોલોજીની સાથે રિસર્ચ પણ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે શિક્ષક દિવસનાં રોજ સમગ્ર દેશમાં ‘પ્રધાનમંત્રી સ્કુલ્સ ફોર રાઈઝિંગ ઈન્ડિયા’ (પીએમ-શ્રી) યોજનાની જાહેરાત કરી. આ યોજના અંતર્ગત દેશભરમાં 14,500 શાળાઓનાં વિકાસ અને આધુનિકીકરણ કરવામાં આવશે. પીએમ-શ્રી સ્કુલથી દેશભરમાં લાખો વિદ્યાર્થીઓને ફાયદો થશે. ખાસ વાત એ છે કે પીએમ-શ્રી યોજના અંતર્ગત આવનારી શાળાઓનો લાભ સામાન્ય માણસનાં બાળકોને પણ મળશે. આ તમામ મોડલ સ્કુલ બનશે અને તેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભાવના સમાહિત હશે. પીએમ શ્રી શાળાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નાં તમામ ઘટકો અથવા વિશેષતાઓનો સમાવેશ થશે અને તે અનુકરણીય શાળાઓ તરીકે કામ કરશે અને તેની સાથે સાથે નજીકની શાળાઓને પણ માર્ગદર્શન આપશે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત આ યોજનાનો અમલ કેન્દ્ર સરકાર, રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ અને સ્થાનિક સુધરાઈની વર્તમાન શાળાને વિક્સાવવા માટે કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ પહેલની પ્રશંસા કરી.

## વિદ્યાર્થીઓને શિક્ષીત કરવાની સાથે, તેમનાં જીવનને પણ બદલવાનું છે

- **પીએમ-શ્રી સ્કુલોમાં શિક્ષણ પૂરું પાડવાની આધુનિક, પરિવર્તનકારી અને સંપૂર્ણ પધ્ધતિ હશે. તેમાં શોધ-કેન્દ્રી, જ્ઞાન-પ્રાપ્તિ કેન્દ્રીત શિક્ષણ પર ભાર મૂકવામાં આવશે. લેટેસ્ટ ટેકનોલોજી, સ્માર્ટ ક્લાસરૂમ, સ્પોર્ટ્સ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મૂકવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ પુસ્તકિયા જ્ઞાન ઉપરાંત પ્રેક્ટીકલ પણ શીખી શકે.**
- **આ શાળાઓને ‘ગ્રીન સ્કુલ’ તરીકે વિક્સાવવામાં આવશે, જેનાં અભ્યાસક્રમમાં જળ સંરક્ષણ, વોટર રિસાઈકલિંગ, ઊર્જાનો ઓછો ઉપયોગ કરે તેવી માળખાકીય સુવિધાઓ અને વિદ્યાર્થીઓ તથા પર્યાવરણ માટે સ્વસ્થ જીવનશૈલીનો સમાવેશ થાય છે. દરેક ક્લાસમાં દરેક બાળક દ્વારા જ્ઞાન પ્રાપ્તિમાં કાર્યક્ષમતા પ્રાપ્ત કરવા પર ધ્યાન આપવામાં આવશે.**



# ભારત-બાંગલાદેશ મજબૂત થઈ રહેલા સંબંધો..

**ભારત-બાંગલાદેશ વચ્ચેનાં સંબંધો ભારતની 'નેબર ફર્સ્ટ' (પડોશી પ્રથમ) નીતિનો મહત્વપૂર્ણ હિસ્સો છે. છેલ્લાં આઠ વર્ષમાં ભારત-બાંગલાદેશ સંબંધો મજબૂત થયા છે, સમસ્યાઓનાં ઉકેલ પણ આવ્યા છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની સાથે ભૌગોલિક, કનેક્ટિવિટી, ઊર્જા અને આર્થિક ક્ષેત્રમાં ભારતનાં મહત્વનાં પડોશી દેશ સાથે સહયોગ વધારવા પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. બાંગલાદેશનાં વડાપ્રધાન શેખ હસીના 5-8 સપ્ટેમ્બર સુધી ભારતની મુલાકાતે આવ્યા, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠકમાં 26 વર્ષમાં પ્રથમ વાર પાણીની વહેંચણીની સમજૂતિની સાથે સાત સહકાર સમજૂતિએ નવી દિશા આપી....**

**"ભારત બાંગલાદેશનો સૌથી મહત્વનો અને સૌથી નજીકનો પડોશી દેશ છે. ભારત-બાંગલાદેશ દ્વિપક્ષીય સંબંધોને પડોશની કૂટનીતિ માટે આદર્શ માનવામાં આવે છે. હું લગભગ ત્રણ વર્ષ પછી ભારત આવી રહી છું. હું ભારતનો આભાર માનું છું અને અમારી વચ્ચે આગળ જતાં સકારાત્મક પ્રસ્તાવોની અપેક્ષા કરું છું.**

**-શેખ હસીના, વડાપ્રધાન, બાંગલાદેશ**

બાંગલાદેશના વડાપ્રધાન શેખ હસીના 5થી 8 સપ્ટેમ્બર 2022 સુધી ભારતનાં ચાર દિવસનાં પ્રવાસે આવ્યા હતા જેમાં તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી. આ દરમિયાન સાત સમજૂતિ થઈ અને પાંચ પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરવાની જાહેરાત અને અનાવરણ કરવામાં આવ્યા.

વીતેલાં કેટલાંક વર્ષોમાં ભારત-બાંગલાદેશ વચ્ચે જમીન, રેલ અને જળ સંપર્કની સમજૂતિઓનાં અમલ બાદ જળ વહેંચણી અને ટેકનોલોજી અંગે પરસ્પર સહયોગની સમજૂતિથી બંને દેશો વચ્ચે સંબંધો અને મજબૂતી મળશે. આ અગાઉ, શેખ હસીના 2019માં ભારતની મુલાકાતે આવ્યા હતા.

ભારત અને બાંગલાદેશ એક બીજા સાથે 4096.7 કિલોમીટર લાંબી સહિયારી સરહદ ધરાવે છે. એટલાં માટે ભારત અને બાંગલાદેશ સરકારો પરસ્પર સંબંધોને વધુ સુધારવા પર ભાર મૂકે છે. તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગલાદેશનાં વડાપ્રધાન શેખ હસીના વચ્ચે 2014થી અત્યાર સુધી ડઝન વાર મુલાકાત થઈ ચૂકી છે. ભારતની મુલાકાતે રવાના થતાં પહેલાં વડાપ્રધાન શેખ હસીનાએ કોવિડ મહામારી દરમિયાન 'વેક્સિન મૈત્રી' અંતર્ગત મદદ અને બાંગલાદેશનાં નાગરિકોને યુક્રેનથી સલામત પાછા લાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

બાંગલાદેશની સ્વતંત્રતામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર ભારત અને બાંગલાદેશનાં રાજદ્વારી સંબંધોએ 2021માં 50 વર્ષ પૂરાં કર્યા છે. રાજદ્વારી સંબંધોનાં 50 વર્ષ (6 ડિસેમ્બર, 2021)ને બંને દેશોએ 'મૈત્રી દિવસ' તરીકે મનાવ્યો હતો. બંને દેશો આ રાજદ્વારી સંબંધોને મજબૂતીથી આગળ વધારી રહ્યા છે. આ માટે સહયોગ સમજૂતિઓ, વિવાદોને ઉકેલવામાં સકારાત્મક રૂખ જોવા મળ્યું છે. એટલું જ નહીં, સદીની સૌથી મોટી મહામારી કોરોનામાં ભારતે કોવિડ-19 રસીની સૌથી મોટી ખેપ મોકલી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ માર્ચ 2021માં તેમની પ્રથમ વિદેશ યાત્રા બાંગલાદેશની હતી. તો ભારતના રાષ્ટ્રપતિ ડિસેમ્બર 2021માં બાંગલાદેશનાં 50મા વિજય દિવસ સમારોહમાં સામેલ થયા.



# નવી ઊંચાઇને સ્પર્શશે ભારત-બાંગલાદેશ મૈત્રી

- પડોશી પ્રથમ નીતિ અંતર્ગત બાંગલાદેશ મહત્વનું ભાગીદાર રહ્યું છે. વડાપ્રધાન શેખ હસીનાનો પ્રવાસ આપણા આઝાદીનાં અમૃત મહોત્સવ કાળમાં થઈ રહ્યો છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આગામી 25 વર્ષનાં અમૃત કાળમાં ભારત-બાંગલાદેશ મિત્રતા નવી ઊંચાઇને સ્પર્શશે.
- આજે બાંગલાદેશ ભારતનું સૌથી મોટું ભાગીદાર અને વેપારી ભાગીદાર છે. અમે આઇટી, અવકાશ અને પરમાણુ ઊર્જા જેવા ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવાનો નિર્ણય લીધો છે, જે આપણી યુવા પેઢીઓ માટે રસનાં વિષય છે.
- અમે જળવાયુ પરિવર્તન અને સુંદરવન જેવા સહિયારા વારસાની જાળવણી માટે પણ સહયોગ ચાલુ રાખીશું.
- કુશિયારા નદીની પાણીની વહેંચણી પર સમજૂતિથી ભારતમાં દક્ષિણ આસામ અને બાંગલાદેશમાં સિલહટ ક્ષેત્રને લાભ થશે. ભારતાં બાંગલાદેશ સરહદ પરથી 54 નદીઓ પસાર થાય છે અને સદીઓથી બંને દેશોનાં લોકોને તે આજીવિકા પૂરી પાડે છે.

*(વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વડાપ્રધાન શેખ હસીનાની દ્વિપક્ષીય મંત્રણા બાદ જારી વક્તવ્યના મુખ્ય અંશ)*

**"આજે અમે આતંકવાદ અને કટ્ટરવાદ વિરુધ્ધ સહયોગ પર ભાર મૂક્યો છે. 1971ની ભાવનાને જીવિત રાખવા માટે બહુ જરૂરી છે કે આપણે સાથે મળીને એવી તાકાતનો સામનો કરીએ જે આપણા પરસ્પર વિશ્વાસ પર હૂમલો કરતી હોય.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## આ સાત સમજૂતિઓ થઈ

1. ભારત-બાંગલાદેશ સરહદ પર કુશિયારા નદીમાંથી પાણીનાં નિકાલની સમજૂતિ.
2. બાંગલાદેશ રેલવ અધિકારીઓને ભારતીય રેલવે તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવશે.
3. રેલવેમાં ફ્રેઇટ મેનેજમેન્ટ સિસ્ટમ અને અન્ય આઇટી આધારિત ક્ષમતાઓ વધારવામાં ભારત બાંગલાદેશને મદદ કરશે.
4. બાંગલાદેશની સુપ્રીમ કોર્ટ અને ભારતની નેશનલ જ્યુડિશિયલ એકેડેમી વચ્ચે બાંગલાદેશના કાયદા અધિકારીઓને ભારતમાં તાલીમ માટે સમજૂતિ.
5. વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધી સહયોગ માટે ભારતની સાયન્ટિફીક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ તથા બાંગલાદેશ વચ્ચે સમજૂતિ.
6. સ્પેસ અને ટેકનોલોજીનાં ક્ષેત્રમાં સહકાર સમજૂતિ.
7. ટીવી પ્રસારણ ક્ષેત્રે પ્રસાર ભારતી અને બાંગલાદેશ ટેલિવિઝન વચ્ચે સમજૂતિ.

## આ પ્રોજેક્ટ્સ શરૂ અને જાહેર થયા

- **મૈત્રી વીજળી પ્લાન્ટનું અનાવરણ-** રામપાલ, ખુલનામાં 1320 મેગાવોટ. તેમાં ખર્ચ થનાર બે અબજ ડોલરમાં ભારતીય વિકાસ સહાયતા તરીકે 1.6 અબજ ડોલર ખર્ચ થશે.
- **રૂપશા પુલનો શુભારંભ-** આ પુલ મોંગલા પોર્ટને રેલ માર્ગે ખુલના અને મધ્ય અને ઉત્તર બાંગલાદેશ સુધી જોડે છે. ભારતની સરહદમાં પશ્ચિમ બંગાળના પેટ્રોપોલ અને ગેદેને પણ જોડે છે.
- **માર્ગ નિર્માણ સંબંધિત પુરવઠો-** માર્ગ નિર્માણ સંબંધિત ઉપકરણ અને મશીનરીની 25 પેકેજોમાં સપ્લાય કરશે ભારત.
- **ખુલના દર્શના રેલવે લાઇન લિન્ક પ્રોજેક્ટ-** બંને દેશો વચ્ચે હાલમાં ઢાકા સુધી અને ભવિષ્યમાં મોંગલા પોર્ટ સુધી રેલવે કનેક્ટિવિટીમાં વધારો થશે.
- **પાર્વતીપુર-કૌનિયા રેલવે લાઇન-** વર્તમાન મીટર ગેજ લાઇનને ડબલ ગેજ લાઇનમાં બદલનારી લાઇન બિરોલ (બાંગલાદેશ)-રાધિકાપુર (પશ્ચિમ બંગાળ)માં વર્તમાન ક્રોસ બોર્ડર રેલવેથી જોડાશે. ●

## એસસીઓમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, ભારતમાં 70,000 સ્ટાર્ટઅપ, 100થી વધુ યુનિકોર્ન..

# અનુભવ વહેંચવા માટે તૈયાર




**આજે સમગ્ર વિશ્વ મહામારી બાદ આર્થિક રિકવરીનાં પડકારનો સામનો કરી રહ્યું છે, ત્યારે શાંઘાઈ સહકાર સંગઠન (SCO)ની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. SCOના સભ્ય દેશો વૈશ્વિક જીડીપીમાં લગભગ 30 ટકા યોગદાન આપે છે અને વિશ્વની 40 ટકા વસ્તી પણ SCO દેશોમાં રહે છે અને ભારત અને SCO સભ્યો વચ્ચે વધુ સહયોગ અને પરસ્પર વિશ્વાસનું સમર્થન કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 અને 16 સપ્ટેમ્બરનાં રોજ ઉઝબેકિસ્તાનમાં આયોજિત શાંઘાઈ સહકાર સંગઠનનાં શિખર સંમેલનમાં ભાગ લીધો....**

ઉઝબેકિસ્તાનના ઐતિહાસિક શહેર સમરકંદમાં 16 સપ્ટેમ્બરનાં રોજ આયોજિત શાંઘાઈ સહકાર સંગઠનની 22મી બેઠકમાં વિશ્વનાં શક્તિશાળી દેશોનાં વડાઓ એક સાથે બેઠાં ત્યારે બધાંની નજર તેમનાં પર હતી. બે દિવસના સંમેલનનાં પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંબોધન કર્યું. પોતાના સંબોંધનમાં તેમણે ટેકનોલોજી સાથે વિકાસ અને અર્થતંત્રમાં ભારતનાં વધતાં ડગનો ઉલ્લેખ કર્યો, તો સભ્ય દેશો સાથે પોતાનાં અનુભવ વહેંચવાની પણ વાત કરી. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું, "અમે ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં પ્રગતિ કરી રહ્યા છીએ. ભારતનું યુવા અને પ્રતિભાશાળી કાર્યબળ આપણને કુદરતી રીતે સ્પર્ધાત્મક બનાવે છે. ભારતની અર્થવ્યવસ્થા આ વર્ષે 7.5 ટકાના દરે વૃદ્ધિ પામવાની ધારણા છે, જે વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ હશે. આપણા લોકો-કેન્દ્રિત વિકાસ મોડેલમાં ટેક્નોલોજીના યોગ્ય ઉપયોગ પર પણ ઘણું ધ્યાન આપવામાં આવ્યું છે. અમે દરેક ક્ષેત્રમાં ઈનોવેશનને સમર્થન આપી રહ્યા છીએ. ભારતમાં

આજે 70,000 થી વધુ સ્ટાર્ટ-અપ્સ છે, જેમાંથી 100 થી વધુ યુનિકોર્ન છે. અમારો આ અનુભવ અન્ય ઘણા SCO સભ્યો માટે પણ ઉપયોગી થઈ શકે છે. આ હેતુ માટે, અમે સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન પર નવા સ્પેશિયલ વર્કિંગ ગ્રુપની સ્થાપના કરીને SCO ના સભ્ય દેશો સાથે અમારો અનુભવ વહેંચવા માટે તૈયાર છીએ. વડાપ્રધાન મોદીએ શાંઘાઈ સહકાર સંગઠનના શિખર સંમેલનમાં હિન્દીમાં ભાષણ કર્યું હતું. સંમેલનને સંબોધતા વડાપ્રધાન મોદીએ શાંઘાઈ સહકાર સંગઠનનાં દેશો વચ્ચે પરંપરાગત ઔષધ પર સહયોગ વધારવા પર પણ ભાર મૂક્યો. પીએમ મોદીએ કહ્યું, “ભારત આજે વિશ્વમાં મેડિકલ અને વેલનેસ ટુરિઝમ માટે સૌથી વધુ પોસાય તેવા સ્થળોમાંનું એક છે. આપણે SCO દેશો વચ્ચે પરંપરાગત દવા પર સહકાર વધારવો જોઈએ. આ માટે ભારત પહેલ કરશે.” વડાપ્રધાન મોદી ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ મિર્ઝિયોયેવના આમંત્રણથી એસસીઓના વડાઓની પરિષદમાં ભાગ લેવા માટે સમરકંદની મુલાકાતે ગયા હતા.

### વડાપ્રધાન અબ્દુલ્લા અરિપોવે પીએમ મોદીનું ભાવભીનું સ્વાગત કર્યું

સમરકંદ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉઝબેકિસ્તાનના વડાપ્રધાન અબ્દુલ્લા અરિપોવે ભાવભીનું સ્વાગત કર્યું હતું. એરપોર્ટ પર વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે ઉઝબેકિસ્તાનના અનેક મંત્રીઓ, સમરકંદના રાજ્યપાલ અને સરકારનાં અનેક વરિષ્ઠ અધિકારી પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુટીન, ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસી અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શાવકત મિર્ઝિયોયેવ સાથે દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લીધો.

### મધ્ય એશિયામાં ભારતની ભૂમિકા માટે મહત્વપૂર્ણ

શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ) એક આંતર-ક્ષેત્રીય આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જેની સ્થાપના 2001માં થઈ હતી. છ દેશોએ મળીને તેની રચના કરી હતી. ત્યારે ચીન અને રશિયા ઉપરાંત મધ્ય એશિયાનાં ચાર દેશ કઝાકસ્તાન, કિર્ગિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજિકિસ્તાન તેનાં સભ્ય હતા. તેનો મુખ્ય હેતુ પ્રાદેશિક સલામતી સુનિશ્ચિત કરવાનો, સરહદી મુદ્દાઓનો ઉકેલ લાવવાનો, આતંકવાદ અને ધાર્મિક કટ્ટરતાનો ઉકેલ લાવવાનો અને પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. 2017માં પ્રથમ વાર સંગઠનનું વિસ્તરણ કરીને ભારત અને પાકિસ્તાનને સામેલ કરવામાં આવ્યા. ભારત માટે આ મધ્ય એશિયા સાથે જોડાવાનો મહત્વપૂર્ણ મંચ છે. તો સાથે સાથે તે વિશ્વનું સૌથી મોટું પ્રાદેશિક સંગઠન પણ છે. ભારત આવતા વર્ષે શિખર સંમેલનનું યજમાનપદ કરવા જઈ રહ્યું છે. ●



## વડાપ્રધાન મોદીએ ‘મિલેટ્સ ફેસ્ટિવલ’ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં અન્ન સમસ્યાને દૂર કરવા માટે જરૂરી સૂચનો કર્યા. તેમણે જણાવ્યું કે, “વિશ્વ આજે બીજા એક મોટા પડકારનો સામનો કરી રહ્યું છે - અને તે છે આપણા નાગરિકોની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી. આ સમસ્યાનો એક સંભવિત ઉકેલ એ છે કે જુવાર-બાજરી (મિલેટ્સ)ની ખેતી અને વપરાશને પ્રોત્સાહન આપવું. બાજરી એ એક સુપરફૂડ છે જે હજારો વર્ષોથી ઉગાડવામાં આવે છે, માત્ર SCO દેશોમાં જ નહીં, પરંતુ વિશ્વના ઘણા ભાગોમાં, અને તે ખાદ્ય કટોકટી માટે પરંપરાગત, પૌષ્ટિક અને ઓછી કિંમતનો વિકલ્પ છે. વર્ષ 2023 ‘યુએન ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ’ તરીકે ઉજવવામાં આવશે. આપણે SCO હેઠળ 'મિલેટ ફૂડ ફેસ્ટિવલ'નું આયોજન કરવાનું વિચારવું જોઈએ.



# દેશની જીવનશૈલીનો ભાગ બની રહી છે સ્વચ્છતા

**2 ઓક્ટોબર, 2014નાં રોજ શરૂ થયેલા સ્વચ્છ ભારત અભિયાને વિશ્વભરમાં ચર્ચિત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 'ના ગંદકી કરીશું, ના કરવા દઈશું'નાં મંત્રને દેશનાં વિકાસ અને સ્વચ્છતાનાં વ્યવહારમાં એવું પરિવર્તન કર્યું કે હવે બાળકો ટોફીનાં રેપરને ગમે ત્યાં નથી ફેંકતા પણ ખિસ્સામાં રાખે છે. શૌચાલયોનું નિર્માણ હોય કે કચરાનો નિકાલ, ઐતિહાસિક વારસાની જાળવણી હોય કે પછી સફાઈની હરિફાઇ, દેશ આજે સ્વચ્છતાનાં ક્ષેત્રમાં નવી ગાથાઓ લખી રહ્યો છે. 2 ઓક્ટોબરનાં રોજ આ મહાઅભિયાનને 8 વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે આવો જાણીએ સ્વચ્છતા કઈ રીતે દેશનું રાષ્ટ્રીય ચરિત્ર બની રહી છે...**

સ્વચ્છ ભારત અભિયાને દરેક દેશવાસીનાં આત્મવિશ્વાસ અને આત્મબળને નવી ઊર્જા આપી છે, તેને પ્રોત્સાહન આપ્યું છે. સ્વચ્છ ભારત અભિયાનથી આપણી સામાજિક ચેતના, સમાજનાં રૂપમાં આપણા વર્તન વ્યવહારમાં પણ કાયમી પરિવર્તન આવ્યું છે. વારંવાર હાથ ધોવાના હોય, ગમે ત્યાં થૂંકવામાંથી બચવાનું હોય, કે કચરાને યોગ્ય જગ્યાએ ફેંકવાનો હોય. આપણે આ સ્વીકારી લીધું છે. વ્યવહાર પરિવર્તનની આવી અનેક બાબતો અત્યંત ઝડપથી સામાન્ય ભારતીય સુધી પહોંચી છે.

પહેલાં વૈશ્વિક સ્તરે ભારતની ગંદકીની તસવીરો રજૂ થતી હતી અને આપણને તેની વચ્ચે રહેવાની આદત પડી ગઈ હતી. હવે તેનાં પ્રત્યે ગુસ્સો કે નફરત પેદા થઈ ગઈ છે. હવે ઘરમાં કે રોડ પર ગંદકી ફેલાવનારને કોઈને કોઈ ટોકનાર હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વ્યવહાર પરિવર્તનમાં સૌથી મોટી ભાગીદારી બાળ મિત્રો એટલે કે બાળકો અને યુવાનોને માને છે. દેશનાં

> સ્વચ્છતા મિશન એક યાત્રા છે, જે સતત ચાલશે. ખુલ્લામાં શૌચથી મુક્ત થયા બાદ હવે જવાબદારી વધી ગઈ છે. દેશ 'ઓડીએફ પ્લસ'નાં લક્ષ્ય પર કામ કરી રહ્યો છે. આપણે હવે કચરાના નિકાલમાં સુધારો કરવો પડશે. શહેર હોય કે ગામ હોય, કચરામાંથી કંચન બનાવવાનાં કામમાં ઝડપ લાવવી પડશે. સ્વચ્છતા જીવનશૈલી અને જીવનમંત્ર છે. જેમ સવાર થતાં જ દાંત ઘસવાની આદત હોય છે, એ જ રીતે આપણે સાફ સફાઇને આપણી જીવનશૈલીનો હિસ્સો બનાવવો પડશે.
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



# સ્વચ્છ ભારત મિશનથી આવ્યાં આ પરિવર્તન

- ભારતીય ઈતિહાસમાં પ્રથમ વાર કોઇ વડાપ્રધાન સ્વચ્છતા જેવા મુદ્દાને ભારતીય સમાજજીવનનાં કેન્દ્રમાં લાવ્યા. સ્વચ્છતાને માનવીય અંગતતા અને ગરિમા સાથે જોડી.
- વડાપ્રધાનનાં વ્યવહાર પરિવર્તનનાં મિશનની અસર પણ જોવા મળી. પહેલાં શહેરોમાં રસ્તા પર અને ગલીઓમાં કચરો ફેંકાતો હતો પણ હવે ઘરોમાંથી કચરાને એકત્ર કરવા પર જ નહીં પણ ભીના-સુકા કચરાને અલગ કરવા પર પણ ભાર મૂકવામાં આવે છે.
- હવે આપણે ઘણાં ઘરોમાં જોઇએ છીએ કે લોકો ભીના અને સૂકા કચરા માટે અલગ અલગ ડસ્ટબિન રાખે છે.
- ઘર જ નહીં, ઘરની બહાર પણ ક્યાંક ગંદકી દેખાય તો લોકો સ્વચ્છતા એપ પર તેને રિપોર્ટ કરે છે, બીજા લોકોને જાગૃત પણ કરે છે.
- સ્વચ્છતા અભિયાનને મજબૂતી આપવાનું બીડું નવી પેઢીએ ઉપાડ્યું છે. ટોફીનાં રેપર હવે રસ્તા પર નથી ફેંકવામાં આવતા પણ ખિસ્સામાં રાખવામાં આવે છે.
- નાના બાળકો પણ હવે મોટાંઓને ટોકે છે. તેઓ દાદા-દાદી, નાના-નાનીને બતાવે છે કે ગંદકી ન કરો.
- નાગરિક તરીકે પોતાની ફરજ માનીને લોકો સ્વચ્છતામાં પોતપોતાની રીતે લાગી ગયા છે. પહેલાં એવું નહોતું. કહો કે, સ્વચ્છતા અંગે આ પ્રકારની જાગૃતિ નહોતી.
- શહેરોમાં યુવાનો અલગ અલગ રીતે સ્વચ્છતા અભિયાનમાં મદદ કરી રહ્યા છે. કોઇ 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવે છે, તો કોઇ જાગૃતિ વધારવામાં વ્યસ્ત છે.
- રેલવેના કોચમાં અને પ્લેટફોર્મ પર પહેલાં કેવી સફાઇ રહેતી હતી એ બધાં સારી રીતે જાણે છે. કેટલાંક પ્રયત્નો સરકારે કર્યા, તો લોકોએ થોડો સહયોગ કર્યો અને હવે રેલવેની તસવીર બદલાઈ ગઈ છે.






**2014**

**માં માત્ર 29 ટકા કચરાનો નિકાલ વ્યવસ્થિત રીતે થતો હતો, હવે તે વધીને 80 ટકા થઇ ગયો છે.**


- **સ્વચ્છતા રેન્કિંગમાં પોતાનાં શહેરને આગળ વધારવાની જાગૃતિ વધી છે. આજે બધાં જાણે છે કે ઈન્દોર સ્વચ્છતા રેન્કિંગમાં નંબર વન છે. ઈન્દોરનાં લોકોની આ સહિયારી સફળતા છે. હવે આવી સફળતા અને જાહેર સ્વચ્છતા માટે લોકો જોડાઈ રહ્યા છે.**

- દેશમાં આશરે 56 કરોડ લોકો ખુલ્લામાં શૌચ માટે મજબૂર હતા. 11 કરોડથી વધુ નવા શૌચાલય બન્યા અને દેશ ખુલ્લામાં શૌચથી મુક્ત થઇને ઓડીએફ પ્લસ તરફ વધી રહ્યો છે.
- શાળાઓમાં શૌચાલયોનું નિર્માણ થવાથી બાળકીઓ કોઇ પણ ચિંતા વગર શાળાએ જાય છે. શાળામાં હાજરી વધી છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં સફાઇ કર્મચારીઓનાં પગ ધોયા, એ પછી સામાન્ય માણસોનાં વ્યવહારમાં સફાઇ કર્મચારીઓ પ્રત્યે પરિવર્તન જોવા મળ્યું.
- પહેલાં શૌચાલય શોધવું મુશ્કેલ હતું. હવે 3100 શહેરોનાં શૌચાલય 'ગુગલ મેપ' પર 'એસબીએમ ટોઇલેટ' સર્ચ કરીને નજીકનાં જાહેર શૌચાલય સુધી જઈ શકાય છે.

દરેક બાળકમાં પર્સનલ અને સોશિયલ હાઇજિન અંગે જે જાગૃતિ પેદા થઈ છે તેનો લાભ કોરોના સામેની લડાઈમાં પણ જોવા મળ્યો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું, "તમે જરા કલ્પના કરો. કોરોના જેવી મહામારી 2014 પહેલાં આવત તો શું સ્થિતિ થાત. શૌચાલયનાં અભાવે શું આપણે સંક્રમણની ઝડપ ઓછી કરવાની સ્થિતિમાં હોત? શું ત્યારે લોકડાઉન જેવી વ્યવસ્થા શક્ય બની શકી હોત.?" જ્યારે ભારતની 60 ટકા વસતિ ખુલ્લામાં શૌચ માટે મજબૂર હતી. સ્વચ્છતાનાં આગ્રહે કોરોના સામેની લડાઈમાં આપણને બહુ મોટો આશરો અને માધ્યમ આપ્યાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક પ્રસંગોએ કહી ચૂક્યા છે કે, ખુલ્લામાં શૌચથી મુક્તિનો લક્ષ્ય હાંસલ થયો છે, તે માત્ર એક પડાવ છે. સ્વચ્છ ભારત માટે આપણી યાત્રા સતત ચાલુ છે. જે વ્યવહાર પરિવર્તન દેશનાં એક મોટાં વર્ગમાં





# સ્વચ્છતા માટે સેવા ભાવ જોવા મળી રહ્યો છે



**મહારાષ્ટ્રના નાસિકના ચંદ્રકિશોર પાટીલ ગોદાવરી નદી પાસે ઊભા રહીને લોકોને નદીમાં કચરો ન ફેંકવા માટે પ્રેરણા આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં તેમનો ઉલ્લેખ કર્યો હતો.**

- પુરી, ઓડિશાના રાહુલ મહારાણા દર રવિવારે સવારે યાત્રાધામો પાસે જાય છે અને પ્લાસ્ટિકનાં કચરાને સાફ કરે છે.
- મધ્યપ્રદેશની સરકારી શાળાઓમાં આશરે 13,000 હાથ ધોવાનાં સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યા છે.
- ઉત્તરાખંડના ઉધમસિંહ નગરમાં સામુદાયિક નેતા અને સ્વ સહાય જૂથની સભ્ય રિછાવતીએ સામુદાયિક બાયો ગેસ પ્લાન્ટ શરૂ કરવા માટે પોતાની જમીન દાનમાં આપી દીધી.

## સ્વચ્છતા બની નવી ઓળખ

- દેશનાં તમામ ગામ અને શહેરો ખુલ્લામાં શૌચથી મુક્ત બન્યા. 11.5 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય બન્યા.
- 58,000થી વધુ ગામ અને 3,300થી વધુ શહેર ઓડીએફ પ્લસ.
- ગામ અને શહરોમાં 8.2 લાખથી વધુ સામુદાયિક સ્વચ્છતા પરિસરોનાં નિર્માણથી દરેક જગ્યાએ શૌચાલયની ઉપલબ્ધતા સુનિશ્ચિત.
- શહેરી ક્ષેત્રોમાં કચરાનાં નિકાલમાં ચાર ગણો વધારો. 2013-14માં દૈનિક 26,000 ટનથી વધીને 2021-22માં દૈનિક એક લાખ ટન કચરાનો નિકાલ. 2.5 લાખથી વધુ કચરો સંગ્રહ કરતી ગાડીઓ દ્વારા 88,000થી વધુ શહેરી વોર્ડમાં ઘેર ઘેર કચરાનું એકત્રીકરણ.
- ગોબરધન યોજનામાં 485 બાયોગેસ પ્લાન્ટ બનાવીને તૈયાર કે શરૂ. છાણનાં વ્યવસ્થિત નિકાલ અને ઉપયોગ, કથીરમાંથી કંચનનું શ્રેષ્ઠ ઉદાહરણ.
- સુઝલામ અભિયાન અંતર્ગત ગ્રે વોટર મેનેજમેન્ટ માટે 10 લાખ કમ્યુનિટી અને સ્થાનિક સોકપીટનું નિર્માણ, 1.4 લાખ ગામોમાં સારી જળ વ્યવસ્થા.
- સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ કાયદો ઘડાયો, તેનાં નિકાલ અને રીસાઇકલિંગ માટે દેશવ્યાપી જન-અભિયાન.
- ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને સ્વચ્છતા પર વિશેષ ભાર. 39 ધરોહરોની સ્વચ્છતા અને મેઇન્ટેનન્સ માપદંડોમાં સુધારો.

આવ્યું છે તે પરિવર્તનને કાયમી બનાવવાનું છે. આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે શૌચાલયોનો પૂરતો ઉપયોગ થાય. જે લોકો હજુ પણ શૌચાલયોની સુવિધાથી વંચિત રહી ગયા છે તેમને જોડવાના છે.

**આપણે ત્યાં શાસ્ત્રોમાં કહેવાયું છેઃ**

**आस्ते भग आसीनः यः ऊर्ध्वः तिष्ठति तिष्ठतः।**
**शेते निपद्य मानस्य चराति चरतो भगः चरैवेति ॥**

એટલે કે કર્તવ્ય પથ પર ચાલતા તમે બેસી જશો તો તમારી સફળતા પણ રોકાઈ જશે. જો તમે સૂઈ જશો તો સફળતા પણ સૂઈ જશે. જો તમે ઊભા થશો તો સફળતા પણ બેઠી થઈ જશે. જો તમે આગળ વધશો તો સફળતા પણ એ જ રીતે આગળ વધશે. અને એટલાં માટે, આપણે સતત આગળ વધવાનું છે. चरैवेति चरैवेति। चरैवेति चरैवेति નાં મંત્રને લઇને તમે નીકળી પડો. આપણે એવું ભારત બનાવવાનું છે જે સ્વચ્છ, સમૃદ્ધ હોય અને વિશ્વને sustainable life માટે દિશા આપે. ●



# કોવિડ સામે ભારતની લડાઇ વધુ મજબૂત થઈ

**કેન્દ્ર સરકાર દેશનાં દરેક નાગરિકને કોવિડથી સલામતી કવચ પૂરું પાડવા માટે પ્રતિબધ્ધ છે. આ પ્રતિબદ્ધતા અંતર્ગત ભારતમાં 19 સપ્ટેમ્બર સુધી 216 કરોડથી વધુ ડોઝ લગાવી દેવામાં આવ્યા છે. ભારત આજે કોવિડ-19 સામેની લડાઈમાં મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. અમૃત મહોત્સવ અંતર્ગત 75 દિવસ સુધી નિઃશુલ્ક પ્રિકોશન ડોઝે આ અભિયાનને ગતિ આપી છે...**

મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાનાં રહેવાસી યોગેશ રામદાસ પાટીલે કોવિડનાં બંને ડોઝ લગાવી દીધા છે. એ પછી તેમણે પ્રિકોશન ડોઝ પણ લગાવી દીધો છે. તેઓ કહે છે, "પ્રિકોશન ડોઝ લેવામાં મને કોઇ પણ પ્રકારની મુશ્કેલી નહોતી પડી. હું માનું છું કે લોકોએ પણ પ્રિકોશન ડોઝ લેવો જોઇએ, જેનાથી તેમનો બચાવ શક્ય બની શકે." અમૃત મહોત્સવ અંતર્ગત 15 જુલાઈથી 30 સપ્ટેમ્બર દરમિયાન 75 દિવસ સુધી લાભાર્થીઓના કોવિડનાં પ્રિકોશન ડોઝ નિઃશુલ્ક લગાવવામાં આવ્યા. લાતુરમાં રહેતી સુલભા હરિરામ કુલકર્ણી શિક્ષિકા છે અને તેમણે પણ પ્રિકોશન ડોઝ લગાવ્યો છે. તેમણે જણાવ્યું, "સરકારે બધાંને મફતમાં પ્રિકોશન ડોઝ આપવાનું શરૂ કર્યું છે. ત્યારે સાવચેતી રાખીને બધાંએ આ ડોઝ લગાવવો જોઇએ."

**આપણે કોરોના વિરુધ્ધ સાવચેતી રાખવાની છે. જો કે, સંતોષની વાત એ છે કે આજે દેશ પાસે વેક્સિનનું વ્યાપક સુરક્ષા કવચ મોજૂદ છે. દેશમાં ઝડપથી પ્રિકોશન ડોઝ લગાવવામાં આવી રહ્યા છે. જો તમારાં બીજા ડોઝ બાદ પ્રિકોશન ડોઝ લગાવવાનો સમય આવી ગયો હોય તો ત્રીજો ડોઝ ચોક્કસ લેશો. પરિવારનાં લોકો, ખાસ કરીને વડીલોને પ્રિકોશન ડોઝ લેવડાવો. આપણે હાથની સફાઇ અને માસ્ક જેવી જરૂરી સાવધાની પણ રાખવાની છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# 216 કરોડથી વધુ ડોઝ લગાવાયા



રાષ્ટ્રવ્યાપી કોવિડ રસીકરણ અંતર્ગત 19 સપ્ટેમ્બર, 2022 સુધી 216.70 કરોડથી વધુ ડોઝ લગાવી દેવામાં આવ્યા છે. 16 માર્ચ, 2022થી 12-14 વયજૂથનાં કિશોરો માટે રસીકરણ શરૂ થયું હતું. આ અંતર્ગત 19 સપ્ટેમ્બર, 2022 સુધી 4.08 કરોડથી વધુ પ્રથમ ડોઝ અને 3.12 કરોડથી વધુ બંને ડોઝ અપાયા છે. 15-18 વયજૂથનાં 6.18 કરોડને પ્રથમ અને 5.28 કરોડને બીજો ડોઝ લગાવવામાં આવ્યો છે. તો, ભારતમાં કોવિડનાં સક્રિય કેસોની સંખ્યા 48,027 છે અને છેલ્લાં 24 કલાકમાં 4,858 નવાં કેસો નોંધાયા હતા. સાજા થવાનો વર્તમાન દર 98.71 ટકા અને સાપ્તાહિક સક્રિય કેસોનો દર 1.78 ટકા છે.



**લડાખનાં અંતરિયાળ ગામમાં કોવિડ-19 રસીકરણ કરતા આરોગ્યકર્મી.**

કોવિડ હજુ પણ ચાલુ છે. 18 વર્ષથી વધુ ઉંમરનાં નાગરિકો માટે સરકારી રસીકરણ કેન્દ્રો પર આ રસી નિઃશુલ્ક ઉપલબ્ધ છે. 'સબકા પ્રયાસ'ની વધુ એક ઉપલબ્ધિ હાંસલ કરતા દેશમાં 19 સપ્ટેમ્બર સુધી 19,59,51,622થી વધુ પ્રિકોશન ડોઝ લગાવવામાં આવ્યા છે. કોવિશીલ્ડ, કોવેક્સિન રસી ઉપરાંત કોવિડ સામેની સલામતી માટે હવે કોર્બેવેક્સનાં પ્રિકોશન ડોઝ બીજા ડોઝનાં 6 મહિના એટલે કે 26 સપ્તાહ બાદ લગાવી શકાય છે. એક જવાબદાર નાગરિક તરીકે લોકોએ પ્રિકોશન ડોઝ લગાવીને પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. સારું આરોગ્ય, સારાં ભવિષ્યનો માર્ગ બનાવે છે. આ અભિગમ સાથે વીતેલાં વર્ષોમાં ભારતે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સાથે જનજાગૃતિ પર, બિમારીઓથી બચાવ પર, બિમારીઓને ગંભીર થતી રોકવા પર વિશેષ ભાર મૂક્યો છે.

### વિશ્વ બેન્કે ભારતની કામગીરીની પ્રશંસા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતે પોતાનાં નીતિગત નિર્ણયોને આધારે જે રીતે કોવિડનું મેનેજમેન્ટ કર્યું તેની પ્રશંસા વિશ્વ બેન્કે પણ કરી છે. દૂરદર્શી નેતૃત્વથી ભારત આજે અન્ય દેશોની સરખામણીમાં કોવિડ સામેની લડાઈમાં મજબૂત સ્થિતિમાં છે. અહેવાલ પ્રમાણે પ્રારંભિક સમયમાં ભારત સમક્ષ આ મહામારીનો સામનો કરવા પૂરતી તૈયારી નહોતી કે ક્ષમતા પણ નહોતી. પણ અત્યંત ઓછાં સમયમાં જે રીતે ભારતે આ પડકારોનો સામનો કર્યો તે પ્રશંસનીય છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતે બહુ જલ્દી જરૂરી ચીજવસ્તુઓની નિકાસ પર પ્રતિબંધ મૂકીને સારું કર્યું. સાથે, સરકારી ખરીદી માટે કેન્દ્રીય વ્યવસ્થા બનાવવામાં આવી અને માસ્ક સહિતની જરૂરી ચીજોનાં ઉત્પાદનની ટેકનોલોજી બતાવવામાં આવી. આને કારણે દેશમાં આ ચીજોનું મોટા પાયે ઉત્પાદન થવા માંડ્યું. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ચીજોને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવાનું મેનેજમેન્ટ પણ ભારતમાં સારી રીતે કરવામાં આવ્યું.

### 5થી 18 વર્ષનાં બાળકો માટે નેઝલ વેક્સિન આવશે

5થી 18 વર્ષનાં બાળકો માટે ટૂંક સમયમાં નાક વાટે આપવામાં આવતી કોવિડ રસી ઉપલબ્ધ રહેશે. મીડિયાનાં અહેવાલો પ્રમાણે, ભારત બાયોટેકે ત્રીજા તબક્કાનાં ટ્રાયલ માટે ડ્રગ કન્ટ્રોલર ડીસીજીઆઇ પાસે મંજૂરી માંગી છે. 6 સપ્ટેમ્બર, 2022નાં રોજ 18 વર્ષથી વધુ વયના લોકો માટે મર્યાદિત ઇમરજન્સી યુઝ માટે નેઝલ વેક્સિનને મંજૂરી મળી હતી. આનાંથી કોવિડ વિરુધ્ધ લડાઇને મોટું પ્રોત્સાહન મળ્યું છે. ●

# સ્વરાજ માટે જનમાનસમાં ક્રાંતિ સર્જનારા સ્વતંત્રતા સેનાની



**ભારત મહાપુરુષો, વીરો અને શહીદોનો દેશ છે. અત્યાચાર વિરુધ્ધ લડવું અને આઝાદી માટે પોતાનાં પ્રાણોનું બલિદાન આપવું એ આપણી રીત રહી છે. જ્યારે દેશની સ્વતંત્રતા માટે આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે અનેક નવયુવકોએ સ્વરાજનું સપનું જોતાં ફાંસીના ગાળિયાને ગળે લગાવી દીધો હતો. ભારતમાં સ્વરાજ શબ્દનો અર્થ સ્વશાસન પૂરતો મર્યાદિત નહોતો, પણ સ્વરાજ શબ્દ સંપૂર્ણ ભારતને સ્વતંત્ર કરાવવા અને પોતાની રીતે ચલાવવા સાથે સંકળાયેલો હતો. અનેક મુશ્કેલીઓ વેઠીને દેશમાં આઝાદીનો સૂર્યોદય કરાવનાર સ્વતંત્રતા સેનાનીઓ અને દેશનાં રક્ષણ માટે સર્વસ્વ અર્પણ કરતા દેશનાં અનેક મહાપુરુષોએ પોતાની યુવાની જેલમાં વીતાવી દીધી હતી. દેશભરમાં ચાલી રહેલો આઝાદીનો અમૃત મહોત્સવ સામૂહિક મહોત્સવ બની ગયો છે. આજે દરેક બાળક હાથમાં તિરંગો લઈને ફરે છે, જે તેનાં મનમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જન્માવે છે. આઝાદીના અમૃત મહોત્સવનાં માધ્યમથી આપણે એ મહાન હસ્તિઓને યાદ કરીએ છીએ, જેમણે દેશની આઝાદીમાં મહત્વનું પ્રદાન કર્યું હતું....**

## શેખ ભિખારી...ગોળીઓ ખતમ થઈ ગઇ તો પથ્થરોથી લડ્યા

જન્મઃ 2 ઓક્ટોબર, 1819 મૃત્યુઃ 8 જાન્યુઆરી, 1858

1857ની ક્રાંતિએ સમગ્ર દેશમાં આઝાદીની આગને ભડકાવી દીધી હતી. આઝાદીની આ લડાઈમાં છોટાનાગપુરના પઠાર પણ જોડાઇ ગયા. આ ક્રાંતિમાં શેખ ભિખારીએ પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. શેખ ભિખારીનો જન્મ 2 ઓક્ટોબર, 1819નાં રોજ રાંચીના ઓરમાંઝી ડિવિઝનની કુટે પંચાયત સ્થિત ખુદિયા લોટા ગામમાં થયો હતો. બાળપણથી જ તે ચતુર




અને શિકારના શોખીન હતા. 20 વર્ષની ઉંમરમાં બડકાગઢ જગન્નાથપુરના રાજા વિશ્વનાથ શાહદેવને ત્યાં નોકરી કરવા માંડ્યા. તેમની પ્રતિભા અને શૌર્યને જોઇને તેમને દિવાનનાં હોદ્દા પર નિયુક્ત કરીને બડકાગઢની ફોજનો કાર્યભાર સોંપવામાં આવ્યો. 1956માં જ્યારે અંગ્રેજોએ ભારતીય રાજા, મહારાજાઓ અને નવાબોનાં રજવાડાં પચાવી પાડવાની નીતિ અપનાવી ત્યારે રાજા વિશ્વનાથ શાહદેવને તેની જાણ થઈ ગઈ. તેમણે

## અંગ્રેજોએ શેખ ભિખારીની 6 જાન્યુઆરી, 1858નાં રોજ ધરપકડ કરી હતી. 7 જાન્યુઆરીનાં રોજ તેમને ફાંસીની સજા ફરમાવાઇ. 8 જાન્યુઆરી, 1858નાં રોજ તેમને ફાંસી આપવામાં આવી.

શેખ ભિખારી સહિતનાં લોકો સાથે મંત્રણા કરી, જેમાં અંગ્રેજો વિરુદ્ધ મોરચો માંડવાની વાત નક્કી થઈ. એ પછી જગદીશપુરના રાજા બાબુ કુવંરસિંહ સાથે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો. આ દરમિયાન, શેખ ભિખારીએ બડકાગઢની ફોજ માટે રાંચી અને ચાઇબાસાના યુવાનોની ભર્તી શરૂ કરી દીધી. અંગ્રેજોએ અચાનક 1857માં ચડાઈ કરી ત્યારે શેખ ભિખારી ચુટ્ટુપાલુ ખીણ આવી ગયા. અંગ્રેજોની ફોજે ચુટ્ટુપાલુના પર્વતીય રસ્તા પર થઈને રાંચીના પલટુવાર પર ચડાઈનો પ્રયત્ન કર્યો ત્યારે શેખ ભિખારીએ તેમનો રસ્તો રોકી લીધો. તેમણે ચુટ્ટુપાલુન ખીણ પાર કરનારા પુલને તોડી નાખ્યો અને રસ્તા પર ઝાડ નાખીને રસ્તો રોકી દીધો. શેખ ભિખારીની ફોજે ગોળીબાર કરીને અંગ્રેજોને મુશ્કેલીમાં મૂકી દીધા. આ લડાઈ અનેક દિવસો સુધી ચાલી. જ્યારે શેખ ભિખારી પાસે ગોળીઓ ખતમ થવા માંડી ત્યારે પોતાની ફોજને ઉપરથી મોટાં મોટાં પથ્થર ગબડાવવાનો આદેશ આપ્યો, જેનાંથી અંગ્રેજ સૈનિકો કચડાઈને મૃત્યુ પામ્યા. આ જોઇને અંગ્રેજ અધિકારીઓએ ચુટ્ટુપાલ ખીણ પર ચડવા માટે બીજો રસ્તો શોધ્યો. પછી તેઓ એ ગુપ્ત માર્ગે થઈને ચુટ્ટુપાલ ખીણ પર ચડી ગયા. શેખ ભિખારીને તેની ખબર નહોતી. અંગ્રેજોએ શેખ ભિખારીને 6 જાન્યુઆરી, 1858નાં રોજ ઘેરીને પકડી લીધા. 7 જાન્યુઆરીનાં રોજ તેમને ફાંસીને સજા સંભળાવવામાં આવી. 8 જાન્યુઆરી, 1858નાં રોજ તેમને ફાંસીની સજા આપવામાં આવી. 15 નવેમ્બર, 2021નાં રોજ ઝારખંડમાં ભગવાન બિરસા મુંડા સ્મૃતિ ઉદ્યાન-સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયનાં ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શેખ ભિખારીને યાદ કર્યા હતા અને કહ્યું હતું, “એવાં કેટલાં જ સ્વતંત્રતા સેનાનીઓ હતા જેમણે પોતાનું સર્વસ્વ બલિદાન કરીને

આઝાદીની લડાઇને આગળ વધારી. આ મહાન આત્માઓનાં આ યોગદાનને ભૂલાવી નહીં શકાય. તેમની ગૌરવગાથાઓ, તેમનો ઇતિહાસ આપણાં ભારતને નવું ભારત બનાવવાની ઊર્જા આપશે.” આ વીર સ્વતંત્રતા સેનાનીઓનાં નામ પર હજારીબાગમાં શેખ ભિખારી મેડિકલ કોલેજની સ્થાપના પણ કરવામાં આવી છે.

**બાળમૃત્યુદરમાં તીવ્ર ઘટાડો**
**1951માં બાળમૃત્યુદર 146 હતો, જે 2020માં ઘટીને 28 થયો**




## 1951માં બાળ મૃત્યુદર 146 હતો, 2020માં ઘટીને 28 થઈ ગયો

બાળકો દેશનું ભવિષ્ય કહેવાય છે. બાળકો સ્વસ્થ અને તંદુરસ્ત રહેશે તો તેઓ રાષ્ટ્રનિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી શકશે. એટલાં માટે જ આઝાદીના લડવૈયાઓએ સ્વતંત્ર ભારત અંગે જે સપના જોયા હતા તેમાં દરેક બાળક જીવિત રહે, તેનું સારું પોષણ થાય અને પોતાની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરે તે સપનાનો પણ સમાવેશ થાય છે. ભારતે આ દિશામાં કામ કરતા બાળમૃત્યુદરને ઘટાડવા માટે ઝડપથી પગલાં લીધાં છે. તેનાં પરિણામે જ બાળમૃત્યુદરમાં ભારે ઘટાડો નોંધવામાં આવ્યો છે. 1951માં દર 1000 બાળકોએ બાળમૃત્યુદર 146 હતો, જે 2020માં ઘટીને 28 થઈ ગયો છે. બાળમૃત્યુદરમાં આ ઘટાડો સામુદાયિક દેખરેખ, વિશ્વવ્યાપી રસીકરણ અને સંપૂર્ણ આહાર પદ્ધતિ દ્વારા શક્ય બની શકી છે. સાથે સાથે, 2016માં શરૂ થયેલા મા (Mothers Absolute Affection- MAA) કાર્યક્રમનો લાભ થયો છે, જેનો હેતુ પ્રારંભનાં છ મહિનામાં શિશુ સ્તનપાનને પ્રોત્સાહન આપવાનો છે. ભારત 2014માં નવજાત કાર્ય યોજના (INP) શરૂ કરનાર પ્રથમ દેશ બન્યો હતો, જે નવજાતોનાં અટકાવી શકાય તેવા મૃત્યુ અને જન્મ સમયે મૃત્યુ જેવી સમસ્યાઓને નાબૂદ કરવા અંગે ગ્લોબલ એવરી ન્યૂબોર્ન એક્શન પ્લાનને અનુરુપ છે.



# મિનઝુર ભક્તવત્સલમ.. મહાત્મા ગાંધી અને અહિંસાનાં સિધ્ધાંતોનાં કટ્ટર સમર્થક

જન્મઃ 9 ઓક્ટોબર, 1897. મૃત્યુઃ 1987

વકીલ, રાજનેતા અને સ્વતંત્રતા સેનાની મિનજુર ભક્તવત્સલમ દક્ષિણ ભારતના મહાન સ્વંતત્રતા સેનાની હતા. તેમનો જન્મ 9 ઓક્ટોબર, 1897નાં રોજ મદ્રાસ પ્રેસિડન્સીમાં થયો હતો. બાળપણથી જ તેજસ્વી વિદ્યાર્થી રહેલા ભક્તવત્સલમ ભારતમાં ચાલી રહેલા સ્વતંત્રતા આંદોલનથી દૂર ન રહી શક્યા અને બહુ નાની ઉંમરમાં જ ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં જોડાઇ ગયા. બાદમાં, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઇ ગયા અને 1992માં મદ્રાસ પ્રાંતીય કોંગ્રેસ કમિટીના સભ્ય બન્યા. આઝાદીના આંદોલનમાં ભાગ લેવાની સાથે સાથે તેમણે કાયદાનો અભ્યાસ પણ કર્યો અને મદ્રાસ હાઇકોર્ટમાં વકીલ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તેમણે એની બેસન્ટની હોમરૂલ લીગ અને રોલેટ એક્ટનાં વિરોધમાં ચલાવવામાં આવેલા આંદોલનમાં પણ ભાગ લીધો. એ સમયે તેઓ ચક્રવર્તી રાજગોપાલાચારીનાં સંપર્કમાં આવ્યા અને મહાત્મા ગાંધીથી પ્રભાવિત થયા.

તેમણે 1932ની સવિનય કાનૂન ભંગની ચળવળ, 1940નાં વ્યક્તિગત સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલનમાં જેલવાસ પણ ભોગવ્યો. મિનજુર ભક્તવત્સલમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને તેમના અહિંસાના સિધ્ધાંતના કટ્ટર સમર્થક હતા. મીઠાના કાયદાના ભંગનાં વિરોધમાં મહાત્મા ગાંધીનાં નેતૃત્વમાં યોજવામાં આવેલી દાંડી કૂચની જેમ તેમણે વેદારણ્યમ કૂચ યોજી અને તેનું નેતૃત્વ કર્યું. આ દરમિયાન તેઓ વેદારણ્યમમાં ઘાયલ પણ થયા. 1932માં સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલા સમારોહનાં આયોજન માટે અંગ્રેજોએ તેમની ધરપકડ કરી હતી અને છ મહિના જેલમાં રાખ્યા હતા. આ ઉપરાંત, ભારત છોડો આંદોલનમાં ભાગ લેવાને કારણે અંગ્રેજોએ તેમને જેલમાં પૂર્યા હતા. આઝાદીના આંદોલનમાં ભાગ લેવા દરમિયાન ભક્તવત્સલમે 'ઇન્ડિયા' નામનું દૈનિક અખબાર શરુ કર્યું, જેને તેમણે 1933 સુધી ચલાવ્યું હતું.

1936ની મદ્રાસ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં તેઓ ચૂંટાઇ આવ્યા અને ડેપ્યુટી મેયર તરીકે કામગીરી નિભાવી. 40 વર્ષની ઉંમરમાં તેઓ સફળતાપૂર્વક થિરુવલ્લૂર સીટ જીતીને મદ્રાસ વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. તેમણે ચક્રવર્તી રાજગોપાલાચારી સરકારમાં સ્થાનિક સ્વશાસન મંત્રીના સંસદીય સચિવ તરીકે કામ કર્યું. જો કે, બીજા વિશ્વયુધ્ધની જાહેરાત થતાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અન્ય હોદ્દેદારો સાથે રાજીનામું આપી દીધું. 1947માં તેઓ મદ્રાસ વિધાનસભામાં ફરી ચૂંટાયા અને ઓપી રામાસ્વામી રેડ્ડીયાર સરકારમાં મંત્રી તરીકે પણ કાર્ય કર્યું. ભારતની આઝાદી બાદ 1957માં ભક્તવત્સલ શ્રીપેરામ્બુદુર સીટ પરથી ચૂંટાયા. તેમણે 1963થી 1967 સુધી મદ્રાસ પ્રેસિડન્સી (હાલનું તામિલનાડુ)ના મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. 1967 બાદ ભક્તવત્સલમે રાજકારણમાંથી આંશિક રીતે નિવૃત્તિ લીધી. 1987માં 89 વર્ષની ઉંમરમાં તેમનું અવસાન થયું.

# પેરિનબેન કેપ્ટનઃ મહાત્મા ગાંધીનાં અનુયાયી, જેમણે આજીવન દેશ સેવા કરી

જન્મઃ 12 ઓક્ટોબર, 1888 મૃત્યુઃ 1958

સ્વતંત્રતા સેનાની અને સામાજિક કાર્યકર્તા પેરિનબેન કેપ્ટન પ્રસિધ્ધ સ્વતંત્રતા સેનાની દાદાભાઈ નવરોજીનાં પોત્રી હતા. એટલાં માટે પેરિનબેનને બાળપણથી જ ઘરમાં જ એવું વાતાવરણ મળ્યું જેનાં કારણે તેઓ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા. પેરિનબેન મહાત્મા ગાંધીનાં આદર્શોથી ખૂબ પ્રભાવિત હતા. તેમનો જન્મ 12 ઓક્ટોબર, 1888નાં રોજ કચ્છ જિલ્લાના માંડવીમાં થયો હતો. તેમણે બાળપણમાં



જ પિતાની છત્રછાયા ગુમાવી હતી. તેમનો પ્રારંભિક અભ્યાસ બોમ્બેમાં થયો પણ વધુ અભ્યાસ માટે પેરિસ જતા રહ્યા. અહીંથી જ તેમની સ્વતંત્રતા સેનાની બનવાની શરૂઆત થઇ. પેરિસમાં અભ્યાસ દરમિયાન તેઓ મેડમ ભીકાજી કામાના સંપર્કમાં આવ્યાં અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. વિદેશમાં તેઓ લાલા હરદયાલ, શ્યામજી કૃષ્ણવર્મા

# ભુલાભાઇ દેસાઇઃ જેમણે આઝાદ હિન્દ ફોજના ત્રણ સૈનિકો માટે વકીલાત કરી



જન્મઃ 13 ઓક્ટોબર, 1877 મૃત્યુઃ 6 મે, 1946

ભુલાભાઇ દેસાઇ પ્રખ્યાત કાયદાવિદ, અગ્રણી સંસદીય નેતા અને મહાત્મા ગાંધીના વફાદાર સહયોગી હતા. તેમને આઝાદ હિન્દ ફોજના ત્રણ સૈનિકો-શાહનવાઝ ખાન, પ્રેમકુમાર સહગલ અને ગુરબક્ષસિંહ ઢિલ્લોંના બચાવ માટે યાદ કરવામાં આવે છે, જેમનાં પર બીજા વિશ્વયુધ્ધ દરમિયાન રાજદ્રોહનો આરોપ લગાવવામાં આવ્યો હતો. રાજદ્રોહના કેસમાં ભુલાભાઇ જે રીતે સૈનિકોનાં સમર્થનમાં દલીલો અને વકીલાત કરી તેને કારણે તેમની ખ્યાતિ માત્ર ભારત જ નહીં વિદેશમાં ફેલાઇ ગઈ. ભુલાભાઇ દેસાઇનો જન્મ 13 ઓક્ટોબર, 1877નાં રોજ થયો હતો. તેમણે પોતાનું રાજકીય જીવન એની બેસન્ટની ઓલ ઇન્ડિયા હોમ રૂલ લીગ સાથે શરૂ કર્યું હતું. તેઓ શરૂઆતમાં ભારતીય મામલામાં બ્રિટિશ પ્રભાવના સમર્થક હતા, છતાં તેમણે સાઇમન કમિશનનો વિરોધ કર્યો હતો.

1928માં સરદાર વલ્લભભાઇ પટેલનાં નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહ બાદ બ્રિટિશ સરકારની પૂછપરછમાં તેમણે ગુજરાતનાં ખેડૂતોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સંઘર્ષમાં તેમને મહત્વની સફળતા મળી. દેસાઇ 1930માં ઔપચારિક રીતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈ ગયા. તેમણે સ્વદેશી સભા બનાવી અને 80 કાપડ મિલોને તેમાં જોડાવા માટે મનાવી લીધા. તેનો હેતુ ભારતીય કંપનીઓ દ્વારા વિદેશી સામાનનો બહિષ્કાર કરવાનો હતો. અંગ્રેજોએ સ્વદેશી સભાને ગેરકાયદેસર જાહેર કરી અને ભુલાભાઇની પ્રવૃત્તિઓને કારણે 1932માં તેમની ધરપકડ કરી. જ્યારે કોંગ્રેસ કારોબારીની પુનર્રચના થઈ ત્યારે સરદાર વલ્લભાઇ પટેલનાં કહેવાથી ભુલાભાઇને કારોબારીમાં સામેલ કરવામાં આવ્યા. નવેમ્બર, 1934માં ભુલાભાઇને ગુજરાતમાંથી કેન્દ્રીય વિધાનસભા માટે પસંદ કરવામાં આવ્યા. ભુલાભાઇએ બીજા વિશ્વયુધ્ધમાં ભારત અને ભારતીય સૈનિકોને એકતરફી નિર્ણય લઇને સામેલ કરવા સામે વિરોધ કર્યો અને 19 નવેમ્બર, 1940નાં રોજ ગૃહને સંબોધિત કરતા કહ્યું કે જ્યાં સુધી યુધ્ધ ભારતીય ન હોય ત્યાં સુધી ભારતનું સમર્થન કરવું અસંભવ છે. તેમણે મહાત્મા ગાંધીના સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લીધો અને યરવડા સેન્ટ્રલ જેલ મોકલી દેવાયા. સપ્ટેમ્બર, 1941માં નબળા આરોગ્યને કારણે દેસાઇને જેલમાંથી છોડી દેવામાં આવ્યા.

1945માં આઝાદ હિન્દ ફોજના ત્રણ સૈનિકો-શાહનવાઝ ખાન, પ્રેમકુમાર સહગલ અને ગુરબક્ષસિંહ ઢિલ્લોં પર રાજદ્રોહનો ખટલો ચલાવવામાં આવ્યો ત્યારે તેમનાં કાનૂની બચાવ માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે 17 વકીલોની સમિતિ બનાવી. ભુલાભાઇ ત્રણેય અધિકારીના બચાવમાં લાગેલી સમિતિનું નેતૃત્વ કરી રહ્યા હતા. નબળાં આરોગ્યની પરવા કર્યા વિના દેસાઇએ આઝાદ હિન્દ ફોજના અધિકારીઓના બચાવમાં જોરદાર તર્ક કર્યા, પણ બ્રિટિશ ન્યાયાધીશોએ ત્રણેયને દોષિત ઠેરવ્યા અને આજીવન કારાવાસની સજા સંભળાવી. બાદમાં, ભારત સરકારે તેમને છોડી દીધા. 1 જુલાઇ, 2017નાં રોજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભુલાભાઇ દેસાઇને એવા વકીલ તરીકે યાદ કર્યા જેમણે દેશભક્તિથી પ્રેરાઇને દેશની આઝાદી માટે પોતાની જિંદગીનું બલિદાન આપી દીધું.

જેવા ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. કહેવાય છે કે, વિનાયક દામોદર સાવરકરની લંડનમાં ધરપકડ કરવામાં આવી ત્યારે તેમને છોડાવવા માટે પેરિનબેને ખૂબ પ્રયત્ન કર્યા હતા. 1911માં તેઓ ભારત પાછા આવ્યા ત્યારે તેમને અહીં અંગ્રેજોનાં ભેદભાવનો ખરાબ અનુભવ થયો. એ પછી તેઓ મહાત્મા ગાંધીને મળ્યા અને તેમનાં આદર્શોથી ખૂબ પ્રભાવિત થયા. 1919માં તેમણે મહાત્મા ગાંધી સાથે કામ કરવાનું શરૂ કર્યું.

1920માં તેઓ સ્વદેશ આંદોલનમાં જોડાઈ ગયા અને ખાદી પહેરવાનું શરૂ કરી દીધું. 1921માં તેમણે રાષ્ટ્રીય મહિલા સભા સ્થાપવામાં મદદ કરી, જે ગાંધીવાદી આદર્શો પર આધારિત મહિલા સંગઠન હતું. વર્ષ 1925માં પેરિને ધુનજીશા એસ કેપ્ટન સાથે લગ્ન કર્યા, જે વ્યવસાયે વકીલ હતા. લગ્ન બાદ પણ તેઓ રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા.

આટલું જ નહીં, પેરિનબેને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની અનેક પરિષદોમાં કામ કર્યું અને 1930માં બોમ્બે પ્રાંતિય કોંગ્રેસ કમિટીની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યાં. તેમણે મહાત્મા ગાંધીના નેતૃત્વમાં ચલાવવામાં આવેલા સવિનય કાનૂન ભંગ ચળવળમાં પણ ભાગ લીધો અને જેલમાં ગયા. 1930માં ગાંધી સેવા સેનાનું પુનર્ગઠન કરવામાં આવ્યું ત્યારે તેમને માનદ મહાસચિવ બનાવવામાં આવ્યા. 1958માં મૃત્યુ સુધી તેઓ આ હોદ્દો પર રહ્યા. ●



**PMO India** @PMOIndia

आजादी के अमृत महोत्सव में, देश को आज एक नई प्रेरणा मिली है, नई ऊर्जा मिली है।

आज हम गुजरे हुए कल को छोड़कर, आने वाले कल की तस्वीर में नए रंग भर रहे हैं।

आज जो हर तरफ ये नई आभा दिख रही है, वो नए भारत के आत्मविश्वास की आभा है: PM @narendramodi



Rajnath Singh retweeted

**रक्षा मंत्री कार्यालय/ RMO India** @DefenceMinIndia

भारत के बड़े बाजार की चर्चा हर तरफ होती है। यहां जो मौका है वह कहीं और नही है। हमारा सिर्फ इतना ही आग्रह है कि हमारे लिए बनाना है तो इसी देश में बनाइए। सीधे शब्दों में कहा जाये कि 'भारत में जो बिकेगा वह यहीं बनेगा': रक्षा मंत्री श्री @rajnathsingh



**Amit Shah** @AmitShah

भारत जैसे विशाल देश के अर्थतंत्र के विकास के लिए mass production जितना जरूरी है उतना ही production by masses भी आवश्यक है। और यह सिर्फ सहकारिता के मॉडल से ही संभव हो सकता है।



**Nitin Gadkari** @nitin_gadkari

Historic Moment for New India's Growth Story!

Launch of #NationalLogisticsPolicy by PM Shri @narendramodi Ji will complete change India's Logistics sector, boost seamless movement of goods & reduce carbon footprints.



**NSitharamanOffice** @nsitharamanoffc

"The IMF's own forecasts show India overtaking the UK in $ terms on an annual basis this year, putting the Asian powerhouse behind just the US, China, Japan and Germany. A decade ago, India ranked 11th among the largest economies, while the UK was 5th."



**Bhupender Yadav** @byadavbjp

It was an eventful day that India had excitedly looked forward to.

I would like to thank PM Shri @narendramodi ji for ensuring India gets the Cheetah back into the wild.

Thanks are also due for those who worked on the ground to make this day possible.

#IndiaWelcomesCheetahs



राजपथ बना अब 'कर्तव्य पथ'...किंग्सवे हमेशा के लिए मिट गया

गुलामी की एक और 'पहचान' से भारत मुक्त

पीएम मोदी ने किया सेंट्रल विस्टा एवेन्यू का उद्घाटन। प्रधानमंत्री ने इंडिया गेट पर नेताजी सुभाष चंद्र बोस की 28 फीट ऊंची प्रतिमा का भी अनावरण किया



प्रधानमंत्री ने कहा, कर्तव्य पथ से नए इतिहास का सृजन



चौथी औद्योगिक क्रांति का नेतृत्व करने की ओर बढ़ रहा है भारत



अमरीका में मनाया गया भारत की आजादी का अमृत महोत्सव



70 बरस बाद चीता-रिटर्न्स

पीएम मोदी ने अपने जन्मदिन पर देश को दिया अफ्रीकी चीतों का तोहफा

छग में आखिरी बार 1952 में दिखे थे चीते, अब कूनो में बसेगी इनकी बस्ती



'कर्मवीर' का ऐसे मना जन्मदिन

आज 'स्वच्छ अमृत महोत्सव' की शुरुआत



हिंदी सभी भाषाओं की मित्र, जबरन फैलाई जा रहीं इस पर तरह-तरह की भ्रांतियां

अखिल भारतीय राजभाषा सम्मेलन में गृहमंत्री शाह ने दिया उद्बोधन, पीएम मोदी ने बढ़ावा देने वालों को बधाई दी

शाह ने सूरत में बायो-एथेनॉल संयंत्र की आधारशिला रखी

RNI No. :
DELGUJ/2020/78810
OCTOBER 1-15, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date 22 SEPTEMBER, 2022, Pages - 52)



# રાષ્ટ્ર ઋષિ નાનાજી દેશમુખની

## જન્મજયંતી પર કૃતજ્ઞ રાષ્ટ્રના નમન

જન્મ: 11 ઓક્ટોબર, 1916 મૃત્યુ: 27 ફેબ્રુઆરી, 2010

ભારત રત્ન નાનાજી દેશમુખ જીવનભર દેશ માટે જીવ્યા. તેમણે દેશની મૂળ સમસ્યાઓનાં ઉકેલ માટે ગ્રામીણ ભારતના વિકાસ માટે સમગ્ર જીવન અર્પિત કરી દીધું અને પોતાનાં ઉચ્ચ આદર્શોથી ભારતીય રાજનીતિને સુશોભિત કરી. સેવા, ત્યાગ અને પરિશ્રમની મૂર્તિ સમાન નાનાજી દેશમુખે ગ્રામોત્થાનનું આદર્શ મોડલ બનાવ્યું, જેનાં પાયા પર ગ્રામીણ ભારત સ્વાવલંબન તરફ અગ્રેસર થયું. સત્તા અને હોદ્દાનાં મોહથી દૂર નાનાજી દેશમુખે ગ્રામીણ વિકાસ અને આપણા ગામોને સ્વાવલંબી બનાવવા અને ગરીબીથી મુક્ત કરાવવાની દિશામાં પોતાની જાતને સમર્પિત કરી દીધી.

“

**મહાન સામાજિક કાર્યકર્તા અને રાષ્ટ્રસેવક નાનાજી દેશમુખને તેમની જન્મજયંતીએ કોટિ-કોટિ નમન. તેમણે ગામ અને ખેડૂતોનાં કલ્યાણ માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું. રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન દેશવાસીઓ માટે હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહેશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

**Editor in Chief**
**Satyendra Prakash**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General, on behalf of Central Bureau of Communication

**Published from**
**Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Infinity Advertising services Pvt. Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1, Faridabad-121003